ગણેશ પુરાણ



• શિવ પુરાણ • નારદ પુરાણ • સ્કંદ પુરાણ • મત્સ્ય પુરાણ • કલ્કિ પુરાણ • ભવિષ્ય પુરાણ
• વિષ્ણુ પુરાણ • પદ્મ પુરાણ • વાયુ પુરાણ • કૂર્મ પુરાણ • બ્રહ્મવૈવર્ત પુરાણ • માર્કંડેય પુરાણ
• બ્રહ્મ પુરાણ • લિંગ પુરાણ • શ્રીમદ ભાગવત્ પુરાણ • વરાહ પુરાણ • અગ્નિ પુરાણ • ગરુડ પુરાણ

VISIT…

LANZAROTE Caliente.COM

ગણેશ પુરાણ



- શિવ પુરાણ • નારદ પુરાણ • સ્કંદ પુરાણ • મત્સ્ય પુરાણ • કલ્કિ પુરાણ • ભવિષ્ય પુરાણ
- વિષ્ણુ પુરાણ • પદ્મ પુરાણ • વાયુ પુરાણ • કૂર્મ પુરાણ • બ્રહ્મવૈવર્ત પુરાણ • માર્કંડેય પુરાણ
- બ્રહ્મ પુરાણ • લિંગ પુરાણ • શ્રીમદ ભાગવત્ પુરાણ • વરાહ પુરાણ • અગ્નિ પુરાણ • ગરુડ પુરાણ

પુરાણ સાહિત્ય ભારતીય સાહિત્ય અને જીવનની અક્ષુણ્ણ નિધિ છે. એમાં માનવ જીવનના ઉત્કર્ષ અને અપકર્ષની અનેક ગાથાઓ મળે છે. અઢાર પુરાણોમાં અલગ-અલગ દેવી-દેવતાઓને કેન્દ્રમાં રાખીને પાપ અને પુણ્ય, ધર્મ અને અધર્મ, કર્મ અને અકર્મની ગાથાઓ કહેવામાં આવી છે. આ રૂપમાં પુરાણોનું પઠન અને આધુનિક જીવનની સીમામાં મૂલ્યોની સ્થાપના આજના મનુષ્યને એક નિશ્ચિત દિશા આપી શકે છે.

સતત દ્વન્દ્વ અને સતત દ્વન્દ્વથી મુક્તિનો પ્રયત્ન મનુષ્યની સંસ્કૃતિનો મૂળ આધાર છે. પુરાણ આપણને આધાર આપે છે. આ જ ઉદ્દેશ્યને લઈને વાચકોની રુચિ અનુસાર સરળ, સહજ ભાષામાં પ્રસ્તુત છે પુરાણ-સાહિત્યની શ્રૃંખલામાં ઉપ પુરાણ 'ગણેશ પુરાણ'.

પ્રસ્તાવના

ભારતીય જીવન-ધારામાં જે ગ્રંથોનું મહત્ત્વપૂર્ણ સ્થાન છે, એમાં પુરાણને ભક્તિ ગ્રંથોના રૂપમાં ખૂબ જ મહત્ત્વપૂર્ણ માનવામાં આવે છે. પુરાણ-સાહિત્ય ભારતીય જીવન અને સાહિત્યની અક્ષુણ્ણ નિધિ છે. એમાં માનવ જીવનના ઉત્કર્ષ અને અપકર્ષની અનેક ગાથાઓ મળે છે. ભારતીય ચિંતન-પરંપરામાં કર્મકાંડ યુગ, ઉપનિષદ્ યુગ અર્થાત્ જ્ઞાન યુગ અને પુરાણ યુગ અર્થાત્ ભક્તિ યુગનો સતત વિકાસ થતો નજરે પડે છે. કર્મકાંડથી જ્ઞાનની તરફ આવતા-આવતા ભારતીય માનસ ચિંતનના ઉર્ધ્વ શિખર પર પહોંચ્યો અને જ્ઞાનાત્મક ચિંતન પછી ભક્તિની અવરિત ધારા પ્રવાહિત થઈ.

વિકાસની આ પ્રક્રિયામાં બહુદેવવાદ અને નિર્ગુણ બ્રહ્મની, સ્વરૂપાત્મક વ્યાખ્યાથી ધીમે-ધીમે ભારતીય માનસ અવતારવાદ કે સગુણ ભક્તિની તરફ પ્રેરિત થયો. પુરાણ સાહિત્ય સામાન્ય રીતે સગુણ ભક્તિનું પ્રતિપાદન કરે છે. અહીયા આવીને આપણને એ પણ જાણ થાય છે કે સૃષ્ટિના રહસ્યોના વિષયમાં ભારતીય મનીષિઓ (મહાપુરૂષો)એ કેટલું ચિંતન અને મન કર્યા છે. પુરાણ સાહિત્યને ફક્ત ધાર્મિક અને જૂની કથા કહીને છોડી દેવી એ આખી ચિંતન-ધારાથી પોતાને અપરિચિત રાખવા પડશે, જેને જાણ્યા વગર આપણે વાસ્તવિક રૂપમાં પોતાની પરંપરાને નથી જાણી શકતા.

પરંપરાનું જ્ઞાન કોઈ પણ સ્તર પર ખૂબ જ જરૂરી હોય છે, કેમ કે પરંપરાથી પોતાને સંબંદ્ધ કરવા અને ત્યારે આધુનિક થઈને એનાથી મુક્ત થવું બૌદ્ધિક વિકાસની એક પ્રક્રિયા છે. આપણાં પુરાણ-સાહિત્યમાં સૃષ્ટિની ઉત્પત્તિ, વિકાસ-માનવ ઉત્પત્તિ અને પછી એના વિવિધ વિકાસાત્મક સોપાન એ પ્રકારે આપવામાં આવ્યા છે કે જો એનાથી ચમકદાર અને વધારાના વિશ્વાસના અંશ ધ્યાનમાં ન રાખવામાં આવે તો અનેક વાતો વિજ્ઞાનસમ્મત પણ થઈ શકે છે, કેમ કે જ્યાં સુધી સૃષ્ટિના રહસ્યનો પ્રશ્ન છે, વિકાસવાદના સિદ્ધાંત છતાં અને વૈજ્ઞાનિક જાણકારી હોવા પર પણ તે હજુ સુધી મનુષ્યની બુદ્ધિ માટે એક પડકાર છે અને આથી જે વાતોનું વર્ણન સૃષ્ટિના સંદર્ભમાં પુરાણ-સાહિત્યમાં થયું છે એને એકાએક પૂરી રીતેથી નકારી નથી શકાતું.

મહર્ષિ વેદવ્યાસને આ ૧૮ પુરાણોની રચનાનો શ્રેય છે. મહાભારતના રચયિતા પણ વેદવ્યાસ જ છે. વેદવ્યાસ એક વ્યક્તિ રહ્યાં હશે અથવા એક પીઠ, એ પ્રશ્ન બીજો છે અને એ વાત પણ અલગ છે કે આખી પુરાણ કથા-કથન શૈલીમાં વિકાસશીલ રચનાઓ છે. આથી એમના મૂળ રૂપમાં પરિવર્તન થતું ગયું, પરંતુ જો ધ્યાનપૂર્વક જોવામાં આવે તો આ આખા પુરાણ વિશ્વાસની એ ભૂમિ પર અધિષ્ઠિત છે, જ્યાં ઐતિહાસિકતા, ભૂગોળનું સ્વરૂપ. આ વાત બીજી છે કે જે જીવન-મૂલ્યોની સ્થાપના એ

સમયમાં પુરાણ-સાહિત્યમાં કરવામાં આવી, તે આપણા આજના સંદર્ભમાં કેટલી પ્રાસંગિક રહી ગઈ છે? પરંતુ સાથે એ પણ કહેવું પડશે કે ધર્મ અને ધર્મનો આસ્થામૂલક વ્યવહાર કોઈ તર્ક અને મૂલ્યવત્તાની પ્રાસંગિકતાની અપેક્ષા નખી કરતો. એનાથી એક એવો આત્મવિશ્વાસ અને આત્મલોક જન્મ લે છે, જેનાથી માનવનો આંતરિક ઉત્કર્ષ થાય છે અને આપણે કેટલી પણ ભૌતિક અને વૈજ્ઞાનિક પ્રગતિ કરી લઈએ અંતે આસ્થાની તુલનામાં આ પ્રગતિ વધારે સમય સુધી નથી રોકાતી. આથી પુરાણોનું મહત્ત્વ તર્ક પર વધારે આધારિત ન થઈને ભાવના અને વિશ્વાસ પર આધારિત છે અને આ જ અર્થોમાં એનું મહત્ત્વ છે.

જેમ કે અમે કહ્યું કે પુરાણ-સાહિત્યમાં અવતારવાદની પ્રતિષ્ઠા છે. નિર્ગુણ નિરાકારની સત્તાને માનીને સગુણ સાકારની ઉપાસનાનું પ્રતિપાદન આ ગ્રંથોનો મૂળ વિષય છે. ૧૮ પુરાઓમાં અલગ-અલગ દેવી-દેવતાઓને કેન્દ્રમાં રાખીને પાપ અને પુણ્ય, ધર્મ અને અધર્મ તથા કર્મ અને અકર્મની ગાથાઓ કહેવામાં આવી છે. એ બધાથી એક જ નિષ્કર્ષ નિકળે છે કે આખરે મનુષ્ય અને આ સૃષ્ટિના આધાર-સૌદર્ય તથા એની માનવીય અર્થવત્તામાં ક્યાંક ને ક્યાંક સદ્ગુણોની પ્રતિષ્ઠા થવી જ જોઈએ. આધુનિક જીવનમાં પણ સંઘર્ષની અનેક ભાવભૂમિઓ પર આવ્યા પછી પણ વિશિષ્ટ માનવ મૂલ્ય પોતાની અર્થવત્તા નથી ગુમાવી શકતા. ત્યાગ, પ્રેમ, ભક્તિ, સેવા, સહનશીલતા વગેરે એવા માનવ ગુણ છે, જેના અભાવમાં કોઈ પણ ઉત્તમ સમાજની કલ્પના નથી કરી શકાતી. આથી અલગ-અલગ પુરાણોમાં દેવતાઓને અલગ-અલગ સ્વરૂપોને લઈને મૂલ્યના સ્તર પર એક વિરાટ આયોજન મળે છે. બીજી એક વાત આશ્ચર્યજનક રૂપથી પુરાણોમાં મળે છે કે સત્કર્મની પ્રતિષ્ઠાની પ્રકિરયામાં અપકર્મ અને દુષ્કર્મનું વ્યાપક ચિત્રણ કરવામાં પુરાણકાર ક્યારેય પાછળ નથી હટ્યાં અને એણે દેવતાઓની કુપ્રવૃત્તિઓને પણ વ્યાપક રૂપમાં ચિત્રિત કર્યું છે, પરંતુ એનો મૂળ ઉદ્દેશ્ય સદ્ભાવનાનો વિકાસ અને સત્યની પ્રતિષ્ઠા જ છે.

કળિયુગ જેવું વર્ણન પુરાણોમાં મળે છે. આજે આપણે લગભગ એવો જ સમય જોઈ રહ્યાં છીએ. તેથી એ તો નિશ્ચિત છે કે પુરાણકારે સમયના વિકાસમાં વૃત્તિઓ અને વૃત્તિઓના વિકાસને ઘણી સારી રીતેથી ઓળખ્યો. આ રૂપમાં પુરાણોનું પઠન અને આધુનિક જીવનની સીમામા મૂલ્યોનું સ્થાપન આજના મનુષ્યને એક દિશા તો આપી શકે છે, કેમ કે આધુનિક જીવનમાં અંધવિશ્વાસનો વિરોધ કરવો તો તર્કપૂર્ણ છે, પરંતુ વિશ્વાસનો વિરોધ કરવો આત્મહત્યા સમાન છે.

પ્રત્યેક પુરાણમાં હજારો શ્લોક છે અને એમાં કથા કહેવાની પ્રવૃત્તિ તથા ભક્તના ગુણોનિ વિશેષણપરખ અભિવ્યક્તિ વારંવાર થઈ છે, પરંતુ ચેતન અને અચેતનના તમામ રહસ્યાત્મક સ્વરૂપોનું ચિત્રણ, પુનરુક્તિ ભાવથી થયા પછી પણ અત્યંત પ્રભાવશાળી થયું છે અને હિન્દીમાં અનેક પુરાણ યથાવત્ લખવામાં આવ્યા. પછી પ્રશ્ન

ઉઠી શકે છે કે અમે આ પ્રકારે પુરાણોનું લેખન અને પ્રકાશન કેમ પ્રારંભ કર્યું. ઉત્તર સ્પષ્ટ છે કે, પોતાના પ્રકાશનની સીમામાં જે વાચકો સુધી અન્ય પુરાણ નહી પહોંચ્યા હોય, અમે એમના સુધી પહોંચાડવાનો પ્રયત્ન કરીશું અને આ પઠનીય સાહિત્યને એમની સામે પ્રસ્તુત કરીને જીવન અને જગતની સ્વતંત્ર ધારણા સ્થાપિત કરવાનો પ્રયત્ન કરી શકીશું.

અમે મૂળ પુરાણોમાં કહેવામાં આવેલી વાતો અને શૈલી યથાવત્ સ્વીકાર કરી છે અને સામાન્ય વ્યક્તિને પણ સમજમાં આવવાવાળી ભાષાનો પ્રયોગ કર્યો છે. પરંતુ જે તત્ત્વદર્શી શબ્દ છે એનો એવો જ પ્રયોગ કરવાનો નિશ્ચય એથી કરવામાં આવ્યો કે એનું જ્ઞાન અમારા વાચકોને એ જ રૂપમાં થાય.

આપણે આજના જીવનની વિડંબણાપૂર્ણ સ્થિતિની વચ્ચેથી પસાર થઈ રહ્યાં છીએ. આપણા ઘણા બધા મૂલ્ય ખંડિત થઈ ગયા છે. આધુનિક વિજ્ઞાનના નામ પર વિદેશી ચિંતનનો પ્રભાવ આપણા ઉપર વધારે હાવી થઈ રહ્યો છે આથી એક સંઘર્ષ આપણને પોતાની માનસિકતાથી જ કરવો પડશે કે પોતાની પરંપરા જે ગ્રહણીય છે, મૂલ્યપરખ છે એના પર ફરીથી પાછું ફરવું પડશે. સાથે-સાથે તાર્કિક વિદેશી જ્ઞાન ભંડારથી પણ અપરિચિત રહેવું પડશે-કેમ કે વિકલ્પમાં જે કં પણ આપણને આપ્યું છે તે આરોહણ અને નકલથી વધારે કશું નથી. મનુષ્યનું મન ખૂબ જ વિચિત્ર છે અને એ વિચિત્રતામાં વિશ્વાસ અને વિશ્વાસનું દ્વન્દ્વ પણ સતત થયું રહે છે. આ દ્વન્દ્વથી પરે થવું જ મનુષ્ય જીવનનો ધ્યેય હોઈ શકે છે. સતત દ્વન્દ્વ અને સતત દ્વન્દ્વથી મુક્તિનો પ્રયત્ન મનુષ્યની સંસ્કૃતિના વિકાસનો આ જ મૂળ આધાર છે. પુરાણ આપણને આધાર આપે છે અને એ જ ધ્યાનમાં રાખીનેઅમે સરળ, સહજ ભાષામાં પોતાના વાચકોની સામે પુરાણ-સાહિત્ય પ્રસ્તુત કરવાનો પ્રયત્ન કર્યો છે. આમાં અમે ફક્ત પ્રસ્તુતકર્તા છીએ, લેખક નહી. જે કંઈ આપણા સાહિત્યમાં છે, એને એ જ રૂપમાં ચિત્રિત કરીને અમને ગર્વનો અનુભવ થઈ રહ્યો છે.

'ડાયમંડ પૉકેટ બુક્સ'ના શ્રી નરેન્દ્ર કુમારજી પ્રત્યે અમે ખૂબ જ આભારી છીએ કે એમણે ભારતીય ધાર્મિક જનતાને પોતાના સાહિત્યથી પરિચિત કરાવવાનું મહત્ત્વનું અનુષ્ઠાન કર્યું છે. દેવતા એક ભાવ સંજ્ઞા પણ છે અને આસ્થાનો આધાર પણ. આથી તે આપણાં માટે અનિવાર્ય છે અને આ પુરાણ એમના માટે છે, જેમના માટે આ અનિવાર્ય છે.

ડૉ. વિનય

ગણેશ પુરાણનું મહત્ત્વ

કોઈ પણ પૂજા-અર્ચના કે શુભ કાર્યને સંપન્ન કરાવવાથી પહેલાં ગણેશજીની આરાધના કરવામાં આવે છે. આ ગણેશ પુરાણ અતિ પૂજનીય છે. એના પઠન-પાઠનથી બધા કાર્ય સફળ થઈ જાય છે. આ ખંડમાં એવી કથાઓ સૂતજીએ સંભળાવી છે, જેનાથી હંમેશાં બધી જગ્યાએ મંગળ જ થશે. સૂતજીએ સૌથી પહેલાં કથા દ્વારા બતાવ્યું છે કે કયા પ્રકારે પ્રજાઓની સૃષ્ટિ થઈ અને સર્વશ્રેષ્ઠ દેવ ભગવાન ગણેશનો આવિર્ભાવ કયા પ્રકારે થયો.

આગળ સૂતજીએ શિવના અનેક રૂપોનું વર્ણન કર્યું છે. તેઓ કેવી રીતે સૃષ્ટિની ઉત્પત્તિ, સંહાર અને પાલન કરે છે. સાથે જ એ પણ બતાવવામાં આવ્યું છે કે વિષ્ણુનું એક વર્ષ શિવના એક દિવસ બરાબર થાય છે. સાથે જ સતીની કથા છે, જેના વિવાહ શિવજી સાથે થયા.

બીજો ખંડ પરિચય ખંડ છે, જેમાં ગણેશ જન્મકથાઓનો પરિચય આપવામાં આવ્યો છે. એમાં અલગ-અલગ પુરાણ અનુસાર અને અંતમાં ગણેશજીની ઉત્પત્તિની સવિસ્તારથી ઉત્પત્તિની કથા છે.

ત્રીજો ખંડ માતા પાર્વતી ખંડ છે. એમાં પાર્વતીના પર્વતરાજ હિમાલયના ઘેર જન્મની કથા છે અને શિવથી લગ્નની કથા. આગળ કાર્તિકેયના જન્મની કથા છે, જેમાં તારકાસુરના અત્યાચારથી લઈને કાર્તિકેયના જન્મની કથા છે. આ ખંડમાં વરિષ્ઠજી દ્વારા સંભળાવવામાં આવેલી અરણ્યરાજની કથા છે.

ચોથો ખંડ યુદ્ધ ખંડ : નામ ખંડ છે. એમાં આરંભમાં મત્સર નામના અસુરના જન્મની કથા છે, જેણે દૈત્ય ગુરુ શુક્રાચાર્યથી શિવ પંચાક્ષરી મંત્રની દિક્ષા લીધી. આગળ તારક નામના અસુરની કથા છે. એણે બ્રહ્માની આરાધના કરીને ત્રૈલોક્યનું સ્વામિત્વ પ્રાપ્ત કર્યું. સાથે મહોદર તેમજ મહાસુરના આપસી યુદ્ધની કથા છે. લોભાસુર તેમજ ગજાનનની કથા પણ છે, જેમાં લોભાસુરે ગજાનનના મૂળ મહત્ત્વને સમજ્યા અને એમના ચરણોની વંદના કરવા લાગ્યા. આ રીતે આગળ ક્રોધાસુર તેમજ લમ્બોધરની કથા છે. આગળ ફરી કામાસુર, વિઘ્નરાજ, ધૂમ્રવર્ણની કથા કહેવામાં આવી છે.

પાંચમો ખંડ મહાદેવ પુણ્ય કથા ખંડ છે. એમાં સૂતજીએ ઋષિઓને કહ્યું, તમે કૃપા કરીને ગણેશ, પાર્વતીના યુગોનો પરિચય આપો. ત્યારે આગળ આ ખંડમાં સતયુગ, ત્રેતાયુગ તેમજ દ્વાપરયુગ વિશે બતાવવામાં આવ્યું છે. જન્માસુર, તારકાસુરની કથાથી આનો અંત થયો છે.

ગણેશ પુરાણ

ડૉ. વિનય



ડાયમંડ બુક્સ

પ્રકાશક : ડાયમંડ પૉકેટ બુક્સ પ્રા. લિ.

X-30, ઓખલા ઇંડસ્ટ્રિયલ એરિયા, ફેઝ-II,

નવી દિલ્હી-110020

ફોન : 011- 41611861, 40712100

ફેક્સ : 011- 41611866

ઇ-મેઇલ : ebooks@dpb.in

વેબસાઇટ : www.diamondbook.in

સંસ્કરણ : 2013

મુદ્રક : આદર્શ પ્રિન્ટર્સ, શાહદરા, દિલ્લી – ૩૨

Ganesh Puran

by : Dr. Vinay

વિષય સૂચી

આરંભ ખંડ

ખૂબ જ પ્રાચીન સમયની વાત છે કે એક વખત નૈમિષારણ્યમાં કથાકાર સૂતજી પધાર્યા. એમને આવેલા જોઈને ત્યાં રહેવાવાળા ઋષિ મુનિઓએ એમનું સ્વાગત કર્યું. સ્વાગત પછી બધા ઋષિ-મુનિ પોત-પોતાના આસન પર બેસી ગયા ત્યારે એમનામાંથી કોઈ એકે સૂતજીથી કહ્યું - ''હે સૂતજી! તમે લોક અને લોકોત્તરના જ્ઞાન-ધ્યાનથી પરિપૂર્ણ કથા વાચનમાં સિદ્ધહસ્ત છો. અમારું તમારાથી નિવેદન છે કે તમે અમને અમારું મંગલ કરે તેવી કથાઓ સંભળાવો.''

ઋષિ-મુનિઓથી આદર મેળવીને સૂતજી અત્યંત પ્રસન્ન થયા. એમણે કહ્યું - ''તમે જે મને આદર આપ્યો છે, તે પ્રશંસનીય છે. હું અહીયા તમને લોકોને પરમ કલ્યાણકારી કથા સંભળાવીશ.''

સૂતજીની વાત સાંભળીને ઋષિ બોલ્યા -'' તમે અમને કઈ કથા સંભળાવશો?''

આ સાંભળીને સૂતજીએ કહ્યું-''બ્રહ્મા, વિષ્ણુ, મહેશ, બ્રહ્મના ત્રણ રૂપ છે. હું ખુદ એમની શરણમાં રહું છું. વિષ્ણુ સંસારના પાલક છે અને તે બ્રહ્મની ઉત્પન્ન કરવામાં આવેલી સૃષ્ટિનું પાલન કરે છે બ્રહ્માએ જ સુર-અસુર, પ્રજાપતિ તથા અન્ય યોનિ અને અયોનિ સૃષ્ટિની રચના કરી છે. રુદ્ર પોતાના સંપૂર્ણ કલ્યાણકારી કૃત્યથી સૃષ્ટિના પરિવર્તનનો આધાર પ્રસ્તુત કરે છે. પહેલાં તો હું તમને બતાવીશ કે કયા પ્રકારે પ્રજાઓની સૃષ્ટિ થઈ અને એમનામાં સર્વશ્રેષ્ઠ દેવ ભગવાન ગણેશનો આવિર્ભાવ કેવી રીતે થયો.

ભગવાન બ્રહ્માએ જ્યારે સૌથી પહેલાં સૃષ્ટિની રચના કરી તો એમની પ્રજા નિયમાનુસાર પથમાં પ્રવૃત્ત ના થઈ. તે બધા અલિપ્ત રહી ગયા. આ કારણે બ્રહ્માએ સૌથી પહેલાં તામસી સૃષ્ટિ કરી, પછી રાજસી. છતાં પણ ઇચ્છિત ફળ પ્રાપ્ત ના થયું. જ્યારે રજોગુણ અને તમોગુણને ઢાંકી લીધા તો એનાથી એક મિથુનની ઉત્પત્તિ થઈ. બ્રહ્માના ચરણથી અધર્મ અને શોકથી માણસે જન્મ લીધો. બ્રહ્માએ એ મલિન દેહને બે ભાગોમાં વિભક્ત કરી દીધો. એક પુરુષ અને એક સ્ત્રી. સ્ત્રીનું નામ સતરૂપા થયું. એણે સ્વયંભૂ મનુના પતિના રૂપમાં વરણ કર્યું અને એની સાથે રમણ કરવા લાગી.

રમણ કરવાને કારણે જ એનું નામ રતિ થયું. પછી બ્રહ્માએ વિરાટનું સર્જન કર્યું. ત્યારે વિરાટથી વૈરાજ મનુની ઉત્પત્તિ થઈ. પછી વૈરાજ મનુ અને સતરૂપાથી પ્રિયવ્રત અને ઉત્તાનુપાત બે પુત્ર ઉત્પન્ન થયા અને આકૂતિ તથા પ્રસૂતિ નામની બે પુત્રીઓ થઈ.

આ જ બે પુત્રીઓથી આખી પ્રજા ઉત્પન્ન થઈ. મનુએ પ્રસૂતિને દક્ષના હાથમાં સોંપી દીધી. જે પ્રાણ છે, તે દક્ષ છે અને જે સંકલ્પ છે, તે મનુ છે. મનુએ રુચિ પ્રજાપતિને આકૂતિ નામની કન્યા ભેટ કરી. પછી એમનાથી યજ્ઞ અને દક્ષિણા નામની સંતાન થઈ. દક્ષિણાથી બાર પુત્ર થયા, જેમને યામ કહેવામાં આવ્યા. એમાં શ્રદ્ધા, લક્ષ્મી વગેરે મુખ્ય છે. એમનાથી પછી આ વિશ્વ આગળ વિકાસને પ્રાપ્ત થયું.

અધર્મને હિંસાના ગર્ભમાં નિર્કતિ ઉત્પન્ન થઈ અને અનિરુદ્ધ નામનો પુત્ર ઉત્પન્ન થયો. ત્યારબાદ આ વંશ ક્રમ વધતો ગયો. થોડા સમય પછી નીલરોહિત, નિરૂપ, પ્રજાઓની ઉત્પત્તિ થઈ અને એમને રુદ્ર નામથી પ્રતિષ્ઠિત કરવામાં આવ્યા. રુદ્રએ પહેલાં જ બતાવી દીધું હતું કે આ બધા શતરુદ્ર નામથી વિખ્યાત થશે. આ સાંભળીને બ્રહ્માજી પ્રસન્ન થયા અને પછી એમના પછી એમણે પૃથ્વી પર મૈથુની સૃષ્ટિનો પ્રારંભ કરીને બાકી પ્રજાની સૃષ્ટિ બંધ કરી દીધી.

સૂતજીની વાતો સાંભળીને ઋષિ-મુનિઓએ કહ્યું, "તમે અમને જે બતાવ્યું એનાથી અમને ખુબ જ આનંદ થયો. તમે કૃપા કરીને અમને અમારા પૂજનીય દેવના વિષયમાં બતાવો. જે દેવતા અમને પૂજ્ય હોય અને એમની કૃપાથી અમારા અને આગળ આવવાવાળી પ્રજાઓના કલ્યાણકારી સંપન્ન થાય." ઋષિઓની વાત સાંભળીને સૂતજીએ કહ્યું કે એવા દેવ તો ફક્ત એક જ છે અને તે છે મહાદેવ અને પાર્વતીના પુત્ર શ્રી ગણેશ.

ગણેશનું નામ સાંભળતા જ ઋષિ મુનિ ખૂબ ખુશ થયા અને એમણે સૂતજીથી નિવેદન કર્યું કે "તમે અમને ગણેશજીના વિષયમાં વિસ્તારથી જણાવો કેમ કે હજુ સુધી તમે જે કંઈ પણ બતાવ્યું છે, એનાથી જાણ થઈ છે કે મહાદેવ પુત્ર ગણેશજીના જન્મના વિષયમાં અનેક કથાઓ પ્રચલિત છે."

સૂતજી પોતાના આસન પર ખૂબ ધ્યાનપૂર્વક બેસી ગયા, ક્ષણભર એમણે કંઈક વિચાર્યું અને પછી કહેવાનું પ્રારંભ કર્યું- "ગણેશજી દેવોમાં દેવ શ્રેષ્ઠ દેવ છે, જે પણ કાર્ય એમને નમન કરીને પ્રારંભ કરવામાં આવે છે, તે સફળતા પ્રાપ્ત કરે છે."

સૂતજીએ બતાવ્યું, "જે ઋષિ મુનિ, મનુષ્ય, પૃથ્વીના રહેવાસી 'ગણેશાય નમઃ'નો પાઠ કરીને પોતાનું કાર્ય પ્રારંભ કરે છે, એણે નિશ્ચિત જ પોતાના કાર્યમાં સફળતા મળે છે.

મુનિઓએ સૂતજીથી કહ્યું, "પહેલાં તો તમે કૃપા કરીને અમને અલગ-અલગ રૂપોથી ગણેશજીના જન્મોના વૃતાંત સંભળાવો, તેઓ તો મહાપ્રભુ છે, એમના જન્મના ગુણો અલગ-અલગ પુરાણોમાં અલગ-અલગ રૂપોમાં ગાવામાં આવ્યા છે, અને હે સૂતજી! અમે સૃષ્ટિની આદિ વ્યવસ્થાના વિષયમાં પણ જાણવા ઇચ્છીએ છીએ."

સૂતજીએ મુનિઓની જિજ્ઞાસા જાણીને કહ્યું, " પહેલાં હું તમને શિવ અને ગણેશના ચરિત્ર વર્ણનથી લાભ આપીને એ બતાવીશ કે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ ભગવાન રુદ્રના અંશથી રચવામાં આવ્યા છે."

ઋષિગણ બોલ્યા, " કૃપા કરીને એ બતાવો કે શિવ અને ગણેશનું સર્વશ્રેષ્ઠ રૂપ તેમજ ચરિત્ર શું છે? શિવજીના પુત્રને કેવી રીતે પ્રસન્ન કરી શકાય છે? જેમ કે તમે કહ્યું-બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ ભગવાન રુદ્રના અંશથી પ્રગટ થયા. પણ છતાં પણ મહેશ જ પૂર્ણાંશના રૂપમાં માનવામાં આવે છે."

સૂતજીએ કહ્યું, "એક વખત નારદજીએ પણ બ્રહામાજીથી એવો જ પ્રશ્ન કર્યો હતો. બ્રહ્માજીએ સંસારની રચના, ઉત્પતિ અને સ્વરૂપનું વર્ણન નારદજીથી એ પ્રકારે કર્યું-

"સૃષ્ટિની પ્રારંભિક અવસ્થામાં જ્યારે પ્રલય થયો અને એ વિનાશ કાળમાં સ્થાવર-જંગમ, સૂર્ય, ગ્રહ, તારા બધા નષ્ટ થઈ ગયા તો ફક્ત એક સદબ્રહ્મ જ બાકી બચ્યાં હતા. એ અંધકારના સામ્રાજ્યમાં સદ્બ્રહ્મ જ મન, વાણી અને ઇન્દ્રિયોના જ્ઞાનના પ્રકાશથી ભરેલાં હતા. જે યોગ દ્વારા ધ્યાનમગ્ન હતા. તે નામ, રૂપ, વર્ણ, સત્-અસત્ અને અન્ય કર્મોથી પરે હતા.

બ્રહ્માજીએ નારદજીથી કહ્યું કે પ્રલયકાર પછી સત્ય, જ્ઞાન, પરમ તત્ત્વ તેમજ અનંત રૂપ જ શિવનું લિંગ એ સદ્બ્રહ્મ સ્વરૂપમાં બચ્યું રહ્યું. આ રૂપને જ ભક્ત તેમજ જ્ઞાની ઈશ્વર કે ભગવાનના નામથી પૂજે છે.

આ શિવનું મહાન રૂપ જ પરમેશ્વર કહેવાયું. આ શિવ જ પોતાનાથી અનશ્વર શક્તિ ઉત્પન્નકર્તા છે. પરમેશ્વરના આ જ સ્વરૂપનું નામ જ પ્રકૃતિ, માયા અને નિર્વિકાર બુદ્ધિથી ઓળખવામાં આવે છે. પ્રકૃતિ જ શક્તિ રૂપા, અંબિકા, ત્રિદેવ-જનની, નિત્ય તથા મૂળ પ્રકૃતિ કહેવાય છે. પ્રકૃતિ દેવી છે. તે જ પરમેશ્વરી કહેવાઈ. પછીથી પ્રકૃતિએ અંબિકા રૂપમાં આઠ ભુજાઓ અને વિચિત્ર મુખ પ્રગટ થયા. સાંસારિક માયાના સંયોગથી આ અન્ય અનેક રૂપોમાં બદલાઈ ગઈ.

એના પર બ્રહ્મ રૂપ શિવના માથા પર ચન્દ્રમા અને માથા પર ગંગા સુશોભિત થાય છે. એમના ત્રણ નેત્ર, પાંચ મુખ અને દસ ભુજાઓ છે, જે એમના વિચિત્ર અને શક્તિમય પાવન રૂપના દ્યોતક છે. જેમણે હાથમાં ત્રિશૂળ લઈ રાખ્યું છે, તેઓ કાળ સ્વરૂપ ભગવાન અને પરમેશ્વર છે. કાશી ક્ષેત્ર, શિવે જ પોતાના શિવ રૂપમાં સ્થાપિત કર્યું છે. જ્યાં હંમેશાં શિવ અને પાર્વતી બંને નિવાસ કરે છે. આ ક્ષેત્ર ક્યારેય પણ એમના વગર ખાલી રહેતું ન હતું. આ જ કારણ છે કે આ અત્યાધિક પાવન અને અવિમુક્ત ક્ષેત્ર કહેવાય છે.

બ્રહ્માજીએ નારદજીથી કહ્યું કે શિવજીની ઇચ્છા હતી કે તેઓ સૃષ્ટિની રચના કરે, પણ એમણે આની જવાબદારી એમના ઉપર ના લીધી. પોતાના દક્ષિણ ભાગના દશમાંશથી એક પુરુષનો આવિર્ભાવ કર્યો. આ મહાન પુરુષનું નામ શિવજીએ વિષ્ણુ રાખ્યું અને એમને ઊંડી તપસ્યા કરવાનો આદેશ આપ્યો.

વિષ્ણુ લાંબા સમય સુધી તપમાં લીન રહ્યાં. પછી એક દિવસે શિવજી એમના પર પ્રસન્ન થઇ ગયા. જેનાથી વિષ્ણુજીના શરીરથી અનેક જળધારાઓ નિકળવા લાગી. એ જળધારાઓને જોઇને વિષ્ણુજી એમના પર મોહિત થઇ ગયા અને નિશ્ચિંત થઇને સૂઈ ગયા. નાર અર્થાત્ જળ પર સૂવાને કારણે સંસારમાં એમને નારાયણ નામથી ઓળખવામાં આવ્યા. એ સમયથી વિષ્ણુજીથી જ સૃષ્ટિના બધા તત્ત્વોનો જન્મ અને એમનો વિસ્તાર થયો.

આ પ્રક્રિયામાં પ્રકૃતિના ત્રણ ગુણ -અહંકાર, અહંકારથી પાંચ તન્માત્રાઓ- શબ્દ, રૂપ, રસ, ગંધ અને પંચભૂત (પૃથ્વી, જળ, આકાશ, પ્રકાશ અને વાયુ) પ્રગટ થયા.

એના પછી પાંચ જ્ઞાનેન્દ્રિયો - નેત્ર, કાન, નાક, જીભ અને ત્વચાની ઉત્પત્તિ થઈ. પછી પાંચ કર્મેન્દ્રિયો-વાણી, ચરણ, હસ્ત, ગુદા અને ઉપસ્થ ઉત્પન્ન થયા. આ પ્રકારે શિવજીની ઇચ્છાથી જ ૨૪ પ્રકારના સાર તત્ત્વ રૂપક પ્રગટ થયા.

નારાયણના સૂઈ જવા પર શિવજીએ જ પોતાની ઇચ્છાથી એમની નાભિમાંથી એક કમળની ઉત્પત્તિ કરી. એ જ કમળથી એ પરબ્રહ્મ શિવે બ્રહ્મા અર્થાત્ મારી ઉત્પત્તિ કરી. થોડા સમય ઉપરાંત મેં પોતાના જનત અર્થાત્ કર્તાને શોધવાનો પ્રયત્ન કર્યો. પણ હું એમના તપાસ ના કરી શક્યો. પછી ધીમે-ધીમે હું નાળના સહારે ઉપર આવતો ગયો. બહાર આવતાં જ મને એક આકાશવાણી સંભાળાઈ. જેના અનુસાર મેં ૧૨ વર્ષ સુધી ઘોર તપ કર્યું. એ તપથી પ્રસન્ન થઈને વિષ્ણુજીએ મને દર્શન આપ્યા.

બ્રહ્માજી કહેવા લાગ્યા, પણ નારદ, હું એમને ઓળખી ના શક્યો. એમણે પોતાને મારા પિતા બતાવ્યા તો મેં એમનો તિરસ્કાર અને અપમાન કરી દીધું. અમારી વચ્ચે વિવાદ છેડાઇ ગયો અને એણે એક સંઘર્ષનું રૂપ લઈ લીધું. એ સમયે બંનેની વચ્ચે એકાએક સ્તંભના રૂપમાં લિંગ પ્રગટ થયું અને અમે બંનેએ યુદ્ધ બંધ કરીને, એમનાથી એમનો પરિચય આપવાની પ્રાર્થના કરી.

એ સમયે અમે 'ઓઉમ્'ની ગંભીર ધ્વની સાંભળી તથા શિવલિંગને વિષ્ણુજીના એક વિશેષ રૂપમાં જોયા. શિવજીએ પોતાનો પરિચય આપ્યો. શિવજી દક્ષિણ ભાગમાં અકાર, ઉત્તર ભાગમાં ઉકાર તથા મધ્ય ભાગમાં મકારને જોયા. સત્ય, આનંદરૂપ પરબ્રહ્મ જ 'ઓઉમ્'ના રૂપમાં નજરે પડી રહ્યાં હતા.

બ્રહ્માજીએ આગળ કહ્યું, કે ત્યારે જ એક મહાત્મા ત્યાં આવ્યા અને કહેવા લાગ્યા, 'ઓઉમ્' શિવજીનું બ્રહ્મ સ્વરૂપ છે. જે અગોચર, અનંત અને અગમ છે. 'ઓઉમ્' ના અન્ડ અને 'મ્'ના વર્ણ બ્રહ્મા, વિષ્ણુ અને મહાદેવના પ્રતીક છે. આ ત્રણેય રૂપ જ પ્રકૃતિમાં સંમોહન અનુગ્ર અને કર્મોના પ્રતીક છે.

બ્રહ્માજીએ નારદજીથી કહ્યું, આ ત્રણેય રૂપોમાં અકાર બીજ છે, ઉકાર કારણ રૂપ યોનિ છે અને મકાર બીજી છે. મહેશ્વરની ઇચ્છાથી બીજી બીજ યોનિમાં પડીને ચારે દિશોમાં વિકસિત થવા લાગી. એનાથી એક સુવર્ણ રૂપ અંડ ઉત્પન્ન થયું અને તે અનેક વર્ષો સુધી જળમાં સ્થિત રહ્યું. પછીથી એના બે ભાગ થઈ ગયા. ઉપરના ભાગમાં સ્વર્ગલોકની ઉત્પત્તિ તથા નીચને ભાગમાં ભૂલોક પ્રગટ થયું. એ જ અંડથી જ શિવજીનો આવિર્ભાવ થયો.

બ્રહ્મ શિવજીના ત્રણ રૂપો - બ્રહ્મા, વિષ્ણુ અને મહેશના સ્વરૂપ છે. મેં અને વિષ્ણુજીએ વેદ મંત્રોથી એમની સ્તુતિ અને ભક્તિ કરી. શિવજી પોતાનું દિવ્ય રૂપ, કાંતિમય દસ ભુજા અને પાંચ મુખ લઈને સામે પ્રગટ થયા. એમને જોઈને અમને ખૂબ જ સંતોષ મળ્યો. શિવની કૃપાથી જ ૪૮ અક્ષરોવાળા ગાયત્રી મંત્ર, શિવમંત્ર, મૃત્યુંજય મંત્ર, ચિંતામણિ મંત્ર તથા દક્ષિણ મૂર્તિ મંત્ર ઉત્પન્ન થયા. હું અને મારા કર્તા વિષ્ણુ એમની સ્તુતિમાં સંલગ્ન થઈ ગયા. બ્રહ્માજીએ આ પ્રકારે નારદજીથી શિવના દિવ્ય તેમજ મહાન રૂપની ચર્ચા કરી.

વિષ્ણુજીની ભક્તિ અને સ્તુતિથી ભગવાન શંકર અત્યંત પ્રસન્ન થયા. ત્યારે જ વિષ્ણુએ એમને પૂછ્યું, તમે કયા પ્રકારથી પ્રસન્ન થાઓ છો અને તમારું દિવ્ય રૂપ અને ચરિત્ર શું છે? કૃપા કરીને અનુગ્રહ કરીને એનું બધું વિવરણ મને સંભળાવો.

ભગવાન શંકરે કહ્યું કે એક સમયની વાત છે- નારદજી હિમાલયની સુંદર કન્દરાઓમાં બેસીને ઘોર તપ કરવા લાગ્યા. 'અહં બ્રહ્માડસ્મિ'ની ભાવનાથી સમાધિમાં લીન થઈ ગયા અને બ્રહ્મ વિધાનને અપનાવ્યું. નારદજીની તપસ્યાને જોઈને ઇન્દ્ર ચિંતિત થયા અને કામદેવથી મદદ માંગી. કેમ કે ઇન્દ્રને એ ડર હતો કે નારદ ક્યાંય તપમાં સફળતા મેળવીને મારું જ પદ ના છીનવી લે.

ઇન્દ્રના કહેવા પર કામદેવે પોતાના સમસ્ત ક્રિયાકલાપો દ્વારા નારદજીના તપસ્યા ક્ષેત્રમાં જઈને એમની તપસ્યા ભંગ કરવાનો અથાગ પ્રયત્ન કર્યો. પણ નારદજીમાં જરા પણ વિકાર ઉત્પન્ન ના થયો. શિવજીએ નારદના તપને જાળવી રાખવામાં કામદેવના પ્રયત્નોને અસફલ કરી દીધા અને તે આખું ક્ષેત્ર કામદેવના પ્રભાવથી રહિત કરી દીધા. અંતે નારદજી પોતાની તપસ્યામાં સફળ થઈ ગયા.

જ્યારે કામદેવની અસફળતાના સમાચાર ઇન્દ્રને મળ્યા તો તે ખુદ નારદજીની પ્રશંસા કરવા માટે એમની પાસે ગયા. નારદજીમાં પણ કામ અને ગર્વની ભાવના ઉત્પન્ન

થઈ ગઈ અને તેઓ શિવજીની પાસે જઈને પોતાની કામ વિજયની ખુદ પ્રશંસા કરવા લાગ્યા. શિવજીએ નારદજીને આત્મ પ્રશંશા અને પોતાનો પ્રચાર ન કરવાની સલાહ આપી. પણ નારદજીએ એમની સલાહ ના માની.

શિવજીની પાસેથી નારદજી બ્રહ્માની પાસે ચાલ્યા ગયા. ત્યાં પણ એમણે પોતાના કામ વિજયની પ્રશંસા કરી. એના પછી ભ્રમણ કરતાં-કરતાં તેઓ વિષ્ણુલોક પણ ગયા. બધા સ્થળો પર જઈને અહંકારવશ કામ વિજયની કથા સંભળાવી.

વિષ્ણુ લોકમાં નારદજીનું ભરપૂર સ્વાગત થયું. એમના જ્ઞાન, વૈરાગ્ય અને તપની પ્રશંસા કરવામાં આવી અને મનમાં ને મનમાં શિવજીની સ્તુતિ પણ કરી. પરંતુ નારદજીનો અહંકાર અને અભિમાન એટલું વધી રહ્યું હતું કે એનો નાશ થવો જરૂરી થઈ ગયો. વિષ્ણુ અને શિવથી મળીને એમના અહંકારને તોડવાની એક યોજના બનાવી. નારજીના માર્ગમાં એમણે એક સુન્દર નગર વસાવ્યું. એના શાસક શીલનિધિની અનુપમ સૌદર્યમયી કન્યાનો સ્વયંવર કરાવવામાં આવ્યો.

ભ્રમણ કરતાં-કરતાં જ્યારે નારજી ત્યાં પહોંચ્યા તો એ અદ્‌વિતીય રૂપવાન કન્યાએ એમને પ્રણામ કર્યા. નારદજી એ સુંદર કન્યા પર જલ્દી જ મોહિત થઈ ગયા. એ કન્યાની ભાગ્યરેખાઓમાં નારદજીએ વાંચ્યું કે એમનો પતિ અજેય થશે. બસ શું હતું, તેઓ એને મેળવવા માટે ઉત્સાહિત થઈ ઉઠ્યા. એને પ્રાપ્ત કરવાની તીવ્ર ઇચ્છા લઈને તેઓ વિષ્ણુજીની પાસે ગયા. એમણે એ કન્યાને વરણ કરવાની વાત વિષ્ણુથી કરી અને સાથે જ વિષ્ણુનું રૂપ માંગ્યું. ત્યારે વિષ્ણુએ પ્રસન્ન થઈને નારજીને વાનર રૂપ આપીને એમનો મોહભંગ કરવાનો પ્રયત્ન કર્યો. નારદજી વાનર રૂપ લઇને શીલનિધિને ત્યાં સ્વયંવરમાં પહોંચી ગયા.

નારદજી ખુશી-ખુશી સ્વયંવરના સ્થાન પર પહોંચ્યા. શિવજીની અદ્‌ભુત શક્તિને કારણે ત્યાં ઉપસ્થિત રાજાઓએ નારદજીને એમના વાસ્તવિક રૂપમાં જ જોયા. શિવજીના બે ગણ પણ ત્યાં બ્રાહ્મણ વેશમાં ઉપસ્થિત હતા. તે ગણ નારદજીથી પરિહાસ કર વા લાગ્યા. જ્યારે શીલનિધિની કન્યા વરમાળા લઈને સ્વયંવરમાં આવી તો તેઓ એને ધારી-ધારીને જોવા લાગ્યા. તે રૂપવાન કન્યા એમને જોઈને ચિંતાયુક્ત થઈ ગઈ. કન્યાએ જેવું જ દ્વાર પર જોયું તો ભગવાન વિષ્ણુ પોતાના અનુપમ રૂપમાં ત્યાં ઊભા હતા. કન્યાએ જલ્દીથી વરમાળા એમના ગળામાં પહેરાવી દીધી. આ બધું જોઈને નારદ અત્યંત દુખી થયા તથા શિવગણોના કહેવા પર એમણે જળમાં પોતાનું પ્રતિબિંબ જોયું.

બસ નારદજી ક્રોધ તેમજ દુખથી ભરાઈને સીધા વિષ્ણુની પાસે પહોંચ્યા અને સ્ત્રી-વિયોગથી દુખી રહેવાનો શ્રાપ એમને આપી દીધો. સાથે જ એ પણ કહી દીધું કે આ

દુખને દૂર કરવા માટે તમારે વાનરોની જ મદદ લેવી પડશે. શિવજીના માયાચક્રને સમજીને વિષ્ણુએ એ શ્રાપને પણ શિરોધાર્ય કરી લીધો.

નારદજીના ઘમંડને ચૂર-ચૂર કરવા માટે જ શિવજીએ પોતાની માયાજાળ ફેલાવી હતી. જેવા જ નારદજીને પોતાની સ્થિતિનું જ્ઞાન થયું, તો તેઓ પોતાના આચરણ માટે વિષ્ણુજીના ચરણોમાં પડીને ક્ષમા માંગવા લાગ્યા. ભગવાન શંકરની માયાજાળ પણ નારદજીની સમજમાં આવી ગઈ.

નારદજીને એ જાણીને અત્યંત આશ્ચર્ય થયું કે ભગવાન ત્રિપુરારીના આદેશ પર જ બ્રહ્મા, વિષ્ણુ તથા અન્ય દેવતા કાર્ય કરે છે. શિવ જ આદિ અને મૂળ રૂપ છે. તેઓ જ ત્રણેય રૂપોમાં પ્રખ્યાત છે. સૃષ્ટિના જન્મદાતા બ્રહ્મા, પાલનકર્તા વિષ્ણુ અને સંહારકર્તા મહેશ કે રુદ્ર. શિવજને રુદ્રાક્ષ અને ભસ્મ ધારણ કરીને પૂજવાથી તેઓ પ્રસન્ન થાય છે. સાધકનું અજ્ઞાન દૂર થાય છે.

ભગવાન નારાયણે કહ્યું, "હે મુનિવર! તમે શિવજીની શરણમાં જાઓ. તે તમારું કલ્યાણ જરૂર કરશે. બ્રહ્માજીથી શિવ સ્તોત્રનો પાઠ સાંભળો અને શિવજીની વંદના કરો." પછી નારદજીએ બ્રાહ્મણ વેશધારી ગણોને પણ જોયા. એમને પોતાના દ્વારા ગણોને આપવામાં આવેલા શ્રાપ પર અત્યંત દુખ થયું અને એમની વાણી અસત્ય તો થઈ શકતી ન હતી તેથી નારદજીએ ગણોના ઉદ્ધાર માટે ઉપાય બતાવ્યો. નારદજીએ કહ્યું - "હે ગણ! તમે કોઈ શ્રેષ્ઠ મુનિના ઘરમાં જન્મ લઈને રાક્ષસ બનશો અને તને અતુલ બળ, પ્રતાપ અને ઐશ્વર્ય પ્રાપ્ત થશે."

શિવગણ એમની આશીષ વાણીને સાંભળીને ખુશ થઈને ચાલ્યા ગયા.

ઋષિઓએ સૂતજીથી પૂછ્યું કે હવે કૃપા કરીને એ બતાવો કે શિવના અનેક રૂપ કયા છે? તેઓ કેવી રીતે સૃષ્ટિની ઉત્પત્તિ, પાલન અને સંહાર કરે છે. સૂતજીએ શિવજીનું પૂરું વર્ણન આ પ્રકારે કર્યું -

ઉત્પત્તિના આધાર પર ચાર હજાર પુંજના બ્રહ્મારૂપી મારો એક દિવસ થાય છે. એટલા જ પરિમાણની રાત્રિ થાય છે. આ જ પરિમાણના આધાર પર શિવજીની ઉંમર સો વર્ષ થશે. પ્રત્યેક વર્ષમાં ૧૨ મહીના અને એક મહીનામાં ૩૦ દિવસ થશે પરિણામ પૂર્વ નિશ્ચિત થશે.

શિવજીનું એક વર્ષ વિષ્ણુજીનો એક દિવસ હશે અને આ જ રૂપમાં એમની આયુ સો વર્ષની થશે. વિષ્ણુનું એક વર્ષ શિવના એક દિવસની બરાબર હશે. આ જ ક્રમમાં વિષ્ણુ સો વર્ષના જ થઈ જશે. રુદ્રજીનો એક શ્વાસ બ્રહ્મા, વિષ્ણું અને દરેક ગંધર્વ છે. રાક્ષસ તથા સર્પોના ૨,૧૦૦ અહોરાત્રનું પરિણામ થશે. રુદ્રજીના શ્વાસ લેવાથી એક પળ વ્યતીત થાય છે અને આ પ્રકારે ૬૦ પળોની એક ઘડી અને ૬૦ ઘડીઓનો

રુદ્રનો એક દિવસ થશે. રુદ્રના શ્વાસ લેવાની સંખ્યામાં કોઈ ગણતરી હોતી જ નથી અને જ્યારે આખી સૃષ્ટિ પણ સમાપ્ત થઈ જશે તો ફક્ત રુદ્ર જ રહેશે અને શાસન કરશે.

વિષ્ણુજીએ નારદજીને સમજાવ્યું હતું કે તમે શિવજીની અર્ચના અને પૂજા કરો, તો તમારું કલ્યાણ થશે. એવું કહીને વિષ્ણુ અંતર્ધાન થઈ ગયા. નારદજી પૃથ્વી પર આવીને અલગ-અલગ સ્થાનો પર જઈને શિવલિંગોની પૂજા કરવા લાગ્યા. ત્યાં પર જ બ્રાહ્મણ વેશધારી ગણ પણ નારદજીને મળ્યા હતા, જેમણે એમને શ્રાપના ઉદ્ધારનો ઉપાય બતાવ્યો હતો.

બ્રહ્મા અને વિષ્ણુએ હંમેશાં જ શિવજીની આજ્ઞાને શિરોધાર્ય કરી. એનાથી શિવજી સંતુષ્ટ થઈને અંતર્ધાન થઈ જતા હતા. આ વૃત્તાંતને સંભળાવીને સૂતજી બોલ્યા કે ત્યારથી જ સંસારમાં શિવલિંગોની પૂજા થાય છે. સર્વપ્રથમ બ્રહ્મા અને વિષ્ણુએ લિંગ પૂજાને અપનાવી હતી. સૂતજીએ કહ્યું, વિધિ-વિધાનથી પ્રતિષ્ઠિત લિંગની ઉપાસના રિદ્‌ધિ-સિદ્‌ધિ આપવાવાળી છે. ગુણોની મહત્તાના આધાર પર રુદ્રનું શ્રેષ્ઠ રૂપ ખુદ ભગવાન શંકર જ છે.

મુનિવરે સૂતજી પ્રત્યે કૃતજ્ઞતા પ્રગટ કરી અને શિવ પૂજનના વિધિ-વિધાન બતાવવાનો અનુરોધ કર્યો. ઋષિઓના પ્રશ્નને સાંભળીને સૂતજીએ કહ્યું કે બ્રહ્માથી નારદજીએ, ઉપમમન્યુથી કૃષ્ણએ અને સનત કુમારથી વ્યાસજીએ આ જ પ્રશ્ન કર્યો હતો. સૂતજીએ શિવલિંગની પૂજાના વિધિ-વિધાન ઋષિઓને બતાવ્યા.

પ્રત્યેક દિવસે બ્રહ્મમુહૂર્તમાં ઉઠીને શિવભક્તને શિવ, ગુરુદેવ અને તીર્થોનું સ્મરણ કરીને શિવ સ્તોત્રનો પાઠ કરવો જોઈએ. નિત્ય કર્મ તેમજ સ્નાન વગેરેથી નિવૃત્ત થઈને સર્વપ્રથમ ગણેશજીની પૂજા કરવી જોઈએ. એના પછી શિવલિંગની સ્થાપના કરીને ત્રણ વખત પ્રાણાયામ અને ત્રણ વખત આચમન કરો. 'ત્ર્યંબકમ્ યજામહે' મંત્રનું ઉચ્ચારણ કરીને શિવજીનું ધ્યાન કરવું જોઈએ. પછી પ્રણવ મંત્રથી ષડન્યાસ કરીને શિવજીની પૂજા આરંભ કરો.

શિવભક્ત વેદમંત્રનું ઉચ્ચારણ કરીને સહસ્ત્ર જળધારાથી શિવલિંગને સ્નાન કરાવો. ચંદન, પુષ્પમાળાઓ અર્પિત કરીને પ્રણામ કરો. અંજલિમાં પુષ્પ લઈને આપ્ત કામ થવા, ઇચ્છિત ફળ મેળવવાની કામના કરીને શઇવલિંગ પર ફૂલોની વર્ષા કરો. મનથી અપરાધોની ક્ષમા-યાચના કરીને આચમન કરો. પછી પોતાની કાર્યસિદ્‌ધિ માટે પ્રયત્ન કરો. નિશ્ચય જ શિવજી એ ભક્તો પર કૃપા કરે છે.

પહેલાંના સમયની વાત છે કે સંસારના દુખો અને કષ્ટોને જોઈને બ્રહ્માજીના મનમાં એમના ઉપકારનો વિચાર આવ્યો. તેઓ અન્ય દેવતાઓને લઈને વિષ્ણુલોક ગયા. ત્યાં જઈને બ્રહ્માજીએ વિષ્ણુજીથી પ્રશ્ન કર્યો દુરિત-વિનાશ માટે કયા દેવતાની પૂજા કરવી

જોઈએ. વિષ્ણુજી બોલ્યા, બસ એક ભગવાન રુદ્રદેવ જ છે, જે બધા દુખોનું નિવારણ કરે છે. તેઓ જ પૂજનીય તેમજ સેવ્ય છે. શિવજીની પૂજાથી મનુષ્યના બધા દુરિત નષ્ટ થાય છે અને સુખ તેમજ મુક્તિના માર્ગ સુલભ થઈ જાય છે. વિશ્વકર્માએ વિષ્ણુજીના આદેશથી અનેક શિવલિંગોની રચના કરી અને એમને અલગ-અલગ દેવતાઓને આપી દીધા.

જ્યારે દેવતાઓને શિવલિંગની પ્રાપ્તિ થઈ ચૂકી હતી તો વિષ્ણુજીએ બ્રહ્મની પ્રાપ્તિ માટે પ્રતિમા-પૂજન જ સાધન બતાવ્યું. જેમ કે મૂળને સીંચવાથી શાખાઓ હરી-ભરી થઈ જાય છે, એવી જ રીતે શિવલિંગની પૂજાથી બધા દેવતા પ્રસન્ન થઈ જાય છે. વિષ્ણુથી આ જાણીને દેવતાગણ પોત-પોતાના ધામ પાછા ફરી આવ્યા અને એકચિત્ત થઈને, નિષ્ઠાપૂર્વક શિવલિંગની પૂજા કરવા લાગ્યા. બ્રહ્માજીએ નારદજીથી એ પણ કહ્યું કે કયા પત્ર-પુષ્પોથી શિવજીની પૂજા કરવાથી શું ફળ મળે છે.

લક્ષ્મી પ્રાપ્તિ માટે શિવની પૂજા કમળ-પત્ર, શંખ-પુષ્પ અને બિલી-પત્રથી કરવી જોઈએ. ૫૦ કમળ પુષ્પોથી શિવપૂજન રોગ નિવારક થાય છે. એક સહસ્ત્ર કમળોની પૂજા ભાર્યાદાયક હોય છે. મુક્તિના ઇચ્છુક કુશાથી, આયુના ઇચ્છુક દૂર્વાથી તથા પુત્રના ઇચ્છુકે ધતૂરાથી શિવલિંગની પૂજા કરવી જોઈએ. શત્રુનાશ માટે શિવજીની પૂજા આકના ફળોથી કરવી જોઈએ. પ્રતાપના ઇચ્છુકે પણ આકથી પૂજા કરવી જોઈએ. કનેરના પુષ્પોથી કરવામાં આવેલી પૂજા દરિદ્રતા દૂર કરે છે. દરેક સિંગારના પુષ્પોથી કરવામાં આવેલી પૂજા સુખ-સમૃદ્ધિ પ્રદાન કરે છે. શત્રુના મૃત્યુ માટે રાઈના પુષ્પોથી પૂજા કરવી જોઈએ. કેતકી અને ચમ્પા પુષ્પ શિવ પૂજાના વિધાનથી બહિષ્કૃત છે.

ઋષિઓએ સૂતજીથી પૂછ્યું કે શિવજી અંતર્ધ્યાન કેવી રીતે થઈ ગયા, તો એમણે કહ્યું કે નારદજીએ પણ બ્રહ્માથી આ પ્રશ્ન કર્યો હતો. ત્યારે બ્રહ્માજીએ બતાવ્યું કે શિવજીના અંતર્ધ્યાન થવા પર મેં હંસનું અને વિષ્ણુએ વારાહનું રૂપ ધારણ કરી લીધું અને સૃષ્ટિની રચના પર વિચાર કરવા લાગ્યા. હંસ અને વારાહનું રૂપ ધારણ કરવાને કારણે પણ બ્રહ્માજીએ બતાવ્યું.

હંસની ગતિ હંમેશાં ઉપર જવાની અને વારાહની ગતિ હંમેશાં નીચે જવાની હોય છે. નારદજીની જિજ્ઞાસુ દૃષ્ટિને જોઈને બ્રહ્માજીએ એમને સમજાવ્યું કે હંસમાં ક્ષીર-નીર જેમ કે વિવેક બુદ્ધિ અને તત્ત્વ-અતત્ત્વ જ્ઞાનની અદ્ભુત શક્તિ છે. હંસ જ જ્ઞાન-અજ્ઞાનના નિર્ધારણમાં સર્વાધિક સક્ષમ છે, વારાહની નીચે જવાની નિશ્ચલ ગતિ હોય છે. તેથી વિષ્ણુએ એનું રૂપ ધારણ કરી લીધું.

સૃષ્ટિની રચનાથી પરિચિત કરાવીને બ્રહ્માજીએ નારદજીને કહ્યું, શિવજીના અંતર્ધ્યાન થઈ જવા પર વિષ્ણુજી બ્રહ્માંડને છોડીને વૈકુંઠ ચાલ્યા ગયા અને એ સમયે

મેં શિવ અને વિષ્ણુને સર્વપ્રથમ પ્રણામ કર્યા તથા સૌથી પહેલાં જળનું નિર્માણ કર્યું. એ જળમાં એક અંજલિ નાખીને ચોવીસ તત્ત્વોવાળું એક અંડ પ્રગટ કર્યું. પછીથી તે વિરાટ રૂપમાં પ્રગટ થયું.

બ્રહ્માજીએ નારદજીને કહ્યું કે એ વિરાટ રૂપમાં ચેતના તેમજ જીવન નાખવા માટે મેં ૧૨ વર્ષનું ઘોર તપ કર્યું. ફળસ્વરૂપ અંતમાં વિષ્ણુએ એ અંડમાં પ્રવિષ્ટ થઈને એને ચૈતન્ય કર્યું. એના પછી જ્યારે મેં સૃષ્ટિ રચનાનું કાર્ય પ્રારંભ કર્યું તો સર્વપ્રથમ અવિદ્યા અને અંધકાર પ્રધાન પાપની સૃષ્ટિની રચના મારી સામે પ્રગટ થઈ.

એનાથી મેં સ્થાવરોની રચના કરી. પછી હું પુનઃમુખ્ય સૃષ્ટિનું નિર્માણ કરવા માટે શિવજીનું ધ્યાન કરવા લાગ્યો. એમની અનુકંપાથી ત્રાંસા ચાલવાવાળા જીવ પેદા થયા. પણ નારદજી હું એ સૃષ્ટિ રચનાથી સંતુષ્ટ ના થયો. મેં સતોગુણી દેવોની સૃષ્ટિની રચના કરી. એના પછી શિવજીની આજ્ઞાથી મેં રજોગુણ પ્રધાન માનવની રચના કરી. આ પ્રકારે તામસી સ્થાવર દેવ અને માનવ સૃષ્ટિનું નિર્માણ થઈ ગયા પછી મેં અનેક સર્ગોની રચના કરવાનો વિચાર કર્યો.

સર્ગોની રચનામાં ત્રણ સર્ગ (જગત) ઉત્પન્ન થયા. પહેલો મહત્ સર્ગ, બીજો સૂક્ષ્મ સર્ગ અને ત્રીજું વૈચારિક સર્ગ. વૈચારિક જગતથી પ્રાકૃતિક સૃષ્ટિ ઉત્પન્ન થઈ. આ પ્રકૃતિમાં વિકાર ઉત્પન્ન થઈ જવા પર અવર્ણનીય કુમાર જગતની ઉત્પત્તિ થઈ. દ્વિજાત્મક સર્ગના અસ્તિત્વમાં આવવા પર માનસ પુત્ર અને સનકાદિ ઉત્પન્ન થયા. સનકાદિને વૈરાગ્ય ભાવના હતી તેથી એમણે સૃષ્ટિ-રચનાના મારા આદેશની અવજ્ઞા કરી. એમના વ્યવહાર પર મને અત્યાધિક ક્રોધ આવ્યો અને એના કારણે મારા નેત્રોથી આંસૂ પણ આવવા લાગ્યા.

મારી દુખિત અવસ્થાને જોઈને ભગવાન વિષ્ણુ પ્રગટ થયા અને મને સાંત્વના આપી. એમણે કહ્યું કે, હું ભગવાન શિવની આરાધના કરું. મારા શિવ ધ્યાનથી ભગવાન શંકર પ્રસન્ન થયા. તેઓ અર્ધનારીશ્વર નીલોહિત શિવરૂપમાં પ્રગટ થયા અને મારી પ્રાર્થના પર એમણે પોતાના અનુકૂળ રુદ્રોની સ્થાપના કરી.

બ્રહ્માજીએ શિવજીથી પ્રાર્થના કરી કે એવી માનવી સૃષ્ટિની રચના કરો, જે મરણધર્મા હોય. પણ મહાદેવ આ કાર્યને કરવા તૈયાર ન થયા. એમણે દુખ સાગરમાં નિમગ્ન થવાવાળી અને શુભ ન લાગવાવાળી સૃષ્ટિની રચના ન કરવાની ઇચ્છા પ્રગટ કરી. શિવે કહ્યું કે હું શરણાગતનો ઉદ્ધાર કરું છું અને એને તત્ત્વ જ્ઞાન કરાવું છું. આથી હું સુખ-દુખમય પ્રજાની સૃષ્ટિ નહી કરું. આવી સૃષ્ટિનો કાર્યભાર તમે જ સંભાળો. હા, તમને આ કાર્યમાં માયાવી બાધા નહી થાય.

એમ કહીને શિવ તો અંતર્ધ્યાન થઈ ગયા અને બ્રહ્માજીએ પોતાના કાર્ય (સૃષ્ટિ-રચના)ને કરતાં રહેવાનો વિચાર બનાવી લીધો. બ્રહ્માજીએ પંચભૂતોના પંચીકરણના

દ્વારા પૃથ્વી, જળ, વાયુ, આકાશ, પર્વત, સમુદ્ર, વૃક્ષ વગેરે તથા કાલાદિથી યુક્ય યુગ તેમજ પળોની સૃષ્ટિ કરી.

હે નારદ! આના પર પણ હું સંતુષ્ટ ના થયો. પછી મેં ફરીથી, શિવજીનું ધ્યાન કર્યું. આ વખતે મેં અંબિકા સહિત શિવજીની સ્તુતિ કરી હતી. આથી એના પછી મને જે શક્તિ પ્રાપ્ત થઈ, એનાથી હું સંતુષ્ટ થયો. પછી મેં નેત્રથી મરીચિને, હૃદયથી ભૃગુને, સમાન વાયુથી વશિષ્ઠને, અપાન વાયુથી ઋતુને, અંગિરાને માથાથી, પુલહને કર્ણ (કાન)થી, પલસ્થને ઉદાન વાયુથી, અત્રિને શ્રોતથી, દત્રને પ્રાણથી નિર્મિત કર્યા. હે નારદ! પોતાના પડછાયાથી તને અને કર્દમને બનાવ્યા. બધા સાધનોના આધારભૂત ધર્મને પોતાના સંકલ્પથી જન્મ આપ્યો. પછી મેં પરમ સંતોષનો અનુભવ કર્યો.

સૃષ્ટિ-રચનાના આ જ ક્રમથી મેં ખુદને બે રૂપોમાં વિભક્ત કર્યા. એક પુરુષ અને એક નારી. પુરુષનું રૂપ મનુ અને સ્ત્રીનું રૂપ શતરૂપા હતું. એ સ્ત્રી તેમજ પુરુષમાં મેં મૈથુની સૃષ્ટિની ઉત્પત્તિ કરી. એ બંનેથી બે પુત્ર-પ્રિયવ્રત તેમજ ઉત્તાનપાદ તથા ત્રણ પુત્રીઓ-આકૂતિ, દેવહૂતિ તેમજ પ્રસૂતિ ઉત્પન્ન થયા. આકૂતિને રુચિએ ગ્રહણ કરી, દેવહૂતિને કર્દમે અને દક્ષ પ્રજાપતિએ પ્રસૂતીને લઈ લીધી. આ બધા સંતાનોથી ચર-અચર સંસાર ભરાઈ ગયો. જગતમાં આ પ્રકારે મારા જ બધા રૂપ ફેલાઈ ગયા.

આકૂતિથી બે સંતાન ઉત્પન્ન થયા - દક્ષિણ અને યજ્ઞ. પછી યજ્ઞએ દક્ષિણના બાર પુત્રોને જન્મ આપ્યો. દેવહૂતિથી પણ અનેક સંતાનો ઉત્પન્ન થઈ. દક્ષે ૨૪ કન્યાઓને જન્મ આપ્યો. જેમાં શ્રદ્ધા, લક્ષ્મી, ધૃતિ, પુષ્ટિ, મેધા, ક્રિયા, બુદ્ધિ, લજ્જા, વાયુ, શાંતિ, સિદ્ધિ અને કીર્તિ- આ તેર પુત્રીઓને યમરાજને આપી દીધી.

બાકી અન્ય પુત્રીઓ પિતાને સોંપી દીધી. જેમના નામ ખ્યાતિ, સ્મૃતિ, પ્રતિ, ક્ષમા, સંતતિ, અનુરૂપા, સ્વાહા, સ્વધા, ભૃગુ, ભવ, મરીચિ, અંગિરા, પુલસ્ત્ય, ઋતુ, અત્રિ વશિષ્ઠ, વન્ય વગેરે હતા. આ બધાની ઉત્પત્તિ પછી તો શિવજીની એવી કૃપા થઈ કે સૃષ્ટિમાં અસંખ્ય જીવ તેમજ જાતિઓ ઉત્પન્ન થઈ. જેમાં બ્રાહ્મણ જ સર્વોત્કૃષ્ટ જાતિ છે.

બ્રહ્માજીએ નારજીને શિવના બીજા પણ રૂપોનું વર્ણ કરતાં કહ્યું કે નિર્ગુણ ભગવાન શિવનું ડાબુ અંગ વિષ્ણુ છે. હું (બ્રહ્મા) એમનું સવ્ય અંગ છું અને એમનું હૃદય રુદ્ર છે. આ ક્રમમાં ત્રણ ગુણ-સત્વ, રજ અને તમની સ્થિતિ ઓળખવામાં આવે છે.

શિવ જ સતોગુણી માયાનું રૂપ સતી, રજોગુણી માયાનું રૂપ સરસ્વતી અને તમોગુણી માયાનું રૂપ લક્ષ્મી છે. સતીના લગ્ન શિવજી સાથે થયા. સતીએ પોતાના પિતા દક્ષને ત્યાં સ્વયંવરમાં શિવજીનું સ્થઆન ન જોઈને પોતાના પ્રાણ ત્યાગી દીધા હતા.

દેવતાઓના આગ્રહ પર ફરી સતીએ હિમાલયના ઘેર જન્મ લીધો. જેનું નામ પાર્વતી હતું. પાર્વતીએ તપસ્યા કરીને ફરીથી શિવજીને પ્રાપ્ત કર્યા.

શિવજીના વિષયમાં અનેક વાતો જાણી લેવા પર પણ નારદજીએ કહ્યું- હે પૂજ્ય પિતામહ બ્રહ્મા, શું તમે મને શંકરના હિમાલય ગમન તેમજ કર્મો વિશે બતાવવાની પણ કૃપા કરશો.

બ્રહ્માજીએ કહ્યું કે પહેલાંના સમયમાં કાંપિલ્ય નગરમાં યજ્ઞદત્ત નામનો પુરોહિત રહેતો હતો. જે વેદ-વેદાંતોનો જાણકાર અને મહાન વિદ્વાન હતો. તે પોતાની વિદ્વતા માટે પ્રસિદ્ધ હતો. એની મહાનતાનો યશ ચારે તરફ ફેલાયેલો હતો. ગુણનિધિ નામનો એનો એક પુત્ર હતો. ગુણનિધિનું ચરિત્ર પોતાના પિતાના બિલ્કુલ વિપરીત નિકળ્યું.

બાળપણથી જ ગુણનિધિ ખરાબ સંગતમાં પડી ગયો. જુગાર, ચોરી અને નશાના દુર્ગુણ એનામાં પડી ગયા. તે જુગાર રમવા માટે ઘરનો સામાન ચોરી-ચોરીને લઈ જવા લાગ્યો. ગુણનિધિની માતાએ આ બધું એના પિતાથી છુપાવ્યું. જ્યારે પણ યજ્ઞદત્ત પોતાના પુત્રના વિષયમાં કોઈ વાત પૂછતા અથવા કહેતા તો તે કહી દેતી કે ગુણનિધિ દેવ પૂજન, વિદ્યા અભ્યાસ અને સત્કર્મોમાં લાગ્યો છે.

વયસ્ક થવા પર ગુણનિધિના લગ્ન થયા. પણ માતાના વારંવાર સમજાવવા પર પણ એણે પોતાના દુષ્કર્મ ના છોડ્યા. તે વધારે જુગાર અને મદિરાપાન કરવા લાગ્યો. માતાએ કહ્યું- પુત્ર, જો રાજાને તારા દુષ્કર્મોની જાણ થઈ ગઈ તો તે તારા પિતાને આજીવિકાથી કાઢી મૂકશે. જેના કારણે તારા પિતાને વધારે દુખ ભોગવવું પડશે. પણ પુત્રએ માતાનું કહેવાનું માન્યું નહી.

જ્યારે ક્યારેય યજ્ઞદત્તએ પુત્રના વિષયમાં જાણકારી લેવા ઇચ્છી, માતા બહાના બતાવીને વાત ટાળી દેતી. પ્રતિદિવસ ઘરના આભૂષણ વેચીને જુગાર રમતો રહેતો. માતા માથું પીટી લેતી. કદાચ! મેં યજ્ઞદત્તથી કંઈ ના છુપાવ્યું હોત. એક દિવસ યજ્ઞદત્તે એક કિંમતી વીટી એક જુગારીના હાથમાં જોઈ. પૂછવા પર જુગારીએ ગુણનિધિના બધા ભેદ ખોલી દીધા. પિતાને વધારે ક્ષોભ અને દુખ થયું.

પિતાએ ઘેર આવીને પત્નીથી એ જ વીટીની માંગણી કરી. પત્ની જાત-જાતના બહાના બનાવવા લાગી. યજ્ઞદત્તે પત્નીને ધમકાવી અને ખરું-ખોટું કહ્યું. દુખી યજ્ઞદત્તે કહ્યું-એનાથી તો હું પુત્રહીન થાત તો સારું હતું.

પોતાના પિતાના વિવશતા ભર્યા આંસુ જોઈને ગુણનિધિને ખુબ શરમ આવી અને તે ચિંતાથી ભરાઈ ગયો. આ જ ગ્લાનિમાં તે ઘર છોડીને ક્યાંય ચાલ્યો ગયો. ભૂખ્યો-તરસ્યો પોતાના કર્યા પર પશ્ચાતાપ કરવા લાગ્યો. ફરતા-ફરતા તે એક નગરમાં પહોંચ્યો. શિવરાત્રિનો દિવસ હતો, કેટલાક શિવભક્ત શિવાલય તરફ જઈ રહ્યાં

હતા. ગુણનિધિ પણ એમનો પીછો કરતાં-કરતાં શિવાલય પહોંચ્યો. શિવભક્ત પત્ર-પુષ્પ અને મીઠા ભોજનથી ભગવાન શંકરની પૂજા અર્ચના કરવા લાગ્યા.

ગુણનિધિ છુપાઈને બધું જોઈ રહ્યો હતો. તે ભૂખ તેમજ તરસથી વ્યાકુળ હતો. તેથી સુગંધિત ભોજને એને આકૃષ્ટ કર્યો. જ્યારે શિવભક્ત નૃત્ય, ગાયન વગેરે સમાપ્ત કરીને સૂઈ ગયા તો ગુણનિધિએ પોતાના દુપટ્ટાનું દોરડું બનાવ્યું અને દીવામાં સળગાવીને શિવજી માટે નિર્મિત વસ્તુઓને લઈને ભાગવની ચેષ્ટા કરી. ત્યારે જ એનો પગ એક શિવભક્તથી ટકરાયો. તે બરાડી ઉઠ્યો. ચોર-ચોર પકડો, પકડો. આ જ પકડ-ધકડમાં ગુણનિધિનું મૃત્યુ થઈ ગયું..

યમરાજના યમદૂત એને પકડવા આવ્યા તો શિવગણોએ એમને ગુણનિધિને લઈ જવાથી રોક્યા અને એને શિવલોક લઈ જવા લાગ્યા. યમદૂતો તેમજ ગણોમાં ખૂબ જ વિવાદ થયો. ગુણનિધિના પાપકર્મોથી યમદૂતોએ શિવગણોને અવગત કરાવ્યા.

યમદૂત ધર્મરાજની પાસે ગયા અને આખી કથની એમને સંભળાવી. ધર્મરાજ પણ કહેવા લાગ્યા કે હું પોતાની બધી આજ્ઞાઓનું ઉલ્લંઘન સહન કરી શકું છું પણ કોઈ વિભૂતિધારી, રુદ્રાક્ષધારી, ત્રિપુંડધારી, શિવમાં આસક્તિ રાખવાવાળા વ્યક્તિને ક્યારેય ભૂલીને પણ અહીંયા ન લાવતા. જે શિવજીમાં આસ્થા રાખે છે, એને સદા શિવલોકમાં મોકલવાની મારી સ્થાયી આજ્ઞા છે.

શિવલોકમાં પહોંચીને વધારે સમય સુધી ગુણનિધિ સુખ ભોગવતો રહ્યો. એના પછી કલિંગ નરેશ આદિરમના ઘર દમ નામના પુત્રના રૂપમાં ઉત્પન્ન થયો. તે બાળપણથી જ શિવજીની આરાધના કરવા લાગ્યો. તે એટલો પાક્કો શિવભક્ત થયો કે પિતાના મૃત્યુ પછી પણ દમ (ગુણનિધિ)એ દેવાલયમાં દીપદાનનો રાજકીય આદેશ આપી દીધો. મૃત્યુ ઉપરાંત ત્યાં જ દમ શિવજીની કૃપાથી અલકા દેશનો શાસક બન્યો. જે પાછલા જન્મોમાં ગુણનિધિ હતો.

અલકા પ્રદેશનો રાજા બન્યા પછી ગુણનિધિ સતત શિવજીની આરાધનામાં લીન રહેવા લાગ્યો. એણે ૧૧૦૦૦ વર્ષો સુધી તપ કરીને શિવજીને એવા પ્રસન્ન કર્યા કે તેઓ એને દેવી અંબિકા સહિત વરદાન આપવા અલકાપુરી આવ્યા. એક દિવસ ભગવાન શિવે ધ્યાનમગ્ન પોતાના ભક્ત ગુણનિધિને આંખ ખોલવા માટે કહ્યું.

ગુણનિધિએ પોતાના નેત્ર ખોલીને ભગવાન શંકર તેમજ માતા પાર્વતીના દર્શન કર્યા. ભગવતી ઉમાના અનુપમ રૂપ-સૌંદર્ય અને સૌભાગ્યને જોઈને ગુણનિધિને વિસ્મય થયું. એની કુદૃષ્ટિ માતા પર પડી. ભગવતીએ એને ડાબી આંખથી પોતાને જ ઘૂરતા જોયો તો શિવજીની તરફ જિજ્ઞાસાપૂર્વક જોયું. પણ શિવજીથી એમને જાણ થઈ કે તે એમનો પૂત્ર છે અને એમના સૌભાગ્યની પ્રશંસા કરી રહ્યો છે.

પછી ગુણનિધિએ એમના ચરણ સ્પર્શ કર્યા. શિવજીએ પ્રસન્ન થઈને ગુણનિધિને યક્ષ કુબેર બનવાનું વરદાન આપ્યું. સાથે જ એ આજ્ઞા આપી કે અલકાપુરીને પોતાનું સ્થાયી નિવાસસ્થાન બનાવી લે. ગુણનિધિ શ્રદ્ધાપૂર્વક ચરણ સ્પર્શ કરતો-કરતો માતાના ચરણોમાં પડી ગયો. ભગવતીએ એને વરદાન આપ્યું, અતૂટ શિવ ભક્ત બનીને રહો. મારા રૂપ પ્રત્યે દ્વેષના કારણે તારું નેત્ર પીતવર્ણનું થઈ જશે તથા તારું નામ કુબેર હશે. ત્યારથી જ તે અલકાપુરીની નજીક એક નગરમાં રહેવા લાગ્યો. એ નગરને વિશ્વકર્માએ બનાવ્યું હતું.

શિલ્પકાર વિશ્વકર્માએ કૈલાશ પર્વત પર પણ એક સુંદર, સુવિધાજનક રહેવાનું સ્થાન બનાવ્યું. જ્યાં આવીને શંકર આત્મસ્થ થઈને યોગ લીન થઈ જાય છે. પોતાના ગણોથી ત્યાં બેસીને અલગ-અલગ વિષયો પર ચર્ચા કરે છે. આ જ અનેક લીલાઓ અને માયાનું નિર્માણ કરે છે. આ પ્રકારે હે નારદ! શિવજી કૈલાશ પર્વત પર રહીને અનેક પ્રકારના કર્મોમાં લીન રહે છે.

પરિચય ખંડ : ગણેશ જન્મકથાઓ

ગણેશના પ્રગટ થવાની કથા અલગ-અલગ પુરાણોમાં અલગ-અલગ પ્રકારથી આપવામાં આવી છે. એમના પ્રગટ થવાની કથાઓમાં સમાનતાનો અભાવ છે. અમે બધા પુરાણોથી ગણપતિના પ્રગટ થવાની કથાઓનો સાર આ પુસ્તકમાં લખી રહ્યાં છીએ, જેથી દેવભક્ત આને વાંચીને જ્ઞાન પ્રાપ્ત કરી શકે અને પોતાના ઉપાસ્ય અને પ્રથમ વિઘ્નહારી દેવની લીલાઓનો યોગ્ય પરિચય પ્રાપ્ત કરી શકે.

પદ્મપુરાણથી સૃષ્ટિ ખંડ અર્થાત્ રચના વિભાગમાં ગજવદનના ઉત્પન્ન થવાની સુંદર મનમોહક, મંગલમયી અને કલ્યાણકારી કથા આ પ્રકારે કહેવામાં આવી છે.

હિમાલયની પુત્રી (હિમગિરિ નન્દિની) પાર્વતીના લગ્ન સંસ્કાર પછી પ્રભુ શંકર પોતાની અતિ સ્નેહમયી ગિરિજાના અનેક રમણીય આકર્ષક અને એકાન્ત વન-ઉપવનોમાં વિહાર માટે લઈ ગયા. શિવ અતિ પ્રસન્ન અવસ્થામાં પ્રકૃતિના અનુપમ સૌંદર્યનો આનંદ લઈને પોતાની અર્ધાંગિની ગૌરીની સાથે ભ્રમણ કરતાં રહ્યા. આ જ વચ્ચે એક વખતની વાત છે કે શંકરાર્ધાંગિની પાર્વતીએ પોતાના શરીરમાં કપૂર અને સુવાસિત તેલયુક્ત તત્ત્વોનો લેપ બનાવીને લગાવ્યો. શરીરથી પડવાવાળા લેપના અવશેષથી પાર્વતીએ રમત-રમતમાં એક પુરુષની આકૃતિની રચના કરી નાખી. એ આકૃતિનું મુખ ગજ (હાથી)ની સમાન હતું.

જ્યારે માતા ગૌરી સ્નાન માટે ગંગા નદીમાં ઉતરી તો મનોવિનોદ માટે એ ગજમુખ આકૃતિને પવિત્ર, પાવન પુણ્ય સલિલા ગંગાજીમાં નાખી દીધી. ગંગાજી પાર્વતીજીને પોતાની પરમ સ્નેહી સખી માનતી હતી. ત્રણેય લોકોને તારવાવાળી ગંગાને જળના પડતા જ લેપના અવશેષોથી બનેલો રમકડું એક મોટી આકૃતિમાં બદલાઈ ગયું. શંકરની સાથે શોભાયમાન થવાવાળી માતા પાર્વતીએ ગજમુખવાળી એ રચનાને પોતાનો પુત્ર કહીને બોલાવ્યો. ગંગાજીએ પણ સહેલીના પુત્રને પોતાનો પુત્ર માની લીધો. દેવગણ અર્થાત્ દેવતાઓએ એ ગંગાને પુત્ર કહીને આદર સન્માન આપ્યું. ગંગાની જેમ આરાધ્ય તેમજ પૂજનીય માની લીધા. સંસારની બધી કળાઓને ઉત્પન્ન કરવાવાળા બ્રહ્માજીએ એમને ગણોના સ્વામી બનાવી દીધા. આ પ્રકારથી બધા દેવતા, ગજવદન અર્થાત્ ગણપતિની પૂજા કરવા લાગ્યા. દેવગણોના સ્વામી, નાયક અને આરાધ્ય ગણેશની પૂજા નરસમાજમાં પણ પ્રારંભ થઈ ગઈ.

લિંગ પુરાણના પ્રારંભમાં ગણપતિના ઉત્પન્ન અથવા પ્રગટ થવાનું કથારૂપ પદ્મપુરાણથી થોડું અલગ છે.

એક વખતની વાત છે કે બધા દેવતાઓએ મળીને એક સભા આયોજિત કરી. એ સભામાં એ વિચાર રાખવામાં આવ્યો કે અસુર હંમેશાં જ દેવતાઓને સતાવતા તેમજ યુદ્ધ કરતાં રહે છે, શું એ સારું થશે કે આપણા હાથમાં કોઈ એવું વરદાન કે શક્તિ લાગી જાય, જેનાથી દેવતા અસુરોને પરાજિત કરી શકે. શિવજી અસુરોનો પક્ષ લે છે અને એમની આરાધનાથી પ્રસન્ન થઈ જાય છે- અને દેવતાઓને યુદ્ધમાં જ્યારે ત્યારે હરાવે છે.

દેવતાઓએ વિચાર્યું જ્યારે શિવ ખુદ દેવતા છે, તો આપણે પણ કેમ ના એ અત્યંત વિધ્વંસકારી બળદની સવારી કરવાવાળા અને ચાર મુખવાળા દેવતાની આરાધના કરીને મનોવાંછિત ફળ પ્રાપ્ત કરી લઈએ. જ્યારે શંકર અસુરોની પ્રાર્થનાને જલ્દી જ તેમજ સહર્ષ સ્વીકાર કરીને એમને મનોનુકૂળ વરદાન આપે છે તો શું દેવતાઓને નહી આપે. આ શક્તિશાળી દૈત્યોને કારણે દેવતાઓને અનેક કષ્ટોનો સામનો કરવો પડતો હતો. દેવતા કહેવા લાગ્યા, આપણે બધા પણ પોતાના વિજય અને અસુરોના કાર્યોને ખંડિત કરવાની શક્તિ પ્રાપ્ત કરવા માટે તરત સુખ તેમજ સંતોષ આપવાવાળા ભગવાન (આશુતોષ) શિવની પૂજા, અર્ચના કરીએ. આ વિચાર-વિમર્શ કરીને દેવ સમુદાય પાર્વતીના સ્વામી શિવની પાસે જઈને એમની સ્તુતિ અને પૂજા કરવા લાગ્યા. અત્યંત જલ્દી પ્રસન્ન થવાવાળા ભોલે શંકર એમની પ્રાર્થનાથી અત્યંત ખુશ થયા અને દેવતાઓથી બોલ્યા, હે દેવગણ! તમે કોઈ પણ ઇચ્છિત વરદાન માંગી શકો છો. હું તમારા પર અત્યાધિક પ્રસન્ન છું.

જ્ઞાનના ભંડાર અને ગુરુઓમાં શ્રેષ્ઠ બૃહસ્પતિએ પણ દેવતાઓ માટે ભગવાન શિવથી નિવેદન કર્યું. હે કૃપાળુ પ્રભુ શંકર! દેવતાઓના શત્રુ અસુરોની પૂજાથી ખુશ થઈને તમે એમને એમની ઇચ્છા અનુસાર વરદાન આપો છો, જેનાથી તેઓ સમર્થવાન થઈને દેવતાઓને સતાવે તેમજ કષ્ટ આપતા રહે છે. અમે બધા દેવગણ એ અસુર શક્તિઓ અને દાનવોના કાર્યોમાં બાધા નાખી શકીએ, કષ્ટ પહોંચાડી શકીએ અને એમનો નાશ કરી શકીએ, એવું વરદાન અમને પ્રદાન કરો. સુરદ્રાહી દૈત્યોથી દેવતાઓના સુકર્મોને બચાવી શકીએ.

પરમ સંતોષી, વિશાળ તેમજ ઉદાર હૃદયવાળા ભગવાન આશુતોષ અર્થાત્ શિવે તથાસ્તુ (એવું જ થશે) કહીને સુર સમૂહને આશ્વાસન આપ્યું અને એમની મનોકામના પૂર્ણ કરી.

ભગવાન શિવની દેવતાઓ દ્વારા આરાધના કર્યાના કેટલાક વર્ષ પછી ગણેશના પ્રગટ થવાની કથા કંઈક આ પ્રકારે સન્મુખ આવી -

બધા લોકોના ઈશ્વર, સ્વામી, શિવની પત્ની પાર્વતીની સામે એક વિશાળકાય રૂપ પ્રગટ થયું, જે બ્રહ્મસ્વરૂપ અને બધા અંશોમાં સૌથી મોટું હતું. જેને શ્રી ગણેશના

નામથી બોલાવવામાં આવ્યા. એ મહાન તેજસ્વી, દીર્ઘ બલિષ્ઠ અને પ્રતાપી બાળકનું મુખ હાથી જેવું હતું. એ બાળકના એક હાથમાં ત્રિશૂળ અને બીજા હાથમાં પાશ હતતા. બધા વિઘ્ન-બાધાઓનો નાશ કરવાવાળા આ અવતારનો ધરતી પર જન્મ થતાં જ દેવતાગણોમાં પ્રસન્નતા છવાઈ ગઈ. ખુશીના માર્યા સુર દેવલોકથી ગજાનન (જેમનું હાથી જેવું મુખ હતું) પર ફૂલોની વર્ષા કરવા લાગ્યા અને વારંવાર એમના ચરણોમાં પ્રણામ કરીને અને પ્રસન્નચિત્ત થઈ જતા હતા.

ત્રણેય લોકોનું કલ્યાણ કરવાવાળી હિમાલયની પુત્રી, કરુણા દયાની મૂર્તિ ગૌરાએ ગજાનને પોતાનો પુત્ર માની લીધો. પોતાના પ્રિય પુત્રને ખૂબ સુંદર, આકર્ષક અને વિચિત્ર આભૂષણ વસ્ત્ર વગેરે પહેરાવ્યા. દેવતાઓમાં પણ દેવતુલ્ય ભગવાન શંકરે પોતાના પ્રાણપ્રિય પુત્ર માટે અન્ય ધાર્મિક અને જાતક કર્મ સંસ્કાર કરાવ્યા. મહાદેવ શંકરે પોતાના પુત્ર ગણેશથી કહ્યું-તારો જન્મ દેવતાઓની રક્ષા માટે થયો છો. તારે દૈત્યોનો નાશ કરવાનો છે. બ્રાહ્મણો અને બ્રહ્માને માનવાવાળા સંતોના ઉપકાર તેમજ ભલાઈ માટે તમે અવતાર લઈને આવ્યા છો. જો ધરતી પર કોઈ દક્ષિણા રહિત યજ્ઞ, હવન-પૂજડન કરે તો ખુદ જઈને એ કાર્યના માર્ગમાં અડચણ ઉપસ્થિત કરો. કેમ કે ધર્મ કાર્ય પૂર્ણ વિધિપૂર્વક થવું જોઈએ. દક્ષિણાહીન યજ્ઞ કરવાવાળા યજ્ઞકર્તાના કાર્યોમાં વિઘ્ન નાંખીને એને સ્વર્ક ન જવા દો.

આગળ ભગવાન શંકર કહેવા લાગ્યા કે જે પણ સંસારમાં ખોટા ઢંગથી અન્યાયપૂર્ણ કાર્ય કરે છે, તું એના પ્રાણોનો નાશ કરો. જે ખોટી રીતેથી અભ્યાસ, અધ્યાપન, વ્યાખ્યાન કે અન્ય ધાર્મિક કાર્ય કરે છે, હે ગણેશ! તું એમના પ્રાણોનું હરણ કરતાં રહો. જે વ્યકિત કે સ્ત્રી પુરુષ, વર્ણ, ધર્મ અને જાતિના પ્રત્યે કર્તવ્ય પાલન તેમજ ધર્મ પાલનમાં નિષ્ઠા ન રાખતા હોય અને સ્વધર્મથી વિમુખ થઈને ચાલે, તમે એમના પ્રાણોનું હરણ કરતાં રહો.

હે શિવ પુત્ર ગજાનન! જે સ્ત્રી નિત્યપ્રતિ તમારી વિધિપૂર્વક પૂજા અર્ચના કરે એને પોતાની સમતા પ્રદાન કરો. હે માનવોથી શ્રેષ્ઠ ગણપતિ! પોતાના ભક્તોની હંમેશાં રક્ષા કરો. આ લોક અને પરલોકમાં પોતાના ભક્તોની રક્ષા કરવી તમારો ધર્મ છે. વિઘ્ન બાધાઓને દૂર કરવાવાળા, જીવનને મંગલમય બનાવવાવાળા, સવારે સ્મરણીય ગણેશ તમે હંમેશાં ત્રણેય લોકોમાં પૂજનીય રહો.

ચતુર્મુખ શિવજીએ ગણેશથી આગળ એ પણ કહ્યું કે - જે મારી, ચક્રધારિ વિષ્ણુની અથવા પરમેશ્વર બ્રહ્માજીની યજ્ઞો દ્વારા અથવા બ્રાહ્મણોના માધ્યમથી પૂજા કરે છે, એમને સૌથી પહેલા તમારી પૂજા કરવી પડશે. બધા ધાર્મિક કર્મકાંડ અને મંગલકારી કાર્યોમાં સર્વપ્રથમ તમે જ પૂજવામાં આવશો. હે ગણપતિ! તમારી પૂજડા કર્યા વગર જે

પણ શુદ્ધ કર્મનું કલ્યાણકારી કાર્ય અથવા કર્મોનું અનુષ્ઠાન કરશે, એનું મંગલ પણ અમંગલમાં બદલાઈ જશે. એનું શુભ કર્મ પણ અશુભ થઈ જશે.

વર્ણ-વ્યવસ્થામાં કથિત ચારેય જાતિઓ-બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રો દ્વારા પણ બધા કાર્યોની સિદ્ધિ માટે સર્વપ્રથમ તમે જ પૂજવામાં આવશો.

વર્ણ-વ્યવસ્થામાં કથિત ચારે જાતિઓ- બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્રો દ્વારા પણ બધા કાર્યોની સિદ્ધિ માટે સર્વપ્રથમ તમે જ પૂજવામાં આવશો. આ મારો અટલ આશીર્વાદ તમારા માટે છે.

ભગવાન ગજાનની પૂજા વિધિનું વરણન કરતાં-કરતાં પરમપિતા શંકરે કહ્યું- ત્રણેય લોકોમાંકે દેવતા તમારી પૂજા કર્યા વગર કશું પણ પ્રાપ્ત નહીં કરી શકે. ચન્દન, ધૂપ-દીપ, ફળ-ફૂલ અને અક્ષત વગેરેને ભેટ સ્વરૂપ ચરણોમાં અર્પિત કરીને જ તેઓ કંઈક પ્રાપ્ત કરી શકશે નહીતર નહી. સંસારમાં જે પણ તમારી પૂજા કરશે, તેઓ ઇન્દ્ર અને અન્ય દેવતાઓ દ્વારા પણ પૂજવામાં આવશે. નર સમાજ અને દેવ-સમાજમાં જે ફળની કામનાથી બ્રહ્મા, વિષ્ણઉ વગેરેની પૂજા કરશે પણ તમારી પૂજા નહીં કરે, એમને તમે વિઘ્ન-બાધા પહોંચાડીને કષ્ટ આપશો. તમારી સર્વપ્રથમ પૂજા વગર ત્રણેય લોકોમાં કોઈનું પણ કલ્યાણકારી કાર્ય સિદ્ધ નહીં થાય.

પરમાત્મા શિવનો આશીર્વાદ મેળવીને પાર્વતી પુત્ર ગણપતિએ વિઘ્નગણોને ઉત્પન્ન કર્યા. બધાના હૃદયમાં નિવાસ કરવાવાળા શિવલજીના ચરણોમાં, પોતાના ગણોની સાથે જઈને પ્રણામ કર્યા અને એમનાથી આશીર્વાદ પ્રાપ્ત કર્યા.

હે મુનિઓ! એક સ્થાન પર ગણેશના ઉત્પન્ન થવાની કથા વધારે રોચક અને મનોહારી છે. એક સમયની વાત છે કે દેવી પાર્વતી પોતાના આરાધ્ય સ્વામી શંકરની સાથે કૈલાશ પર્વત પર રહેતી હતી. ભગવતી ગિરિજીની બે પ્રિય સખીઓ પણ એમની સાથે હતી. જેમના નામ ક્રમશ:વિજયા અને જયા હતા. નારાયણી પાર્વતી એક દિવસ પોતાની સહેલીઓની સાથે બેસીને મનોવિનોદમાં વ્યસ્ત હતી કે બંને સહેલીઓ કહેવા લાગી- હે માં ભગવતી પાર્વતી, બધા ગણ મહેશ્વર શિવજીના છે, તમારા નહી. નન્દી, ભૃંગી અન્ય બધા ગણ ભગવાન શંકરની સેવાઓ માટે તત્પર રહે છે તરત મનોકામના પૂર્ણ કરવાવાળા ઈશ્વર આશુતોષ પોતાના ગણોની ભક્તિ અને સેવાથી વધારે પ્રસન્ન છે. તે ગણ પોતાની અનન્ય ભક્તિ સેવાને કારણે જ દ્વારપાલક બનેલા છે. આ વાત સારી છે પણ તે ગણ આપણા પણ સેવક છે છતાં પણ અમારી (વિજયા અને જયા) ઇચ્છા છે કે અમારા માટે પણ તમે એક ગણ બનાવી દો, જે હંમેશાં અમારી આજ્ઞાનુસાર અમારી સેવામાં ઉપસ્થિત રહે.

એક દિવસે શિવજીનો ગણ નન્દી સ્નાનાગારના દ્વાર પર ઊભો હતો અને માંતા ગૌરા-શિવ પ્રિયા સ્નાનાગારમાં જળક્રીડા કરી રહી હતી. સર્વસિદ્ધિ પાર્વતી નિશ્ચિંત

થઈને સ્નાન કરી રહી હતી કે શત્રુઓના નાશક ભગવાન શંકર પોતાની પરમ પ્રિયા પાર્વતીની પાસે જવા હેતુ સ્નાનાગારના દ્વાર પર પહોંચ્યા. શિવજીના અનન્ય ઉપાસક નન્દીએ કહ્યું કે માતા પાર્વતી સ્નાન કરી રહ્યાં છે, તમે અંદર નથી જઈ શકતા. ભૂત પ્રેતાત્માઓમાં પણ પૂજનીય ભોળા શંકરે નન્દીનું કહેવાનું માન્યું નહી અને અંદર ચાલ્યા ગયા. જ્યારે શિવ પ્રિયાએ એ સ્થિતિમાં પ્રભુ શંકરને પોતાની આટલી નજીક જોયા તો તેઓ શરમ અને સંકોચથી સ્તબ્ધ ઊભીની ઊભી રહી ગઈ. તેઓ વારંવાર એ વિચારીને હેરાન થઈ રહી હતી કે દ્વાર પર નંદી દ્વારપાલ બનીને ઊભો છો. એમના હોવા છતાં ત્રિલોકીના સ્વામી તેમજ મારા આરાધ્ય અહીંયા કેવી રીતે પહોંચી શક્યા. એમના મનમાં શિવજીના ગણોના પ્રત્યે જે વિશ્વાસ હતો, એમાં થોડો સંદેહ થવા લાગ્યો. વિચારવા લાગી કે આ તો ફક્ત ભગવાન આશુતોષના જ સેવક છે.

બસ પછી શું હતું! એમણે તરત પોતાની સર્વગુણ સંપન્ન મનોવિનોદિની સહેલીઓના હાસ-પરિહાસની વાત યાદ આવી ગઈ. પાર્વતીજી વિચારવા લાગી કે જયા અને વિજયા ઠીક જ કહેતી હતી કે આ ગણ તો ફક્ત મારા પ્રભુ શંકરને કારણે જ દ્વારપાલક બનેલા છે. તેઓ મનમાં ને મનમાં જ વિચાર કરવા લાગી કે જો મારો કોઈ પોતાનો ગણ હોત તો શું ભગવાન આશુતોષ એકાએક સ્નાનાગરમાં આવી શકતા હતા? એ સત્ય છે કે શિવજીના ગણો પર મારો કોઈ અધિકાર નથી. મારે પણ પોતાની પાસે એક એવો સેવક રાખવો જોઈએ જે અક્ષરશઃમારા આદેશનું પાલન કરે. જે દરેક પ્રકારથી ગુણી અને કાર્યકુશળ હોય.

આ પ્રકારે ત્રણેય લોકોની ઈશ્વરીય દેવી ગિરિજાએ યોગબળ અર્થાત્ શક્તિ તેમજ સામર્થ્યમાં એક અનુપમ ગણની રચના કરી નાખી. તે ગણ સર્વગુણ સંપન્ન હતો. એનું શરીર સુડોળ, વિશાળ, શૌભાયુક્ત, પરમ બળશાળી હતું. માતા પાર્વતીએ પોતાના એ ગણને અનેક સુંદર અને ઉત્તમ વસ્ત્રો તેમજ આભૂષણોથી સજાવ્યો અને એને પાસે બોલાવીને કહેવા લાગી કે આજથી તું મારો પુત્ર છે. તારા જેટલો વ્હાલો, દુલારો અને સ્નેહી મારો બીજો કોઈ નથી.

એ વિશાળ શરીરધારી, તેજસ્વી, બુદ્ધિશાળી અને બળવાન પુરુષે પોતાની માતા શિવપ્રિયા પાર્વતીના ચરણોને સ્પર્શ કર્યા અને કહેવા લાગ્યા કે માતા અમ્બિકે, તમારી બધી આજ્ઞાઓનું હું હંમેશાં પાલન કરીશ. તમે પોતાની ઇચ્છા અને આજ્ઞા બતાવીને મારા પર કૃપા કરો.

બધી દેવીઓમાં મહાન ઈસ્વરીય દેવી ભગવતીએ ખુશ થઈને પોતાના પુત્રને કહ્યું કે દરેક પ્રકારથી તું મારો છે. બસ આજથી જ તું મારા દ્વારપાલક બની જાઓ. મારી અનુમતિ વગર કોઈ મારા ઘરમાં પ્રવેશ ન કરી શકે, તે કોઈ પણ હોય, ક્યાંયથી પણ

આવ્યું હોય. આ પ્રકારથી એ નવ નિર્મિત ગણને એક પ્રકારથી દંડ આપી દીધો અને પોતાના પ્રાણપ્રિય પુત્ર ગણરાજને પોતાનો દ્વારપાલક બનાવીને ઊભો કરી દીધો.

થોડી વાર પછી ગોરોચન તેમજ કપૂરનું તિલક ધારણ કરવાવાળા પાર્વતીના પ્રિય શિવ ત્યાં આવી પહોંચ્યા. જેવા જ તેઓ દ્વારની અંદર જવા લાગ્યા કે ગણરાજે પૂછ્યું-"હે માન્યવર દેવ! તમે ક્યાં જવા ઇચ્છો છો. માતા પાર્વતીની આજ્ઞા વગર તમે અંદર નથી જઈ શકતા. આ સમયે જગતની માતા ભગવતી સ્નાન કરી રહી છે તેથી તમે અહીયાથી પાછા ફરી જાઓ." ચન્દ્રના સમાન તિલકધારી અને શ્રેષ્ઠ શિવજીને પોતાની પ્રિયા પાર્વતીના પુત્ર વિશે સહેજ પણ જ્ઞાન ન હતું. ચન્દ્રમૌલિ અર્થાત્ મસ્તિષ્ક પર ચન્દ્ર ધારણ કરવાવાળા શિવ બોલ્યા, "તને જાણ નથી કે હું શિવ છું અને જગત જનની ગૌરાનો સ્વામી છું. હું ખુદ અહીયા એનાથી મળવા આવ્યો છું." પ્રાણપ્રિયા શિવાના પુત્ર ગણરાજે કહ્યું - "તમે જે કોઈ પણ હોવ, ગમે ત્યાંથી આવ્યા હોવ, પરંતુ હું માતાની આજ્ઞા વગર તમને અંદર જવા નહી દઉં." આ પ્રકારે માતૃભક્ત વીર બાળક ગણરાજે મહેશ્વર શિવને ના જ કહી દીધી.

ખૂબ જ વિસ્મિત થઈને પાર્વતીના પ્રાણોના સ્વામી અને પ્રિય શિવે કહ્યું - "હું તો એનો પતિ છું અને તૂં મને મારા જ ઘરમાં જવાથી રોકી રહ્યો છે, હું જરૂર જઈશ.'

આમ કહીને તેઓ અંદર પ્રવેશ કરવા લાગ્યા. જગત માતા પાર્વતી-પુત્રએ એમને ફરીથી રોક્યા.

કામના શત્રુ, લીલાધારી શિવે પોતાના ગણોથી પૂછ્યું કે આ કોણ છે, જે મને મારા જ ઘરમાં જવાથી રોકી રહ્યો છે? આટલું કહીને શિવ દૂર જઈને ઊભા થઈ ગયા.

પરમેશ્વર શિવના સેવક ગણોએ મહાગૌરી જનની પુત્રની પાસે જઈને પૂછ્યું-"તું કોણ છે? ક્યાંથી આવ્યો છે? તારી શું ઇચ્છા છે? જો તું અમારા સ્વામી શંકરને અંદર પ્રવેશ કરવા નહી દે તો તારા પ્રાણોની ખેર નથી. સારું થશે કે તું અમારું કહેવાનું માનીને તરત અહીયાથી ચાલ્યો જા."

પાર્વતીના પુત્ર ગણરાજે નિડર થઈને વૃષભધ્વજ શિવજીના ગણોથી કહ્યું-"પહેલા તું બતાવ કે તું કોણ છે? તારું અહીયા આવવાનો અર્થ શું છે? તું શું ઇચ્છે છે? વ્યર્થમાં મને ધમકીઓ આપવાવાળો તું કોણ છે? પોતાનું ભલું ઇચ્છતો હોય તો અહીયાથી ચાલ્યો જા."

શિવજીના ગણોએ કહ્યું, "અમે ભગવાન ભૂતનાથના ગણ અને દ્વારપાલક છીએ. ભૂતોને આનંદ આપવાવાળા સ્વામી શિવજીની આજ્ઞાથી અમે તને અહીયાથી હટાવવા આવ્યા છીએ. તને પણ દ્વારપાલક અને ગણ સમજીને અત્યારે અમે તને કશું નથી

કહ્યું. જો પોતાનું ભલું અને કલ્યામ ઇચ્છે છે તો તરત અહીયાથી ચાલ્યા જાઓ નહી તો અમે તને મારી નાંખીશું. બેકારમાં તારે પોતાના પ્રાણોથી હાથ ધોવા પડશે.''

સંસારની સર્વોચ્ચ શકિતની પ્રતીક શકિતમયી માતાના શકિતશાળી પુત્રએ કહ્યું, ''હું તો માતા પાર્વતીનો સેવક અને દ્વારપાલક છું. મારી માતાએ મને આજ્ઞા આપી છે કે એમની આજ્ઞા વગર કોઈ પણ ઘરની અંદર પ્રવેશ ના કરે. તમે તો પોતાના માલિક શિવની આજ્ઞાનું પાલન કરવા અહીયા આવ્યા છો અને હું મારી માતા પાર્વતીની આજ્ઞા માનીને અહીયા ઊભો છું. તારો સતત આગ્રહ વ્યર્થ છે. હું અહીયાથી નહી હટું અને હું તો માતા પાર્વતીની જ આજ્ઞા માનીશ.''

મહાન શિવજીના ગણોએ પોતાના આરાધ્ય શંકરથી જઈને કહ્યું, ''તે બાળક પોતાને માતા પાર્વતીનો પુત્ર બતાવે છે અને દ્વારથી સહેજ પણ હટવા તૈયાર નથી. ત્યાં સુધી કે યુદ્ધ કરવા માટે પણ તૈયાર છે તથા મૃત્યુને શરણ થવા પણ.''

કર્પૂર, ચંદન અને ગોરોચન જેવા સુગંધિત પદાર્થોનું તિલક લગાવવાવાળા મહેશ્વર શિવે ગુસ્સાથી ભરાઈને કહ્યું- '' કંઈ પણ કરો, એ બાળકને દ્વાર પરથી હટાઓ. તે એકલો બાળક તમારું શું બગાડી લેશે. જો યુદ્ધ કરવું પડે તો યુદ્ધ કરો.'

નન્દી, શ્રૃંગી અને બધા ગણ એકઠા થઈને પાર્વતી નંદન ગણેશની પાસે પહોંચ્યા અને એમને યુદ્ધ માટે લલકાર્યા. શિવગણોને પોતાની પાસે આવતા જોઈને વીર નિડર તેમજ સાહસી ગણરાજ પાર્વતી પુત્રએ એમનાથી કહ્યું કે હું એકલો બાળક જ તમારા બધાનો સામનો અને મુકાબલો કરીશ. હું મહાશકિતનો પુત્ર મહાન શકિતધારી તમારા બધા માટે એકલો જ પૂરતો છું.'' તે બળશાળી બાળક કહેવા લાગ્યો, ''આજે માતા પાર્વતી અને ત્રણેય લોકોના પ્રભુ શિવલજી પોતાના ગણોની શકિત તેમજ બળ જોઈ લે.''

ગણેશજી કહેવા લાગ્યા - ''આજે બધા એ વાતને જાણી લઈશું કે પાર્વતીના પુત્ર અને ત્રણેય લોકોના પ્રભુ શિવજીના ગણોમાં કેટલું બળ અને તાકાત છે. ગૌરા અને શિવજીના નામ પર બળવાન ગણોનું એક બાળક સાથે યુદ્ધ થશે. તમે બધા તો બળવાનો યોદ્ધા છો અને તમે તો પહેલાં પણ કેટલાય યુદ્ધ કર્યા હશે. પરંતુ મારું તો આ પ્રથમ યુદ્ધ છે. હું એકલો બાળક છું છતાં પણ હું યુદ્ધ કરવા માટે તૈયાર છું. હું તમારી સાથે એકલા જ યુદ્ધ કરીશ. પર્વતરાજની પુત્રી પાર્વતી અને એમના પતિ શિવજીના આ વિવાદમાં જ્યારે તમારી હાર થશે તો તમને જરૂર શરમમાં મુકાવું પડશે અને સાથે જ આ અપમાનનો સામનો માતા શિવાની અને મહાદેવે પણ કરવો પડશે.'' ગણેશજીએ ફરી કહ્યું, ''હાર અને જીત આપણે બધા ગણોની વચ્ચે નથી પરંતુ માતા અંબિકા અને તરત સુખદ ફળ આપવાવાળા ભગવાન સ્વામી અને ઇષ્ટ મહાદેવ શિવજીની આજ્ઞાનું પાલન કરો. હું દરેક પ્રકારથી તમારી સાથે યુદ્ધ કરવા તૈયાર છું.''

શિવજી મહારાજના ગણ બાળક ગણેશની એટલી તીખી વાતો સાંભળીને ગુણેશ થઈ ગયા અને એમણે ગણપતિ પર આક્રમણ કરી દીધું. પણ ગણેશજીએ એ ગણોનો પ્રહારોને નિષ્ફળ કરી દીધા. બધા ગણ એક તરફ અને બાળક ગણેશ એકલો એક તરફ. ગણ તો એકદમ ગભરાઈ ગયા. ભગવાન આશુતોષના ગણોને ગણેશ ભયંકર કાળ જેવા નજરે પડી રહ્યાં હતા. શિવગણોને એવું લાગ્યું કે જાણે અમારો નાશ જલ્દી જ થવાનો છે. માતા શક્તિ રૂપા પાર્વતીના અતિશક્તિશાળી પુત્ર ગણેશના પ્રહારોથી શિવગણ અહીં-તહીં ભાગવા લાગ્યા અને ગણેશજી પોતાની જનની પાર્વતીનું સ્મરણ કરતાં-કરતાં યુદ્ધ કરતાં રહ્યાં.

જલ્દી જ આ વાતની ખબર આખા દેવલોકમાં ફેલાઈ ગઈ. નારદજી અને ચક્રને ધારણ કરવાવાળા ભગવાન વિષ્ણુ અને બ્રહ્માજી તરત જ કામના શત્રુ ભગવાન શિવની પાસે ગયા અને કહેવા લાગ્યા કે મહાદેવ આ કેવી લીલા થઈ રહી છે અને આ યુદ્ધ કેમ થઈ રહ્યું છે? કૃપા કરીને તમે જલ્દી જ આ વાત પર ધ્યાન આપો.

સંસારના નિર્માતા બ્રહ્માજી અને વિષ્ણુજીની વાત સાંભળીને શિવજી કહેવા લાગ્યા, "એક વીર અજેય, બળવાન બાળક મારા જ ઘરના દ્વાર પર બેસીને મને અંદર પ્રવેશ નથી થવા દઈ રહ્યો. આવી અવસ્થામાં હું શું કરું? હું ખુદ વિચારમાં પડી ગયો છું. એ શક્તિશાળી બાળકે મારા બધા ગણો અને સભાજનોને હરાવી દીધા છે. તેઓ બધા એ બાળકના તીખા બાણોથી અને ઠેસોથી ડરીને ભાગી ગયા છે અથવા ઘાયલ થઈ ગયા છે. તમે બધા મળીને એને સમજાવો અને કોઈ ન્યાયપૂર્ણ માર્ગ કાઢીને આ યુદ્ધને રોકવાનો પ્રયત્ન કરો."

વિધાતા અર્થાત્ બ્રહ્માજીએ બાળકને અનેક નીતિપૂર્ણ અને મધુર વચનોથી સમજાવ્યા પણ ગણેશજી પર એમના ઉપદેશોની સહેજપણ અસર ન થઈ. એટલામાં ચક્રધારી અર્થાત્ ભગવાન વિષ્ણુ બોલ્યા, "દેવતામાં મહાન દેવેશ્વર શિવજી, આ બાળક તો અજેય નજરે પડે છે. આટલી સરળતાથી આને સમાપ્ત નથી કરી શકાતો. બસ ફક્ત એક માર્ગ છે. હું (ભગવાન વિષ્ણુ) આ બાળકને મોહબંધનમાં બાંધુ છું, પોતાની જાળમાં ફસાવીને શક્તિહીન કરી દઈશ. હે સંસારભરમાં ઉજ્જવળ શંભુ, તમે તરત આના પર પ્રહાર કરીને એને સમાપ્ત કરી દો."

એક તરફથી ભગવાન વિષ્ણુએ ગણેશજીને મોહિત કર્યા અને બીજી તરફથી ભગવાન શંકરે પોતાનું ત્રિશૂળ ઉઠાવીને એના પર પ્રહાર કરી દીધો. એનાથી ગણેશજીનું મસ્તક કપાઈને દૂર જઈ પડ્યું અને શરીર એક તરફ જઈ પડ્યું. પછી બધા દેવતાઓ તેમજ ગણોએ સુખ અને સંતોષનો શ્વાસ લીધો. ખુશીમાં ખૂબ નાચવા-ગાવા લાગ્યા. ઢોલ-નગારાં અને મૃદંગ વાગવા લાગ્યા અને દેવગણ પ્રસન્નચિત્ત થઈ ગયા.

જ્યારે માતા પાર્વતીને પોતાની સહેલીઓથી આ વાતની સૂચના મળી કે એમના પુત્રનો વધ કરીને દેવતાગણ ખુશીઓ મનાવી રહ્યાં છે, તો રુદ્ર અર્થાત્ શિવજીની પત્ની ગૌરા દુખને કારણે અત્યાધિક વ્યાકુળ થઈ ગઈ અને પોતાના પુત્રનો વિયોગ કરવા લાગી. પણ તરત જ મહાશક્તિ દેવી પાર્વતી કહેવા લાગી, "જેમ દેવ સમુદાય અને દેવગણોએ મારા પુત્રને સમાપ્ત કર્યો છે, હું પણ એમને મૃત્યુની અગ્નિમાં નાખી દઈશ. કેમ કે પુત્રનો શોક અને વ્યાકુળતા મારા માટે અસહનીય થઈ ગઈ છે."

પાર્વતીજીએ એવો વિચાર કરીને બધી તેજસ્વી શક્તિઓને ઉત્પન્ન કરી અને એમને આજ્ઞા આપીને કહ્યું કે આખા સંસારમાં પ્રલય મચાવી દો. સમજ્યા-વિચાર્યા વગર ત્રાહિમામ્-ત્રાહિમામ્ મચાવી દો. જ્યાં જે મળે એને ખાઇ લો. પોતાનો શિકાર બનાવી લો. ભલે એમાં દેવતા હોય, ઋષિ-મુનિ, યજ્ઞ-કિન્નર અથવા પોતાના-પારકા કોઈ પણ હોય, તમે બધાનું ભક્ષણ કરી શકો છો.

એના પછી એ દેવી શક્તિઓ મળીને ચારે તરફ હાહાકાર મચાવી દીધો. જ્યાં પણ જે કોઈ મળ્યું, એને પોતાના ક્રોધથી ભસ્મ કરી દીધા અથવા સામે જોતાં જ એને સમાપ્ત કરી દીધા. બધા દેવતા અને રાક્ષસ વિચારમાં પડી ગયા. સુરો અને અસુરોએ મળીને એક સભા કરી. બધાએ પોત-પોતાના જીવનની આશા ત્યાગી દીધી. બધાએ એક સ્વરમાં કહ્યું કે પોતાના જીવનની રક્ષા માટે બસ એક જ રસ્તો છે - કોઈપણ પ્રકારે આ દેવી શક્તિઓને ઉત્પન્ન કરવાવાળી શક્તિની મૂર્તિ, મહાદેવની પત્ની ખુશ થઈ જાય તો આપણા પ્રાણોની રક્ષા થઈ શકે છે, આપણે બધા બચી શકીએ છીએ. સુર અને અસુરોની વાતચીત થઈ જ રહી હતી કે દેવતાઓના ઋષિ તેમજ પૂજનીય નારદજી ત્યાં આવી પહોંચ્યા. બધાએ પોતાની કરુણ કથા એમને સંભળાવી અને બતાવ્યું કે કેવી રીતે શક્તિરૂપા ગૌરાના કોપનો અમે શિકાર થઈ રહ્યાં છીએ. હવે તો પર્વતરાજની પુત્રી ઈશ્વરીય શક્તિઓમાં મહાન શક્તિરૂપા પાર્વતીને ખુશ કર્યા વગર અમારું કલ્યાણ નથી થઈ શકતું. પરંતુ મુશ્કેલી તો એ છે કે પ્રતિદિન સિદ્ધિઓને સિદ્ધ કરવાવાળી ક્રોધિત પાર્વતીની પાસે જશે કોણ ? નારદજીની સાથે મળીને બધા દેવતા અને ઋષિ-મુનિ સંસારની જનની જગદમ્બાની પાસે પહોંચ્યા. શક્તિરૂપા શિવાના ચરણોમાં ઝુકીને પ્રણામ કર્યા અને એમનાથી પ્રાર્થના કરવા લાગ્યા. હે જગદ્જનની જગદમ્બે! શિવ પત્ની, અમે બધા તમને વારંવાર નમસ્કાર કરીએ છીએ. હે દેવીઓમાં પણ પરમ શક્તિશાળી ચન્ડિકે! તમે સંસારની પ્રથમ તેમજ આદિ શક્તિ છો, તમે જગતની રચના કરવાવાળી છો. સૃષ્ટિમાં ઉપસ્થિત બધા પદાર્થોનો સંહાર કરવાવાળી શક્તિ છો. હે દેવી ! તમારા ક્રોધથી ત્રણેય લોક પરેશાન અને વ્યાકુળ થઈ રહ્યાં છે. તમારા ગુસ્સાને સહન કરવાની ક્ષમતા અમારામાં નથી. કૃપા કરીને અમારી વિનંતી, પ્રાર્થના અને સ્તુતિનો સ્વીકાર કરો. દેવી, પોતાના ક્રોધને શાંત કરો. અમારા પર કૃપા કરો, અમે બધા તમારા ચરણોમાં શીશ નમાવીએ છીએ.

બધા દેવતાઓનો સમૂહ અને ઋષિજન માતા ભગવતીના ચરણોમાં પ્રાર્થના કરીને શીશ ઝૂકાવીને ઊભા થઈ ગયા.

એ દેવગણો તેમજ ઋષિગણોની વિનંતી તેમજ સ્તુતિને સાંભળીને સમસ્ત લોકોની દેવી શિવજીની પત્ની પાર્વતીનું હૃદય પણ કરુણાથી ભરાયા વગર રહી ના શક્યું અને એમનું મન દ્રવી ઉઠ્યું. તેઓ કહેવા લાગી-જો મારો પુત્ર ગણરાજ ફરીથી જીવિત થઈ જાય અને તમે દેવતા તેમજ ઋષિઓની વચ્ચે પૂજનીય માનવામાં આવે તથા એને બધાના અધ્યક્ષ અર્થાત્ સર્વાધ્યક્ષ પદ પ્રદાન કરવામાં આવે ત્યારે જ મારો ક્રોધ શાંત થઈ શકે છે, ત્યારે જ ત્રણેય લોકોમાં શાંતિ સ્થાપિત થઈ શકે છે, નહીતર નહી.

પછી શું હતું - ઋષિગણ કહેવા લાગ્યા કે એ જ વાત માનવી જોઈએ, જેનાથી ત્રણેય લોકોના સ્વામીની પત્ની પાર્વતીજીને સુખ મળે. એવું વિચારીને બધા શિવજીની પાસે પહોંચ્યા અને શક્તિરૂપા શિવાની વાત એમનાથી કહી. કર્પૂર અને ગોરોચનનું તિલક લગાવવાવાળા ત્રણેય લોકોના સ્વામી શિવજીએ પોતાના ગણોને આજ્ઞા આપી કે ઉત્તર દિશાની તરફ જાઓ તથા ઉત્તર દિશાની તરફ માથું કરીને સૂતું જે પ્રાણી મળે એનું મસ્તક કાપીને મારી પાસે લઈ આવો. ખુદ એમણે બાળકના માથા રહિત શરીરને ધોઈ-લૂછીને સાફ કર્યું. એના પછી 'કબન્ધ' અર્થાત્ જેના માથાના ધડથી અલગ કરી દેવામાં આવ્યું હોય, શિશુનિ વિધિપૂર્વક પૂજા-અર્ચના કરવા લાગ્યા.

શિવજીના બધા ગણ ઉત્તર દિશામાં ભ્રમણ માટે નિકળી પડ્યાં. શિવગણોને સૌથી પહેલાં એક હાથી મળ્યો, એ ગજરાજનો એક જ દાંત હતો, ગણ એનું જ માથું લઈને ભગવાન શંકરના ચરણોમાં આવીને ઉપસ્થિત થઈ ગયા. મહાન ઈશ્વર સમાન શિવે એ જ ગજ (હાથી)નું માથું બાળકના શરીરની ઉપર ખભાઓ પર જોડી દીધું અને પોતાની તાંત્રિક વિદ્યા તેમજ યોગ માયાથી બાળકને જીવિત કરી દીધો. તે સૌભાગ્યશાળી બાળક ગજનું માથું લગાવીને એક અનોખા પ્રકારની રૂપરેખા તેમજ આકારનો બની ગયો. એ વિચિત્ર શિશુને જોઈને બધા સ્તબ્ધ રહી ગયા. બધા દેવતાઓ અને ઋષિઓના ચહેરા પર પ્રસન્નતા છવાઈ ગઈ. એ બાળકના સૌંદર્ય તેમજ તેજની ચમકથી ચારે તરફ ખુશીની લહેર ફેલાઈ ગઈ.

જગત્ જનની માતા પાર્વતી પોતાના પ્રિય પુત્રને મેળવીને અત્યંત પ્રસન્ન થઈ અને જલ્દી જ પોતાના પુત્રને ખોળામાં બેસાડી લીધો. શિવની પત્ની કહેવા લાગી કે તમારે બધાએ ખૂબ જ કષ્ટ ઉઠાવવું પડ્યું પણ હવે હું અત્યંત ખુશ છું.

આ બાળકના મુખ અને મસ્તક પર સિન્દૂર લાગ્યું છે આથી જે મનુષ્ય તેમજ જીવ આ ગણરાજ બાળકની સિન્દૂર, ગંધ-પુષ્પાદિથી પૂજા કરશે, એના બધા મનોરથ અને ઇચ્છાઓ પૂર્ણ થઈ જશે. એની પૂજાથી બધા વિઘ્નો અને બાધાઓનો નાશ થઈ જશે. બધા દેવતાઓએ એમને અલગ-અલગ વરદાન આપ્યા અને બધા દેવતાઓમાં પ્રથમ

પૂજનીય માની લીધા. ત્યારથી ભક્તિ, પૂજા-અર્ચનામાં ગણેશજીની સૌથી પહેલાં પૂજા કરવામાં આવવા લાગી.

એક અન્ય કથા

પર્વતરાજની પુત્રી પાર્વતીની જ્યારે બળદ પર સવારી કરવાવાળા શિવજીની સાથે લગ્ન સંસ્કાર થયા તો સમસ્ત ચર અને અચરની આત્મામામાં નિવાસ કરવાવાળા મહેશ્વર એમને લઈને વનોમાં વિહાર કરવા માટે ચાલ્યા ગયા. એક લાંબા સમય સુધી દેવતાઓમાં પણ સર્વાધિક પૂજનીય શંકરનું વન-વિહાર ચાલતો રહ્યો. એક દિવસ અચાનક જ ધર્મની આજ્ઞા માનવાવાળી, ધર્મપરાયણ, પતિવ્રતા પાર્વતીએ શિવ શંકરથી એક નિવેદન કર્યું- હે પ્રભો! હું એક ઉત્તમ શ્રેષ્ઠ પુત્ર પ્રાપ્ત કરવા ઇચ્છું છું.

ત્રણેય લોકોના સ્વામી અર્થાત્ ભગવાન ત્રિપુરારી, જે સમસ્ત ભૂતોના સ્વામી પણ છે, પોતાની ધર્મ-પરાયણ પત્નીની વાત સાંભળીને કહેવા લાગ્યા કે હું તમને પુત્ર પ્રાપ્ત કરવાવાળું શ્રેષ્ઠ વ્રત અને એની વિધિ બતાવું છું. આ વ્રત પોતાનામાં ખૂબ જ પવિત્ર, પુણ્યદાયક અને ફળકારી છે આથી આ વ્રતનું નામ પુણ્યક વ્રત પણ છે. એની પૂજા-અર્ચના અર્થાત્ અનુષ્ઠાનની વિધિ એક વર્ષ સુધી ચાલે છે. ધર્માત્મા મનુની પત્ની પણ પુત્ર ન હોવાને કારણે વધારે દુખી હતી, આથી એક દિવસ એમણે વિધાતાથી પ્રાર્થનાપૂર્વક પુત્ર-પ્રાપ્તિનો ઉપાય પૂછ્યો હતો. તે નારી બ્રહ્મલોકમાં જઈને બ્રહ્મા અર્થાત્ વિધાતાથી વિનયપૂર્વક બોલી- હે ભગવન્! તમે સંસારના રચયિતા અને સૃષ્ટિકર્તા કહેવાઓ છો. બધા કારણોનું પણ તમને જ્ઞાન છે. પુત્ર વગર ગૃહસ્થ જીવન નીરસ અને અર્થહીન લાગે છે. મારી પાસે પુત્ર ન હોવાથી મને મારું જીવન વ્યર્થ લાગે છે.

પુત્ર વગર સ્ત્રી-પુરુષ અથવા પતિ-પત્નીનો જન્મ વ્યર્થ છે. અન્ન-ધન અને બધી સુખદ સામગ્રી નિષ્ફળ છે. માનવના તપ અને દાનનું ફળ એને જન્મ-જન્માંતર સુધી મળતું રહે છે. તપ અને દાનના કર્મકાંડ અનેક કલ્પો સુધી સુખ પ્રદાન કરતાં રહે છે. પણ પુત્ર જ એક એવું રૂપ છે, જે પિતાને એ જ જન્મમમાં સુખ, સંતોષ અને હર્ષ પ્રદાન કરે છે. પુત્ર જ 'પુત' નામના નરકથી માતાની રક્ષા કરે છે. મારી ઇચ્છા અને પ્રાર્થનાને જાણીને કૃપા કરીને તમે તે વિધિ અને ઉપાય બતાવો જેના દ્વારા બન્ધ્યાને પણ પુત્ર પ્રાપ્ત થઈ શકે.

વિધાતા કહેવા લાગ્યા કે હે પુત્રી! હું તમને એક એવું વ્રત બતાવું છું, જે સમસ્ત ઇચ્છાઓને પૂરા કરવાવાળું અને પરમ સુખદ છે. જો તમે વિધિ-વિધાનથી આ વ્રતનું અનુષ્ઠાન કરળો તો શ્રી નારાયણ (વિષ્ણુ)ના સ્વરૂપ શ્રેષ્ઠ અને પરાક્રમી પુત્રની પ્રાપ્તિ તમને થશે. વ્રતના સમયે (એક વર્ષ) સતત વેદોમાં બતાવવામાં આવેલી વસ્તુઓનું દાન કરતાં રહેવું જોઈએ. માઘ માસમાં શુક્લ પક્ષની ત્રયોદશીથી આ વ્રતને

પ્રારંભ કરવું જોઈએ. વ્રત કરવાવાળા (વ્રતી)ને જોઈએ કે વ્રત આરંભ કરવાથી પહેલાં દિવસ (દ્વાદશી)ને ઉપવાસ કે વ્રત રાખે તથા આગલા દિવસે (ત્રયોદશી) વહેલી સવારે બ્રહ્મ મુહૂર્તમાં નિત્ય કર્મોને સમાપ્ત કરીને શ્રીહરિના મંદિરમાં જઈને એમને અર્ઘ્ય અર્થાત્ જળ ચઢાવે. પૂજા-અર્ચના તેમજ પ્રાર્થના કરે. પછી તરત ઘરે પાછા જઈને કોઈ સુયોગ્ય બ્રાહ્મણને આચાર્ય પદ માટે પસંદ કરીને ભગવાન વિષ્ણુની સ્તુતિ કરતાં મંત્રોનું ઉચ્ચારણ કરે અને પછી કળશની સ્થાપના કરે. પછી મનમાં દૃઢ સંકલ્પ અર્થાત્ પાક્કો ઇરાદો કરીને આ વ્રતનું અનુષ્ઠાન આરંભ કરે અને શ્રીહરિ (વિષ્ણુ)નું સતત ધ્યાન કરે.

એના પછી, અનેક પ્રકારના ફળ, પુષ્પ અને સુગંધિત દ્રવ્યો અને પ્રસાદોથી ભગવાન વિષ્ણુની આરાધના શરૂ કરવી જોઈએ. કૂષ્માંડ (પેઠા), શ્રીફળ (બેલ પાંદડા), નારિયેળ અને જમ્બીર વગેરે ફળોથી શ્રીહરિની ભક્તિ કરવી જોઈએ. અનેક પ્રકારથી શ્રીહરિના ચરણોમાં સમર્પિત કરવા જોઈએ. અનેક પ્રકારથી શ્રીહરિની ભક્તિ કરવી જોઈએ. અનેક વાદ્ય-યંત્રોનો પ્રયોગ કરીને ભજન, ગીત, સંગીત અને નૃત્ય કરીને શ્રીહરિને પ્રસન્ન કરવા જોઈએ. એમની ભક્તિ માટે અને વર પ્રાપ્તિ માટે એક લાખ સુગન્ધિત પુષ્પોની માળા પ્રભુ શ્રીહરીને ભેટ કરવી જોઈએ. ભગવાનની સંતુષ્ટિ અને આનંદ માટે અનેક પ્રકારના સ્વાદિષ્ટ વ્યંજનોનો પ્રસાદ બનાવીને ભોગ લગાવવા જોઈએ. ફૂલ, મિસરી (સાકર) અને તુલસીના પાંદડાઓનું મિશ્રણ બનાવીને શ્રીહરીના સ્થાનને સુસજ્જિત રાખવું જોઈએ. વ્રત કરવાવાળી સ્ત્રીએ એક-સો બ્રાહ્મણનો નિત્ય સાત્વિક શુદ્ધ તેમજ સ્વાદિષ્ટ ભોજન કરાવવું જોઈએ.

હે દેવી! સુવ્રતને ધારણ કરવાવાળી સુલક્ષણા. દરેક દિવસ પૂજાના સમયે સુગન્ધિત ફૂલોથી ભરાઈને સો અંજલિઓ, પવિત્ર પાવન પ્રભુ શ્રીહરિને અર્પિત કરવી જોઈએ અને સો વખત શીશ નમાવીને પ્રણામ કરવા જોઈએ. વ્રત કાળના અંતર્ગત છ મહીના સુધી હવિષ્યાન્ન- (યજ્ઞમાં ચઢાવવામાં આવેલું અન્ન) અર્થાત્ (અગહની, ચોખા, અનાજ, મગ, તળ, જવ, વટાણા, તિન્ની, સાઠી, દૂધ, દહી, ઘી, શાકર, લવિંગ, જીરું, પીપળ, સેંઘા મીઠું, બથુઆ, મૂળો, કેરી, આંબલી, કટહલ, નારંગી, કેળું, હરડ અને આમળા વગેરે હવિષ્યાન્ન કહેવામાં આવે છે.) વ્રતીને પાંચ મહીના સુધી ફળાહાર, એક પક્ષ સુધી હવિ (લીલા શાક, ફળ વગેરે)નો આહાર અને એક પક્ષ સુધી ફક્ત જળ પર નિર્ભર રહેવું પડે છે.

ઉપર્યુક્ત વિધિથી વ્રત કરીને પછી એનું ઉદ્યાપાન કરવું જોઈએ. ૩૬૦ ડલિઓ સુન્દર વસ્ત્રો, અતિ ઉત્તમ ભોટો, આભૂષણો, ભોજ્ય પદાર્થો અને યજ્ઞોપવીત (જનોઈ)થી ભરાઈને દાન કરો. હવન-યજ્ઞમાં એક હજાર ત્રણસો આઠ ઘીની આહુતિઓ આપીને પ્રણામ કરો. આટલા બ્રાહ્મણોની શ્રદ્ધાપૂર્વક ઇચ્છિત ભોજન કરાવીને એક-એક સુવર્ણ મુદ્રાની દક્ષઇણા આપે. આ વ્રતને કરવાથી શ્રીહરિના ચરણોમાં પાક્કી અને

પૂર્ણ ભક્તિ થઈ જાય છે. આ પ્રકારે નિયમપૂર્વક આ વ્રત કરવાથી પરાક્રમી તેમજ પ્રસિદ્ધ પુત્ર, પતિનું સૌભાગ્ય તેમજ સુખ અને અત્યાધિક ધનની પ્રાપ્તિ થાય છે.

સંસારના પિતામહ અર્થાત્ બ્રહ્માની કૃપા તેમજ પ્રેરણાને મેળવીને સૌ રૂપો ધારણ કરવાવાળા (શતરૂપા) સતી અત્યાધિક પ્રભાવિત તેમજ પ્રસન્ન થઇ અને પછી એમણે આ સુફળને આપવાવાળા વ્રતને વિધિ-વિધાનથી શ્રદ્ધાપૂર્વક કર્યું.

વ્રતધારી ધર્માત્મા મનુની પત્નીએ આ પરમ અને શુભદ વ્રતને કર્યું તો એમના ત્યાં પ્રિયવ્રત અને ઉત્તાનપાદ નામના બે સુંદર, તેજસ્વી અને યશસ્વી બાળક ઉત્પન્ન થયા હતા. સુપ્રસિદ્ધ મહાભાગ દેવહૂતિએ પણ જ્યારે આ વ્રતના માહાત્મ્યને સાંભળ્યું તો એમણે પણ આ વ્રતને ધારણ કરીને શ્રીહરિના અંશ (જીવ) કપિલજીને પોતાના પુત્રના રૂપમાં મેળવી લીધા હતા. દેવતાઓની માતા કહેવામાં આવવાવાળી અદિતીને ત્યાં પણ વામન ભગવાન ઉત્પન્ન થયા હતા. આ મહાન અને મહિમાકારી વ્રતના પ્રભાવને કારણે અનેક સૌભાગ્યવાન અને પુત્રહીન નારીઓ પુત્રવતી થઈ છે. શિવજી કહેવા લાગ્યા- હે મારી પ્રાણપ્રિય! પ્રાણોની સ્વામિની અર્થાત્ પ્રાણવલ્લભે! તમે પણ આ વ્રતને શ્રદ્ધાપૂર્વક, વિધિપૂર્વક, ભક્તિ-પૂજા યુક્ત પાલન કરો, તમને નિશ્ચય જ પરમ દુર્લભ પુત્ર રત્ન પ્રાપ્ત થશે.

કર્પૂર ગૌર અર્થાત્ કપૂર અને સુગંધિત ગોરોચનનું તિલક ધારણ કરવાવાળા શિવ શંકર દ્વારા એવા મધુર અને મહિમામય વચન સાંભળીને સતી પાર્વતીએ પણ આ પવિત્ર અને સુફળ આપવાવાળા દુર્લભ વ્રતને કર્યું હતું. ત્યારે જ એમને ત્યાં ભગવાન ગણેશજી પુત્રના રૂપમાં ઉત્પન્ન થયા હતા. પુત્ર પેદા થવાની ખુશીમાં માતા ગૌરા અત્યંત પ્રસન્ન થઈ. સ્વર્ગ અને મોક્ષને દાનમાં આપવાવાળા માતા પાર્વતીના સ્વામી શિવ મહાન પણ પુત્રના ઉત્પન્ન થવાથી ખૂબ ખુશ થયા અને એમની દિવ્ય પ્રેરણાથી અનેક વાદ્યયંત્ર વાગવા લાગ્યા. ચહું અને સંગીત, નૃત્ય અને આનંદની લહેર દોડી ગઈ. પુત્ર પ્રાપ્તિની મંગલ કામના પૂર્ણ થવાને કારણે પરમપિતા મહાદેવે બ્રાહ્મણો, બન્દીઓ અને ભિક્ષુઓને નાના પ્રકારના રત્ન, અમૂલ્ય દ્રવ્ય અને બહુમૂલ્ય ધન-સંપત્તિનું દાન કર્યું. દરેક માનવના અર્થાત્ પ્રાણીમાત્રના સાચ્ચા સાથી, શુભૈષી, જગતનો ઉદ્ધાર કરવાવાળા, જલદી પ્રસન્ન થવાવાળા શિવશંકરના ઘેર શિશુ પ્રગટ થવાની ખુશીમાં બધા દેવતા, ઋષિગણ-ખુશી અને આનંદથી ભરાઈને મદમસ્ત થઈ ગયા. બધાએ બાળકના જીવન માટે મંગળ કામનાઓ કરી. બધા દેવ સમૂહ, ઋષિગણ, ગંધર્વ-કિન્નર ત્યાં આવ્યા અને શિશુને આશીર્વાદ આપ્યા, એના ઉજ્જવળ તેમજ મંગલમય જીવનની કામના કરી.

ગૌરીનંદન અર્થાત્ માતા ગૌરાના પુત્રને જોવા માટે અનેક દેવતાગણ ભગવાન શંકરની પાસે આવ્યા. બધા દેવતાઓ ગૌરીનંદનને જોવા માટે જતાં જોતા સૂર્ય પુત્ર

શનૈશ્ચર અર્થાત્ (ધીમે-ધીમે ચાલવાવાળા)ની પણ તીવ્ર ઇચ્છા થઈ કે હું પણ ભૂતભાવન અર્થાત્ ભૂતોને પણ સારા લાગવાવાળા શિવ શંકરના ઘેર જાઉં. બાળક ગણેશને જોવાની ઇચ્છાથી શનૈશ્ચરે ભૂતભાવન શિવના ઘેર પ્રવેશ કર્યો. સમસ્ત સંસારની જનની પાર્વતી નવજાત શિશુને ખોળામાં લઈને બેઠી હતી. યોગીઓમાં પણ મહાન કહેવાતા શનૈશ્ચર માતા પાર્વતીની સન્મુખ શીશ નમાવીને ઊભા થઈ ગયા અને નતમસ્તક થઈને એમને પ્રણામ કર્યા. જગત્ જનની માતા જગદમ્બાએ એમને આશીર્વાદ આપ્યા અને એમના ખબર-અંતરના સમાચાર પૂછ્યાં. પછી માતા પાર્વતી કહેવા લાગી કે સમસ્ત ગ્રહોના સ્વામી-ગ્રહેશ્વર, તમારા નેત્ર થોડા બંધ છે તથા તમે માથું નમાવીને કેમ ઊભા છો. તમે જ્યારે મારી પાસે આવ્યા છો તો ના મારી તરફ જોઈ રહ્યાં છો અને ના મારી શિશુની તરફ. આનું કારણ શું છે? સૂર્યના પુત્ર શનૈશ્ચરે જવાબ આપ્યો, "માતા, બધા પ્રાણી આ સંસારમાં પોતાના કર્મોનું ફળ ભોગવે છે. સારા-ખરાબ, શુભ-અશુભ, કર્મોને કારણે જ સુખ-દુખની પ્રાપ્તિ થાય છે. હે માતે! મારી કથા કંઈક ગુપ્ત છે. તે તમારી સન્મુખ કહેવા લાયક નથી. પણ તમારી આજ્ઞાનું ઉલ્લંઘન પણ હું નથી કરી શકતો." આથી ગ્રહેશ્વરે કહ્યું-"હે શંકર પ્રિયે માતા ગૌરા, તે કથા હું તમને સંભળાવું છું."

શનૈશ્ચરે કહ્યું- માતા પાર્વતી, હું બાળપણથી જ ભગવાન કૃષ્ણના ચરણોની ભક્તિ કર્યા કરતો હતો. હંમેશાં એમના ધ્યાનમાં તલ્લીન તેમજ મગ્ન રહેતો હતો. હું એમના ચરણોનો દાસ હતો. મારી એમના પ્રત્યે ભક્તિ અત્યાધિક ગૂઢ અને અથાગ હતી. હું પોતાની ભક્તિ-ભાવનાને કારણે બહુધા તપમાં મગ્ન અને હંમેશાં વૈરાગી જેવો રહ્યાં કરતો હતો પરંતુ આવી અવસ્થામાં પણ મારા પિતા શ્રી સૂર્યનારાયણે મારા લગ્ન ચિત્રરથની પુત્રીની સાથે કરાવી દીધા. મારી પત્ની ખૂબ જ સીધી સાધ્વી, તેજસ્વી અને તપસ્વિની છે. એક દિવસની વાત છે કે મારી પત્ની ઋતુ સ્નાન પછી મારી પાસે આવી. એ સમયે હું ભગવાનના નામનો જાપ કરી રહ્યો હતો. મને સર્વથા પોતાની આસપાસનું કશું જ્ઞાન ન હતું. કેમ કે તે એક સતી સાધ્વી અને પ્રિય ભક્ત હતી તેથી પોતાનું અપમાન અને અવહેલના તે ના સહન કરી શખી. એણે ક્રોધમાં આવીને મને શ્રાપ આપી દીધો. કહેવા લાગી કે આજથી તમે જેની તરફ પણ જોશો, તે છિન્ન મસ્તક થઈ જશે.

છતાં પણ માતા મેં ધ્યાન તોડીને એમને ખૂબ જ સમજાવ્યા અને સંતુષ્ટ કર્યા. એણે ખૂબ જ પશ્ચાતાપ કર્યો પણ છતાં પણ શ્રાપ પાછો લેવામાં અસમર્થ રહી. આ જ શ્રાપને કારણે, જીવ હિંસાના ભયથી હું હંમેશાં પોતાના નેત્રોને ઝુકાવીને રાખું છું. હું કોઈની તરફ દૃષ્ટિપાત નથી કરતો કેમ કે એની તરત મૃત્યુ થઈ જશે.

માતા પાર્વતીએ જ્યારે શનૈશ્ચર (ધીમે-ધીમે ચાલવાવાળા)ની વાતો સાંભળી તો તેઓ હસવા લાગી કે - સંસાર ઈશ્વરની ઇચ્છાને આધીન છે, જે પરમેશ્વર ઇચ્છે છે તે જ થાય

છે. તેથી તમે જરા પણ ચિંતાન ના કરો તથા તમે મારી તરફ તથા મારા શિશુની તરફ જુઓ.

સૂર્ય પુત્ર શનૈશ્ચરે મનમાંને મનમાં ખૂબ વિચાર કર્યો કે હું પાર્વતીના બાળકને જોઉં અથવા નહીં? જો હું આ દુર્લભ તેજસ્વી બાળકને જોઈશ તો જરૂર એનું ખરાબ થઈ જશે. બધાની ઈશ્વર રૂપા દેવી પાર્વતીની વાત કેવી રીતે ટાલી શકાતી હતી. વધારે વિચાર્યા પછી યોગી શનૈશ્ચરે માતા જગદમ્બાની તરફ તો ના જોયું પરંતુ શિશુની તરફ પોતાની ડાબી આંખના ખૂણાથી જોયું હતું કે શનૈશ્ચરની શ્રાપગ્રસ્ત દૃષ્ટિ પડતાં જ ભગવતી ઉમાના પ્રાણોથી પણ વ્હાલા પુત્ર ગણેશનું માથું ધડથી અલગ થઈને દૂર જઈને પડ્યું. શનૈશ્ચર અત્યાધિક દુખી થયા અને ગભરાઈને પોતાની આંખ ફેરવી લીધી અને માથું ઝૂકાવીને ભગવતીની સામે ઊભા થઈ ગયા.

જ્યારે માતા પાર્વતીએ લોહીથી લથપથ કબન્ધ શિશુને પોતાના ખોળામાં જોયા તો દુખથી ચીસ પાડી ઊઠ્યા. હાય! આ મારા શિશુને શું થયું. આવું દર્દનાક અને વિસ્મિત કરી દેવાવાળા દૃશ્યને જોઈને ઉપસ્થિત કૈલાશ નિવાસી અત્યંત દુખી થયા. બાળકની આવી દશા થઈ જશે, એવો કોઈને આભાસ પણ ન હતો.

દેવી તો મૂર્છિત જ થઈ ગઈ. લોહીથી લથપથ મસ્તકવિહીન શિશુ અને માં ગૌરાની ચિન્તાયુક્ત દશા જોઈને ભગવાન વિષ્ણુ તો ગરુડ પર સવાર થઈને તરત ઉત્તર દિશાની તરફ ચાલી નિકળ્યા. રસ્તામાં પુષ્પભદ્રા નદીના કિનારે એમણે એક ગજ પરિવારને આરામથી સૂતા જોયા. ગજેન્દ્રનું માથું એ સમય ઉત્તરની તરફ હતું. ચક્રપાણી શ્રીહરિએ એ ગજેન્દ્રનું મસ્તક પોતાના ચક્રથી કાપી નાંખ્યું અને એને લઈને કૈલાશ પર્વત પર આવી ગયા.

ભગવાન નારાયણે એ મસ્તકને મૃત બાળકને કબન્ધ પર લગાવી દીધું અને પછી પોતાની યોગમાયા દ્વારા એને જીવિત પણ કરી દીધો. સંસારના માયા-મોહને દૂર કરવાવાળી માતા અંબિકાને શ્રીહરિએ સચેત કર્યા અને એમના પુત્રને એમના ખોળામાં બેસીને એમને પ્રસન્ન કરીને કહેવા લાગ્યા, "હે કલ્યાણકારી, બુદ્ધિરૂપા શિવે! બ્રહમાથી લઈને કીટપર્યન્ત સુધી બધા પોત-પોતાના કર્મોનું ફળ આ જગતમાં ભોગવવા આવે છે. હે માતેશ્વરી! તમે સારી રીતે આ વાતને જાણો છો, દરેક પ્રાણી પોતાના કર્મોનું ફળ ભોગવે છે." શોકાકુળ ઉમાને સમજાવતા-સમજાવતા ચક્રપાણી વિષ્ણુએ સાંત્વના આપી.

પ્રત્યેક મનુષ્યને સ્વકર્મજિત ભોગ સેંકડો યુગો સુધી અનેક યોનિઓમાં જન્મ લઈને ભોગવવા જ પડે છે. જગતમાં થવાવાળા દુખ, સુખ, ભય, શોક, આનંદ વગેરે બધા કર્મોના જ તો ફળ છે. દેવી! એમાં સુખ તો ઉત્તમ કર્મોનું પરિણામ છે અને દુખ અને ભયાદિ પાપ કર્મોનું.

ભગવાન ચક્રપાણીની મધુરવાણી સાંભળીને માતા ઉમા કંઈક સંતુષ્ટ થઈ ગઈ. વાત્સલ્યમયી શિવાએ શ્રીહરિના ચરણોમાં પ્રણામ કર્યા. કર્પૂર ગૌર શિવ અને માતા પ્રવતી બંનેએ જ ભગવાન વિષ્ણુની સ્તુતિ કરી. શિશુને પુનજીવિત મેળવીને માતા ગૌરા તો હર્ષાતિરેકથી વિભોર થઈ ઊઠી હતી, સાથે જ બધા દેવ સમુદાયમાં પણ આનંદ તેમજ હર્ષની લહેર ફેલાઈ ગઈ. શુભ મુહૂર્ત જોઈને શ્રીહરિએ બાળકના શુભ સંસ્કાર કર્યા અને બાળકને આશીર્વાદ આપીને ભગવાન વિષ્ણુએ કહ્યું, "હે સુરશ્રેષ્ઠ! મેં સર્વપ્રથમ તમારી પૂજા કરી છે, તેથી હે વત્સ! આજથી જગતમાં તું સર્વપ્રથમ પૂજનીય હોઈશ. તું સર્વપૂજ્ય તેમજ યોગીન્દ્ર થઈશ."

શિવશંકરના પ્રિય પુત્રને પ્રસન્ન થઈને કમલનયન વિષ્ણુએ પુષ્પ માળા પહેરાવી. હર્ષનાદ અને આનંદથી વાતાવરણ ગૂંજી ઉઠ્યું. શ્રી હરિએ એમને મોક્ષદાયક બ્રહ્મજ્ઞાન અને સંપૂર્ણ સિદ્ધિઓ પ્રદાન કરી. ભગવાન નારાયણે રુદ્રપ્રિય નંદન આઠ નામ પણ રાખી દીધા-

વિઘ્નેશ, ગણેશ, હેરમ્બ, ગજાનન, લમ્બોધર, એક દંત, શૂપકર્ણી અને વિનાયક.

ત્યારથી જ પાર્વતી પુત્ર ગજમુખ અગ્રરૂપમાં પૂજનીય માનવામાં આવે છે.

માતા પાર્વતી ખંડ

ઋષિ-મુનિઓએ ગણેશજીથી પૂછ્યું કે એમની માતાનો જન્મ પર્વતરાજ હિમાલયના ઘેર કેવી રીતે થયો. તો ગણપતિએ કહ્યું આ જ પ્રશ્ન નારદજીએ બ્રહ્માજીથી પણ પૂછ્યો હતો. બ્રહ્માજીએ એમને બતાવ્યું હતું કે શૈલરાજમાં એક અત્યંત સુંદર, સર્વગુણ સમ્પન્ન, વીર અને તેજસ્વી રાજા થયો. જેનું નામ હિમાલય હતું. જે ઉત્તર દિશામાં રહેતો હતો. હિમાલયના પોતાના કુળ અને માન-મર્યાદાને ધ્યાનમાં રાખીને લગ્ન કરવાની ઇચ્છા પ્રગટ કરી. દેવતાઓની સલાહ પર પિતૃગણે ખુશી-ખુશી પોતાની પુત્રી મૈનાના પર્વતરાજ હિમાલયથી લગ્ન કરી દીધા.

મુનીઓએ ગણેશજીને કહ્યું, કે પ્રભુ તમે વિસ્તારમાં મેનાના જન્મ અને શ્રાપનું વૃતાંત સંભળાવો. બ્રહ્માજીએ નારદને કહ્યું હતું કે દક્ષને ત્યાં ૬૦ પુત્રીઓનો જન્મ થયો હતો. દક્ષે એમના લગ્ન કશ્યપ વગેરે ઋષિઓથી કરી દીધા હતા. એમાંથી સ્વધા નામની કન્યાના લગ્ન પિતૃગણથી થયા. સ્વધાથી મેના, ધન્યા અને કલાવતી નામની ત્રણ કન્યા ઉત્પન્ન થઈ.

એક વખત આ ત્રણેય બહેનો વિષ્ણુજીના દર્શન કરવા માટે શ્વેત દ્વીપ ગઈ. ત્યાં એક સભામાં સનકાદિ ઋષિ-મુનિ આવ્યા હતા. એમના સ્વાગતમાં બધા ઊભા થયા પણ આ ત્રણેય બહેનો શિવજીની માયાથી મોહિત બેખબર રહી અને મુનિઓને પ્રણામ પણ ના કર્યા. ક્રોધિત થઈને સનતકુમારે આ ત્રણેય બહેનોને મનુષ્ય યોનિમાં ઉત્પન્ન થવાનો અભિશાપ આપી દીધો.

ત્રણેય બહેનો પોતાની અવસ્થા પર અત્યાધિક દુખી થઈ અને મુનિના ચરણોમાં પડીને ક્ષમા-યાચના કરવા લાગી. એમની કારુણિક દશાને જોઈને સનતકુમારને દયા આવી ગઈ અને એમણે કહ્યું કે મેના હિમાલયની પત્ની બનીને પાર્વતીને જન્મ આપશે. ધન્યા રાજા જનકને ત્યાં સીતાને જન્મ આપશે અને કલાવતી વૃષભાનુની પત્ની બનીને રાધાને જન્મ આપશે. કાલાંતરમાં તમારી આ પુત્રીઓ તમને સ્વર્ગમાં મોકલશે.

મૈનાના લગ્ન હિમાલયથી થઈ ગયા. ઇન્દ્ર વગેરે દેવતાગણોએ મૈનાથી અનુરોધ કર્યો કે તેઓ તપ કરીને ભગવતી દુર્ગાને પુત્રી રૂપમાં પ્રાપ્ત કરે. દેવતાઓનું કહેવાનું માનીને મૈના તેમજ હિમાલયએ ૨૭ વર્ષ સુધી ઘોર તપ કર્યું. જેનાથી તેઓ ભગવતી દુર્ગાને પુત્રી રૂપમાં પ્રાપ્ત કરવાના યોગ્ય બની ગયા.

શિવ અને શિવાની પ્રતિમા બનાવીને એ બંનેએ શિવજીનું અખંડ પૂજન કર્યું. ભગવતી દુર્ગા એમની એકનિષ્ઠ ભક્તિ, લગન અને તપસ્યાને જોઈને વધારે પ્રસન્ન થઈ અને એમને દર્શન આપ્યા. દુર્ગાએ મૈના તેમજ હિમાલયથી વરદાન માંગવા માટે

કહ્યું. ત્યારે મેનાએ દેવીને પ્રણામ કરીને પ્રાર્થના કરી કે એમને સો પુત્ર ઉત્પન્ન થાય અને સ્વયં ભગવતી દુર્ગા પુત્રી રૂપમાં એમના ગર્ભથી ઉત્પન્ન થાય. મૈનાના વરદાનને તથાસ્તુ કહીને ભગવતી ઉમા અંતર્ધાન થઈ ગયા. હિમાલય તેમજ મૈના પોતાના ઘેર આવી ગયા.

સમયની ગતિની સાથે-સાથે મૈનાએ ૧૦૦ પુત્રોને જન્મ આપ્યો. સૌથી મોટા પુત્રનું નામ મૈનાક રાખવામાં આવ્યું. એના ઉપરાંત મૈનાના ગર્ભથી ખુદ ભગવતી જગદમ્બાએ જન્મ લીધો. પુત્રીના જન્મની ખુશીમાં ગિરિરાજે એક મોટા ઉત્સવનું આયોજન કર્યું. જેમાં હિમાલયે ભિક્ષુકો તેમજ ઋષિઓનું દાન વગેરેથી વિશેષ સન્માન કર્યું. મુનીઓએ કન્યાના કાળી, મહાકાળી, દુર્ગા અને ભગવતી વગેરે અનેક નામ રાખ્યા.

દેવી પાર્વતી ધીમે-ધીમે વયસ્ક થવા લાગી અને ગુરુજનોથી વિદ્યા-અધ્યયન કરવા લાગી. બ્રહ્માજીએ નારદજીથી કહ્યું કે એક વખત તમે પણ હિમાલયને ત્યાં ગયા હતા અને તમારું ત્યાં સારું સ્વાગત થયું હતું. એમણે એક કન્યાનો હાથ બતાવીને તમારાથી એ જાણવા ઇચ્છ્યું હતું કે આ કન્યાનું ભવિષ્ય કેવું છે? તમે કહ્યું હતું કે આ કન્યાના બધા લક્ષણ શુભ જ છે. પણ એક ખાસ વાત છે કે એનો પતિ યોગી, દિગમ્બર, પિતૃવિહીન અને અમંગલ વેષધારી હશે.

પોતાની પુત્રી દુર્ગાના વિષયમાં સાંભળીને ગિરિરાજ અને મૈના ખૂબ જ દુખી થયા હતા. પણ દુર્ગા ખુદ અત્યંત પ્રસન્ન થઈ. નારદ તેં એમનાથી કહ્યું હતું કે એક જ દેવતામાં આ વિશેષતાઓ છે અને તે એમના ગુણોના રૂપમાં હશે. એ દેવતાનું નામ શિવ છે. જો તમારી પુત્રી ભગવતી પાર્વતીને તેઓ ગ્રહણ કરી લે તો તમારા લોકોનું કલ્યાણ જ થશે. પણ શિવજી પ્રાપ્ત કરવા માટે પાર્વતીને તપસ્યા કરવી પડશે. શિવજી પાર્વતીને ગ્રહણ કર્યા પછી, અર્ધનારીશ્વર કહેવાશે.

નારદજીએ બ્રહ્માજીથી જ્યારે પોતાની જ કથા સાંભળી તો એમની જિજ્ઞાસા વધી ગઈ અને તેઓ બ્રહ્માજીથી પૂછવા લાગ્યા- હે પિતામહ, મને એના પછીની પૂરી કથા સંભળાવો. સમયના પસાર થવાની સાથે-સાથે મૈના પણ ગિરિરાજથી હેવા લાગી કે પોતાની પુત્રી પાર્વતી માટે વરની શોધ કરે. પણ ગિરિરાજે કહ્યું કે તમે મુનિવર નારદની વાતને યાદ કરો અન પાર્વતીને શિવજી આરાધના તેમજ તપ કરવા માટે કહો.

ગિરિરાજની વાત સાંભળીને મૈના પોતાની પુત્રી પાર્વતીની પાસે ગઈ અને એના પિતાની વાત સંભળાવી. તો તરત પાર્વતીએ કહ્યું માં મેં એક સ્વપ્ન જોયું, જેમાં એક બ્રાહ્મણ મારાથી શિવજીને પ્રાપ્ત કરવા માટે તપ કરવાનો આગ્રહ કરી રહ્યો હતો. એ જ રાત્રે રાજા હિમાલયે પણ સ્વપ્ન જોયું કે કોઈ બ્રાહ્મણ એમના નગરની બહાર તપ કરી રહ્યો છે.

પાર્વતી નિત્યપ્રતિ અલગ-અલગ પ્રકારથી શિવજીની પૂજા કરવા લાગી. થોડા દિવસો પછી શિવ પણ પોતાની ગણ-મંડળી લઈને એન ગરમાં તપલ કરવા માટે આવી ગયા. પાર્વતી અને શિવ એક-બીજાને જોતા તો હતા પણ કોઈ વાર્તાલાપ થતો ન હતો. ના તો શિવજીના મનમાં કોઈ વિકાર ઉત્પન્ન થતો હતો, શિવજીને આવી સ્થિતિમાં દેવતાઓએ કામદેવને કામ પ્રેરણા આપવા માટે મોકલ્યા પણ શિવે પોતાના તપથી એને ભસ્મ કરી દીધો. અહીં પાર્વતી અનેક રૂપોમાં શિવજીની સતત પૂજા અને કઠોર તપસ્યા કરતી રહી. શઇવ પાર્વતી પર પ્રસન્ન થયા. બ્રહ્મા અને વિષ્ણુ વગેરે દેવતાઓના કહેવા પર શિવજીએ પાર્વતીથી લગ્ન કરી લીધા.

નારદજીએ બ્રહ્માજીથી પૂછ્યું- હે ભગવન! જરા વિસ્તારથી બતાવો કે શિવજીએ કામદેવને કેવી રીતે ભસ્મ કર્યો? તેઓ તપસ્યા કરવા હિમાલય કેમ ગયા? પાર્વતીએ તપ દ્વારા શિવજીને કેવી રીતે પ્રાપ્ત કર્યાં? હે સ્વામી! બધા પ્રશ્ન મને જાણવાની તીવ્ર ઇચ્છા છે.

શિવજી પોતાની પ્રિયા પાર્વતીના વિયોગમાં સમસ્ત દિશાઓમાં ફરી રહ્યાં હતા. તેઓ મનુષ્યની સમાન વિક્ષિપ્ત થઈને વિચિત્ર સ્થિતિમાં ફરી રહ્યાં હતા. ત્યારે જ પોતાની મનની શાંતિ માટે તેઓ હિમાલય પર જઈને તપસ્યા કરવા લાગ્યા. એક દિવસ સમાધિ ખુલવા પર કેટલાક પરસેવાને કણ ધરતી પર જઈ પડ્યાં. એ પરસેવાની બૂંદોથી ચાર ભુજાઓવાળો એક તેજવાન બાળક ઉત્પન્ન થયો. તે બાળક સામાન્ય મનુષ્યની જેમ રોવા લાગ્યો. ત્યારે પૃથ્વી સ્ત્રી વેશમાં ત્યાં પ્રગટ થઈ અને બાળકને દૂધ પિવડાવીને શાંત કર્યાં. શિવજીએ ખુશ થઈને તે બાળક પૃથ્વીને આપી દીધો. તે બાળક ''ભૌમ''ના નામથી વિખ્યાત થયો. એણે પણ શિવજીનું ઘોર તપ કર્યું તથા એમને પ્રસન્ન કરીને લોક-કલ્યાણ કર્યું.

પોતાની પ્રિયા પાર્વતીથી અલગ થવાના આઠ વર્ષ પછી એમને જાણ થઈ કે તે કન્યા હિમાલયને ત્યાં પેદા થઈ છે. શિવજી પોતાના અનેક ગણોને લઈને હિમાલયને ત્યાં તપસ્યા કરવા માટે ઉપસ્થિત થયા. પર્વતરાજ હિમાલયે એમનું સ્વાગત અને સેવા કરી. શિવજી ગંગાવતરણવાળા ક્ષેત્રમાં તપ કરી રહ્યાં હતા. કેટલાય દિવસ વીત્યા પછી હિમાલયના વારંવાર આગ્રહ કરવા પર શિવજીએ કહ્યું કે તેઓ ગંગાના અવતરણ ક્ષેત્રને સુરક્ષિત બનાવી દે. શિવજીની એકચિત્ત તપસ્યા માટે કોઈનો પણ પ્રવેશ નિષિદ્ધ કરી દે. ઋષિ, મુનિ, દેવ અને ગંધર્વ વગેરે પણ ત્યાં ન આવી શકે. પર્વતરાજે પોતાના નગરમાં આ આદેશ પાલનની ઘોષણા કરી દીધી.

એક દિવસ હિમાલય પોતાની પુત્રી પાર્વતી અને અનેક ભેટને લઈને શિવજીની સેવામાં ઉપસ્થિત થયા. શિવજી તો પોતાની સમાધિમાં લીન હતા તેથી હિમાલય એમની સમાધિ ખુલવા સુધી પ્રતીક્ષા કરવા લાગ્યા.

સમાધિ ખુલવા પર હિમલાયએ એમની ખૂબ સેવા, આરાધના અને સ્તુતિ કરી તથા શિવજીથી પ્રાર્થના કરી કે તેઓ હિમાલયને પ્રતિદિવસ પોતાના દર્શનથી કૃતાર્થ કરે. સાથે જ એમની પુત્રીને પોતાની સેવા કરવાની તક આપે.

શિવજીએ હિમાલયને દર્શન આપવાની વાત તો સહર્ષ સ્વીકાર કરી લીધી પરંતુ પાર્વતીને પોતાની સેવા કરવાની પરવાનગી ના આપી તથા કહેવા લાગ્યા કે સ્ત્રી પુરુષના વૈરાગ્યમાં બાધક સિદ્ધ થાય છે. પણ પાર્વતી એમની વાતથી સંતુષ્ટ ના થઈ. પાર્વતીએ શિવજીથી પ્રશ્ન કર્યો, ''શું પ્રકૃતિ વગર લિંગ રૂપી મહેશ્વરનું અસ્તિત્વ વિદ્યમાન રહી શકે છે?'' શિવજીએ જવાબ આપ્યો, ''સત્ય પુરુષ પ્રકૃતિથી દૂર રહે છે.''

પાર્વતી શિવજીની વાત સાંભળીને હસી પડી. તે બોલી-હે યોગીરાજ! શું તમારું આ કથન સ્વયં પ્રકૃતિ નથી. જો તમે પ્રકૃતિથી અલગ છો તો પછી પ્રકૃતિના ખોળામાં બેસીને એકાંતમાં તપસ્યા કરવાની શું જરૂર છે? પ્રકૃતિથી પરે રહીને તમે ખુદને નથી જાણી શકતા. જો એવું શક્ય છે તો મારા અહીયા આવવાથી તમારું કોઈ અહિત નહી થાય. પાર્વતીની આવી તત્ત્વપૂર્ણ વાતો સાંભળીને શિવજી નિરુત્તર થઈ ગયા અને એમને પણ આવવાની અનુમતિ આપી.

પાર્વતી શિવજીના તપ ક્ષેત્રમાં પ્રતિદિવસ આવતી. નિત્યપ્રતિ અનેક રૂપોમાં એમની સેવા-આરાધના કરતી. પરંતુ શિવના મનમાં કોઈ વિકાર ઉત્પન્ન ના થયો. કામદેવને પણ દેવતાઓએ શિવનું મન પરિવર્તિત કરવા માટે મોકલ્યો પરંતુ ખુદ પોતાનો નાશ કરી લીધો. કામદેવને અસફળ જોઈને પાર્વતી ઘોર તપસ્યામાં લીન થઈ ગઈ. અંતમાં તપસ્યાથી પવિત્ર શુદ્ધાત્મા પાર્વતીને શિવજીએ પત્નીના રૂપમાં સ્વીકાર કર્યો.

પાર્વતીથી કાર્તિકેય નામના બાળકની ઉત્પત્તિ થઈ. જેણે પછીથી તારકાસુરને મારીને દેવતાઓનો ઉદ્ધાર કર્યો અને દેવસેનાનો સેનાપતિ બન્યો.

નારદજીએ બ્રહ્માજીથી પૂછ્યું- હે સ્વામી, હવે તમે મને તારકાસુરના વિષયમાં વિસ્તારથી બતાવો. કશ્યપની પત્ની દિતિના પુત્ર હિરણ્યકશિપુ અને હિરણ્યાક્ષ નર હરિ રૂપ વિષ્ણુ દ્વારા માર્યા ગયા. પરંતુ દિતિએ પોતાના પતિ કશ્યને પ્રસન્ન કર્યા અને ફરીથી ગર્ભ ધારણ કર્યો. ઇન્દ્રએ એક છિદ્રથી ગર્ભમાં પ્રવેશ કરીને ગર્ભના ટુકડે-ટુકડાં કરી દીધા. પરંતુ દિતિની તપસ્યાને કારમે એનો ગર્ભપાત ના થયો.

સમય પૂરો થવા પર દિતિથી ૪૬ મરુદગણોનો જન્મ થયો અને ઇન્દ્રએ એ ગણોને પોતાના મિત્ર બનાવી લીધા. હવે ફરીથી દિતિએ પતિની મદદ માંગી તો કશ્યપે કહ્યું કે તે બ્રહ્માજીને તપસ્યાથી પ્રસન્ન કરીને પુત્ર પ્રાપ્તિનું વરદાન માંગે. પતિની સલાહ પર દિતિએ બ્રહ્માજીને પ્રસન્ન કર્યા. બ્રહ્માજીની કૃપાથી દિતિએ અત્યંત બળશાળી પુત્રને જન્મ આપ્યો. જેનું નામ બજરાંગ પ્રસિદ્ધ થયું.

દિતિએ પોતાના પુત્ર બજરાંગને આપવીતિ સંભળાવીને ઇન્દ્રથી બદલો લેવા માટે પ્રેરિત કર્યા. બજરાંગે દેવતાઓ અને ઇન્દ્રને પકડીને દંડિત કર્યો. પછીથી બજરાંગે એક પુત્ર ઉત્પન્ન કર્યો, જે અત્યાધિક ઉત્પાદ અને વિનાશ કરવાવાળો બન્યો. જેનું નામ તારકાસુર હતું. તારકાસુર ભયંકર ઉત્પાત મચાવીને બ્રહ્માજીને પ્રસન્ન કરવા માટે ઘોર તપ કરતો રહ્યો.

હે નારદ! મેં (બ્રહ્મા) ખુદ એને અજેય હોવાનું વરદાન આપી દીધું. અત્યંત બળશાળી તારકાસુરે પોતાની શક્તિથી ઇન્દ્રનો એરાવત હાથી છીનવી લીધો. એના પછી કુબેરથી એની વિનિધિઓ, સૂર્યથી એનો અશ્વ વગેરે છીનવી લીધા. દેવતાઓની બધી સારી-સારી મૂલ્યવાન વસ્તુઓ લૂંટીને એમને સ્વર્ગથી કાઢી મૂક્યા અને સ્વર્ગમાં દૈત્યોને વસાવી દીધા.

હે નારદ! તારકાસુરના અત્યાચારથી તંગ આવીને દેવગણ મારી પાસે આવ્યા. દેવતાઓ તેમજ ઇન્દ્રની વ્યથાને સાંભળીને મેં (બ્રહ્માજી) કહ્યું કે એની શક્તિનું વરદાન મેં જ આપ્યું હતું. એ શક્તિનો નાશ મારા દ્વારા શક્ય નથી. એને તો ફક્ત શિવજીનો પુત્ર જ મારી શકે છે.

બ્રહ્માજીએ દેવતાઓથી કહ્યું કે એમની પાસે જઈને એમનાથી અનુરોધ કરો કે તેઓ હિમાલયની પુત્રીને પત્નીના રૂપમાં સ્વીકાર કરે. એનાથી ઉત્પન્ન પુત્ર જ તમારું કલ્યાણ કરશે. શિવજીની કૃપાથી દેવતાઓને એમનું સ્વર્ગ પાછું મળી ગયું. તારકાસુર શોણિતસુરને પોતાની રાજધાની બનાવીને ત્યાં જ રાજ્ય કરવા લાગ્યા.

ઇન્દ્ર તેમજ અન્ય દેવતાઓએ સભા કરીને કામદેવને કહ્યું કે ભગવાન શિવથી ઉત્પન્ન પુત્ર જ તારકાસુરનો વધ કરી શકે છે. ઇન્દ્રના કહેવા પર કામદેવ પોતાના મિત્ર વસંતને લઈને એ સ્થાન પર પહોંચ્યા, જ્યાં શિવજી સમાધિમાં લીન હતા. કામદેવ શિવજીના મનમાં પાર્વતી માટે આસક્તિ જગાવવા આવ્યા હતા પણ એમના પર અત્યાધિક માદક અને મોહક વાતાવરણ પણ કોઈ પ્રભાવ ના નાંખી શક્યું.

કામદેવે પ્રયત્ન કર્યો કે કોઈ છિદ્ર શિવજીના શરીર પર હોય તો તે એમાંથી પ્રવેશ કરે. પણ એના બધા બાણ ખાલી ગયા. આ સમયે પાર્વતી પત્ર-પુષ્પ લઈને શિવજીની પૂજા કરી રહી હતી. કે શિવજી તપ છોડીને એક પળ માટે પાર્વતીના રૂપ તેમજ સૌંદર્યને જોવા લાગે. એ જ પળે કામદેવને એક છિદ્ર મળી ગયું અને તેઓ એમના શરીરમાં પ્રવેશ કરી ગયા.

જેવા જ શિવજીએ પાર્વતીને જોયા, તે શરમાઈ ગઈ. જેનાથી એમનું રૂપ વધારે નિખરી ઉઠ્યું. પાર્વતી થોડી દૂર જઈને ત્રાંસી દૃષ્ટિથી એમને જોવા લાગી. શિવજીના મનમાં એમની ક્રીડાઓને જોઈને પાર્વતીને આલિંગનબદ્ધ કરવાની ઇચ્છા થઈ. પરંતુ તરત જ તેઓ ચેતન થયા અને પોતાના મનના આ વિકાર પર પશ્ચાતાપ કરવા લાગ્યા.

શિવજી પોતાની આ સ્થિતિ પર વિચાર કરવા લાગ્યા કે આવું કેમ થયું. તો એમણે પોતાના ડાબા અંગમાં કામદેવને ઉપસ્થિત જોયા. શિવજીને કામદેવ પર ક્રોધ આવ્યો અને એમણે એને ભસ્મ કરી દીધો. દેવતા કામદેવની દશા પર વિલાપ કરવા લાગ્યા અને એમની પત્ની રતિ મૂર્છિત થઈ ગઈ. પાર્વતી વધારે ભયભીત થઈ ગઈ.

દેવતાઓએ શિવજીની સ્તુતિ-વંદના કરી રહ્યાં કે હે પ્રભુ, રતિનું દુખ દૂર કરો. ત્યારે શિવજીએ કહ્યું કે કામદેવને શરીરધારી તો તેઓ હવે નથી કરી શકતા. તે અશરીરી જ રહેશે. એક ઉપાય બતાવું છું- દ્વાપરમાં શ્રીકૃષ્ણની પત્ની રુકમણીના ગર્ભથી પ્રદ્યુમ્ન નામના એક બાળકનો જન્મ થશે. જેને શંબર દૈત્ય ચોરીને સમુદ્રમાં ફેંકી દેશે. રતિ સમુદ્રથી નિકળેલા પ્રદ્યુમ્નને પતિ રૂપમાં પ્રાપ્ત કરશે. એવું સાંભળીને રતિ શંબર દૈત્યના ક્ષેત્રમાં ચાલી ગઈ.

શંકરજીના નેત્રોથી નિકળેલી ક્રોધાગ્નિ લોકને વિચલિત કરી રહી હતી ત્યારે જ બ્રહ્માજીએ સમુદ્રથી એને શાંત કરવાની પ્રાર્થના કરી. સમુદ્રએ અગ્નિને પોતાનામાં સમ્મોહિત કરી લીધી. શિવજીના અંતર્ધાન થવા પર પાર્વતી વિયોગગ્રસ્ત થઈ ગઈ. પાર્વતીને માતા-પિતા તેમજ બધાએ સમજાવી અને ધીરજ બંધાવી.

કામદેવના પ્રયત્નોના અસફળ થવા પર સ્વયં ગૌરાએ તપનો માર્ગ પસંદ કર્યો. તેઓ ગંગોત્રીની પાસે ગંગાવતરણ સ્થાન પર ભૃંગી તીર્થ પર જપ કરવા લાગી. એક વર્ષ ફળ પર નિર્વાહ કર્યો, બીજા વર્ષો પાંદડાઓ પર અને ત્રીજા વર્ષે નિરાહાર રહી.

3000 વર્ષ સુધી નિરાહાર, એક પગ પર ઊભી પાર્વતી શિવમંત્રનો જાપ કરતી રહી. શિવજી ફરી ન પ્રસન્ન થયા અને ના તો પ્રગટ થયા. પાર્વતીના માતા-પિતાએ એને સમજાવી, જે કામદેવના વશમાં ન આવી શક્યા એમની પ્રાપ્તિનું ધ્યાન છોડી દો. પણ પાર્વતી ભક્તોને પ્રસન્ન કરવાવાળા શિવની આરાધના કરતી જ રહી.

પાર્વતીની કઠોર તપસ્યાથી ઇન્દ્ર, વિષ્ણુ દેવતા અને બ્રહ્મા બધા વિચલિત થયા. એમણે શિવજીની પાસે જવાનો નિર્ણય કર્યો. પહેલાં એમણે સિદ્ધિ રૂપા પાર્વતીનું પવિત્ર મંગલમય રૂપ જોયું પછી શિવજીના સન્મુખ ઉપસ્થિત થયા. ત્યાં મંત્રો અને શ્લોકોથી દેવતા શિવજીની સ્તુતિ કરવા લાગ્યા. શિવજીએ પોતાનું ધ્યાન તોડ્યું અને દેવતાઓને આવવાનું કારણ પૂછ્યું.

દેવતાઓએ તારકાસુરના ઉપદ્રવ તેમજ અત્યાચારોથી બચવાનો ઉપાય બતાવતા શિવજીથી કહ્યું કે ભગવન તમે પાર્વતીથી લગ્ન કરી લો. તમારાથી ઉત્પન્ન પુત્ર જ તારકાસુરનો વધ કરશે.

શિવજીએ કહ્યું કે પાર્વતીથી લગ્ન કરીને હું કામદેવને પુનઃજીવિત તો કરી દઈશ પણ તમે બધા દેવગણોને પોતાની સાધના તેમજ તપથી પોતાના કષ્ટોનું નિવારણ કરવું

પડશે. એવું કહીને પુન:શિવ ધ્યાનમગ્ન થઈ ગયા.

પણ દેવગણોએ શિવની સ્તુતિ ના છોડી. શિવજીએ પુનઃચેતન થઈને એમના આવવાનું કારણ પૂછ્યું. વિષ્ણુજીએ કહ્યું કે ત્રિકાળદર્શી ભગવાન શંકાર તમે પાર્વતીથી લગ્ન કરો. પાર્વતી તમને મેળવવા માટે તપસ્યારત છે. એનાથી ઉત્પન્ન પુત્ર તારકાસુરનો વધ કરશે અને રતિના વરદાનની પૂર્તિનો પણ સમય આવી ગયો છે.

શિવજીએ વિષ્ણુથી કહ્યું તપ અને ધ્યાનમાં સ્ત્રી બાધક છે. સ્ત્રીનો સંગ કુસંગ છે. તે નિગૂઢ બંધન છે. મારી વિહાર તેમજ રમણની ઇચ્છા નથી પણ તમારા કલ્યાણ અને તારકાસુરના વધ માટે હું પાર્વતીથી લગ્ન કરી લઈશ.

શિવજીએ સપ્ત ઋષિઓને પાર્વતીની પરીક્ષા લેવા માટે મોકલ્યા. ઋષિઓએ પાર્વતીને પૂછ્યું કે એમને તપ કરવાની વિધિ કોણે બતાવી. પાર્વતીએ મુનિવરથી નારદનું નામ લીધું. તો ઋષિવર કહેવા લાગ્યા-નારદ તો મનના કાળા છે અને શરીરના ઉજળા. તેઓ ઘર-દ્વારા વસાવવાનું શું જાણે. સાથે જ શિવજીની ખરાબ કહ્યું તેમજ નિંદા કરી. શંકરને નિર્લજ્જ, અમંગળ, વેષધારી, દિગમ્બર અને ભૂત-પ્રેતોના સાક્ષી બતાવ્યા. એમના જ કારણે દક્ષની પુત્રીને સળગીને મરવું પડ્યું. તમે એનો ખ્યાલ છોડી દો. પાર્વતીએ ઋષિઓની એક ના સાંભળી.

પછી તો ખુદ શિવ બ્રહ્મચારીનો વેશ લઈને પાર્વતીની સન્મુખ આવ્યા. એનાથી એના તપનું કારણ પૂછ્યું? ત્યારે પાર્વતીએ કહ્યું કે એમણે જન્મ-જન્માંતર સુધી શિવપજીની પતિ રૂપમાં પ્રાપ્ત કરી રાખવાનો દૃઢ સંકલ્પ કર્યો છે. શિવે ખુદ આ વિચારને અવિવેકપૂર્ણ બતાવ્યો. શિવને કપાલી, ભસ્મધારી, સર્પોને ધારણ કરવાવાળા, ઝેર પીવાવાળા અને ત્રણ આંખોવાળા તથા ગૃહસ્થી માટે સર્વથા અનુપયુક્ત બતાવ્યા.

પાર્વતીએ શિવજીની નિંદા બ્રહ્મચારીથી સાંભળી તો બેચેન થઈ, એમને મૃત્યુદંડ આપવા યોગ્ય પાત્ર કહ્યું અને કહ્યું કે તે એમને પથભ્રષ્ટ કરીને તપથી પાડવા ઇચ્છે છે.

પાર્વતીએ બ્રહ્મચારીથી કહ્યું કે તમને શિવની વાસ્તવિકતાનું જ્ઞાન નથી. તમે શિવના મૂળ તતત્વ એના અસ્તિત્વને નથી જાણતા. તેઓ સગુણ અને નિર્ગુણ બ્રહ્મના આત્માના રૂપ છે. તમે એમની નિંદા ના કરો. પુન:બ્રહ્મચારીએ કંઈક કહેવા ઇચ્છ્યું તો પાર્વતીએ પોતાની સહેલીથી એ સ્થાનથી આગળ ચાલવાનું કહ્યું. જેવા જ પાર્વતી ત્યાંથી ચાલવા ઉત્સુક થઈ કે શિવે પોતાનું વાસ્તવિક રૂપ પ્રગટ કર્યું. પોતાના દર્શન આપીને પાર્વતીના મનોરથને પૂરું કરવાનું વરદાન આપવાની ઘોષણા કરી દીધી.

પોતાના પ્રભુ શંકરના દર્શન પ્રાપ્ત કરીને અને વરદાન લઈને પાર્વતી પિતાના ઘેર આવી ગઈ. એક દિવસ શિવ નર્તકના વેશમાં 'મૈના'ના ઘરમાં આવ્યા અને મોહક નૃત્ય

કરવા લાગ્યા. નૃત્ય ખૂબ જ આકર્ષક હતું. મૈના (પાર્વતીની માતા)એ એમને ભિક્ષા આપવા ઇચ્છી તો શિવજીએ પાર્વતીને ભિક્ષામાં માંગી. નર્તકની માંગ પર મૈના દુખી તેમજ ક્રોધિત થઈ. હિમાલયે નર્તકના તેજસ્વી રૂપને જોયું તો મોહિત થઈ ગયા. હિમાલયે એમની માંગને માની લીધી.

બ્રહ્માએ ફરી નારદજીથી કહ્યું કે હિમાલય અને શિવની પ્રીતિ વધવા લાગી. આ મિત્રતાને જોઈને ઇન્દ્ર ચિંતિત થઈ ગયા. ઇન્દ્રએ બૃહસ્પતિથી એમની મિત્રતામાં બાધા નાખવાની પ્રાર્થના કરી. પણ દેવગુરુએ અસ્વીકાર કરી દીધો. પછી ઇન્દ્રએ વિષ્ણુથી પ્રાર્થના કરી. પણ એમણે પણ કહ્યું કે હું શિવ-નંદાનું પાપ નહી કરું. જો તમે હિમાલયની મુક્તિ નથી ઇચ્છતા તો ખુદ શિવજીને પ્રસન્ન કરો અને શિવને ખુદ પોતાની નિંદા માટે પ્રેરિત કરો. કેમ કે એમની નિંદાનું સંકટ કોઈ ઉઠાવશે નહી. ઇન્દ્રએ અંતમાં શિવજીની શરણ લીધી.

ઇન્દ્ર અનુરોધ પર એક દિવસ શિવજી જ્યોતિષીના રૂપમાં હિમાલયના ઘેર પધાર્યા. જ્યોતિષીએ કહ્યું કે શિવ જટાધારી, સ્મશાનવાસી, દિગમ્બર, કુરૂપ અને અગુણી છે. તમે એવા પાત્રથી પાર્વતીના લગ્ન ના કરો. જ્યોતિષિએ શિવની ખૂબ જ નિંદા કરી પણ પાર્વતીએ કહ્યું જો શિવજીથી મારા લગ્ન ન થયા તો હું ઝેર ખાઈને કે પર્વતથી કૂદીને અથવા સમુદ્રમાં ડૂબીને મરી જઈશ.

શંકરજીએ સપ્તઋષિઓનું સ્મરણ કરીને એમને બોલાવ્યા. સપ્તઋષિ અરુંધતીની સાથે શિવજીની સેવામાં ઉપસ્થિત થઈ ગયા. શિવજીએ સપ્તઋષિઓથી પાર્વતીના ઘોર તપ, તારકાસુરના વધ અને પાર્વતીથી લગ્નની સમસ્ત વાતો કહી. દેવતાઓના ઉદ્ધાર માટે સંતાન ઉત્પત્તિની જરૂરિયાત છે. તે ખુદ મારી (શિવ) હશે. શિવજીએ કહ્યું કે તમે લોકો હિમાલયની પાસે જઈને એમને સમજાવો અને પાર્વતીને શંકરથી લગ્ન કરવાનો આદેશ આપો.

સપ્ત ઋષિઓએ મૈના અને હિમાલયને બતાવ્યું કે શિવ અત્યંત વિલક્ષણ, અનુપમ અને અવિકારી તત્વ રૂપ છે. તેઓ નિર્ગુણ તેમજ સગુણ છે. કુબેર જેવા દેવતા જેના સેવક હોય, તે શંકર દરિદ્ર કેવી રીતે હોઈ શકે છે? શિવજીથી સમ્બંધ સ્થાપિત કરવા ગૌરવની વાત છે. વસિષ્ઠ ઋષિએ પર્વતરાજને સમજાવીને કહ્યું કે પોતાની જિદ છોડીને પાર્વતીના લગ્ન શંકર સાથે કરી દે. એમણે કહ્યું, અરણ્યરાજે બ્રાહ્મણને પોતાની કન્યા આપીને પોતાની સમ્પત્તિ બચાવી લીધી હતી એવી જ રીતે તમે પોતાની કન્યા આપીને કષ્ટોથી મુક્તિ મેળવો.

હિમાલયે વસિષ્ઠજીથી અરણ્યરાજની કથા પૂછી. વસિષ્ઠે કહ્યું-અરણ્યરાજની એક રૂપવાન કન્યા પદ્મા હતી અને એના અનેક પુત્ર હતા. રાજા પોતાની પુત્રીથી ખૂબ પ્રેમ કરતો હતો. એક દિવસ પદ્મ જળમાં વિહાર કરી રહી હતી કે વિપ્પલાદ વગેરે

ઋષિ ત્યાં આવ્યા. ત્યાં પદ્માને જોઈને મોહિત થઈ ગયા. એમણે રાજાથી એમની પુત્રી પદ્માની માંગ કરી. રાજાને એમની વૃદ્ધાવસ્થા જોઈને ખૂબ ચિંતા થઈ અને પોતાની પુત્રી ને ન આપવાનો અનુરોધ કર્યો. પણ વિપ્પલાદ ન માન્યા. પુરોહિતે અરણ્યરાજને ઋષિના શ્રાપથી બચવા માટે પદ્માને વિપ્પલાદ ઋષિને આપવાનું કહ્યું. પદ્માએ આને ઈશ્વરનું વિધાન માનીને સ્વીકાર કરી લીધા અને પતિ સેવામાં લાગી ગઈ.

પતિવ્રતા પદ્મા પોતાના ધર્મનું પાલન કરતા-કરતા જીવન વ્યતીત કરી રહી હતી કે એક દિવસ ધરમએ એક સુંદર યુવકનું રૂપ ધારણ કરીને પદ્માને પોતાની કામ-વાસનાનો શિકાર બનાવવાની ચેષ્ટા કરી. પતિવ્રતા સ્ત્રીને ક્રોધ આવ્યો અને ધર્મને નષ્ટ કરવાનો શ્રાપ આપી દીધો. ત્યારે જ ધર્મએ પોતાનું સત્ય રૂપ પ્રગટ કર્યું અને કહ્યું કે એણે અભદ્ર વ્યવહાર બ્રહ્માજીની આજ્ઞાથી પદ્માની પરીક્ષા લેવલા માટે કર્યો હતો.

પદ્મા ધર્મની વાત સાંભળીને ચિંતિત થઈ ઊઠી. હવે એની સામે બે પ્રશ્ન હતા. એક તો એનો શાપ અન્યથા થઈ શકતો ન હતો, બીજું ધર્મ વગર લોકયાત્રાનું પ્રવર્તન કેવી રીતે થઈ શકે છે? અંતમાં પદ્માએ માર્ગ કાઢી લીધો. પદ્માએ વ્યવસ્થા કરી કે ધર્મને દ્વાપરમાં એક ચરણ, ત્રેતામાં બે ચરણ અને કળિયુગમાં ત્રણ ચરણ થઈને રહેવું પડશે. પણ સતયુગમાં ધર્મ ફરીથી ચારેય ચરણોથી યુક્ત થઈ શકે છે. આના પર ધર્મએ વિપ્પલાદને યૌવનનું વરદાન આપી દીધું. જેના કારણે તેઓ પદ્માની સાથે સુખ-પૂર્વક રહીને જીવન-યાપન કરવા લાગ્યા.

ગુરુ વશિષ્ઠે પર્વતરાજ હિમાલયથી કહ્યું કે એક સપ્તાહ પછી સુંદર લગ્નનો યોગ છે. આ લગ્નમાં ચન્દ્રમા બધા દોષોથી રહિત થાય છે. એવામાં ભગવતી જગદમ્બા અને જગત્ પિતા શંકરના લગ્ન કરીને તમે કૃતકૃત્ય થઈ જશો. ઋષિની વાત સાંભળીને પર્વતરાજે પોતાના સાથીઓ (સુમેરું, ગંધમાદન, મંદન, મૈનાક, વિંધ્યાચલ વગેરે)ને વિચાર-વિમર્શ માટે બોલાવ્યા અને સપ્ત ઋષિઓને પોતાની સ્વીકૃતિ આપી દીધી. કૈલાશ જઈને ઋષિઓએ શિવજીને આખી કથા સંભળાવી.

કૈલાશ પર્વત પર ઋષિ શિવજીના લગ્નની તૈયારી કરવા લાગ્યા અને પર્વતરાજ પોતાના નગરમાં પાર્વતીના લગ્ન માટે વ્યસ્ત થઈ ગયા. વિશ્વકર્માએ જાનૈયાઓ અને વરરાજા માટે નગરને અત્યાધિક સુંદર તેમજ સુવિધાજનક બનાવી દીધું.

નારદજીએ બ્રહ્માજીથી શિવજીના લગ્નનું વર્ણન પૂછ્યું. બ્રહ્માએ કહ્યું- નારદ, તું તો ખુદ જ ભગવાન શંકરની પાસે લગ્ન પત્રિકા લઈને પહોંચ્યા હતા. શિવજીએ તારા દ્વારા જ દેવો, કિન્નરો, ગંધર્વો, અપ્સરાઓને નિમંત્રણ આપવાનું કામ સોંપ્યું હતું.

બધા અતિથિઓએ કૈલાશ પર પહોંચીને શિવજીને સજાવ્યા. શિવજીએ બધા અતિથિઓનો સ્વાગત-સત્કાર કર્યો. પછી સપ્તમાત્રિકાઓએ શિવજીને વરરના રૂપમાં

સજાવ્યા.

શિવજીના માથા પર મુગટ અને મગટ પર ચન્દ્રમા સુશોભિત થવા લાગ્યું. તિલકના સ્થાન પર ત્રીજું નેત્ર શોભાયમાન થવા લાગ્યું. બંને કાનોમાં સર્પના કર્ણફૂલ સજ્યાં. હાથીના ચામથી એમના દુકૂલ બનાવવામાં આવ્યા અને ચંદનથી એમના અંગરાગ બનાવવામાં આવ્યા.

શિવ શંકરને વરરાજાના રૂપમાં સજાવીને બધા દેવતા, ગંધર્વ અને જાનૈયા વગેરે કૈલાશ પર્વતથી ચાલી નિકળ્યા. આ જાન પોતાનામાં વિલક્ષણ હતી કેમ કે એમાં બ્રહ્મા, વિષ્ણુ, ઇન્દ્ર સિવાય અનેક સિદ્ધ, ભૂત-પ્રેત, વેતાળ, બ્રહ્મ, રાક્ષસ, યક્ષ, કિન્નર અને અપ્સરાઓ એકલા અને પોતાના પરિવારોની સાથે સમ્મિલિત થયા હતા.

જાન જ્યારે હિમાલય નગરની નજીક પહોંચી તો પાર્વતીની માતા મૈનાને જાન જોવાની ખૂબ જ ઉત્સુકતા થઈ. હે નારદ! એ સમયે તું જ પાર્વતીના પરિવારની મદદ કરી રહ્યા હતા. જેમ-જેમ મૈના પ્રત્યેક રૂપવાન સજેલા પુરુષને જોતી તો તે કહેતી, આ જ શિવ છે અને ત્યારે તું જ કહેતા હતો કે આ શિવ નથી. નારદ તેં જ મેનાને દેવ, ગંધર્વ, કિન્નર અને યક્ષ વગેરેનો પરિચાય આપ્યો અને કહ્યું કે આ બધા તો શિવના બંધુ-બાંધવ છે. શિવજી તો એનાથી ક્યાંય વધારે કાંતિમાન અને રૂપવાન છે. એવું સાંભળીને મૈના વધારે પ્રસન્ન થઈ.

પણ જેવો જ મૈનાનો સાક્ષાત્કાર શિવજીથી થયો તો તે હતપ્રભ થઈ ગઈ. શિવજી બળદ પર સવાર પાંચ મુખવાળા, ત્રણ નેત્રવાળા અને શરીર પર ભભૂત ધારણ કરેલા હતા. આવું વિચિત્ર રૂપ જોઈને મૈના મૂર્છિત થઈ ગઈ. એમની સહેલીઓ પણ ગભરાઈ ગઈ અને મૈનાની સેવા-ઉપચારમાં લાગી ગઈ.

જ્યારે મૈનાને ભાન આવ્યું તો તે રોવા અને વિલાપ કરવા લાગી કે મારી પુત્રીના ભાગ્યમાં આ જ લખ્યું હતું. આ પ્રકારે પતિને મેળવવા માટે પાર્વતીની સાધના અને પાર્વતીને સારું-ખરાબ કહેવા લાગી. જેણે આ લગ્ન માટે સ્વીકૃતિ આપી અને પ્રયત્ન કર્યા હતા, મૈનાએ બધાને અપશબ્દ કહ્યાં. લગ્ન માટે લાવેલી શુભ સામગ્રીને ભૂલીને પાર્વતી પર બરાડા પાડવા લાગી. કહેવા લાગી કે શું તારી પૂજા ભક્તિ આવા જ વર માટે હતી. એ બધી તો બિલ્કુલ વ્યર્થ ગઈ.

મૈનાએ કહ્યું, નારદજી, મેં તો પહેલાં જ આ છોકરીને સમજાવી હતી. જાણે કોઈ સોનૂ જોઈને પણ કાચ ખરીદે અને ચંદનના સ્થાન પર ભભૂત પ્રયોગ કરે-આ તો એવી જ વાત છે. ભલું આ રૂપમાં પતિવર મેળવીને શું પાર્વતી ખુશ રહી શકશે? પાર્વતીએ શું આ દિવસ જોવા માટે તપ કર્યું હતું?

નારદજી! મેં તો એને ખૂબ જ સમજાવી હતી પણ તે જિદ્દી છોકરી માની નહી અને સતત શિવજીને મેળવવા માટે તપ કરતી રહી. જ્યારે તમે મૈનાને સમજાવવાનો પ્રયત્ન કર્યો તો તમને પણ એણે અધમ અને દુષ્ટ કહીને દૂર થઈ જવાનું કહ્યું અને અંતમાં મૈનાએ એ ઘોષણા કરી દીધી કે પાર્વતીના લગ્ન શિવ શંકરથી નહી થાય.

આવું સાંભળીને બધા જનસમુદાય તેમજ દેવ સમુદાયમાં હલચલ મચી ગઈ. પર્વતરાજ હિમાલયે મૈનાને સમજાવવાનો પ્રયત્ન કર્યો. એમણે કહ્યું, સત્યને સ્વીકાર કરવો જ હિતકર અને શ્રેષ્ઠ હોય છે. પરંતુ મૈનાએ પતિની વાત પણ ના માની.

પાર્વતીએ ખુદ માતા મૈનાને ખૂબ જ સમજાવવાનો પ્રયત્ન કર્યો. પરંતુ મૈના તો વધારે ક્રોધથી ભરાઈ ગઈ અને પાર્વતીને મારવા-પીટવા પણ લાગી. બધા દેવગણ અને વિષ્ણુ વગેરેએ મૈનાને શિવત્વનો સાર સમજાવવાનો પ્રયત્ન કર્યો. પણ એમણે કહ્યું જ્યાં સુધી હું શંકરને સુંદર રૂપમાં નહી જોઈ લઉં સંતુષ્ટ નથી થઈ શકતી. એના પછી શિવજીને અત્યંત સુંદર અને સુસજ્જિત વેશમાં મૈનાની સામે ઉપસ્થિત કરવામાં આવ્યા. પછી એમને જોઈને મૈના પોતાની પુત્રીના લગ્ન એમનાથી કરવા તૈયાર થઈ ગઈ.

અંતમાં શિવજી પોતાના ગણોની સાથે હિમાલયના દ્વાર પર પહોંચ્યા. મૈના એમનું રૂપ જોઈને મુગ્ધ થઈ રહી હતી. સંપૂર્ણ નિષ્ઠા તેમજ ભક્તિથી મૈનાએ શિવજીની આરતી ઉતારી. અનેક સંસ્કારોના સંપન્ન થવાની સાથે-સાથે પાર્વતીના યજ્ઞોપવીત સંસ્કાર કરવામાં આવ્યા અને શિવજી દ્વારા લાવવામાં આવેલા વસ્ત્ર-આભૂષણ પાર્વતીને પહેરાવવામાં આવ્યા.

પંડિતોમાં શિવની તરફથી ગુરુ બૃહસ્પતિએ તથા પાર્વતીની તરફથી ગર્ગે શુભ લગ્નમાં શિવજી અને પાર્વતીના લગ્ન સંપન્ન કરાવ્યા. પર્વતરાજ હિમાલય અને મૈનાએ કન્યાદાન કર્યું.

મંત્રોના ઉચ્ચારણની વચ્ચે જ્યારે શિવજીના કુળ અને ગોત્રના વિષયમાં પૂછવામાં આવ્યું તો નારદજી તમે જ એમની મહિમા, અરૂપ, નિરાકાર માયાતીત, પરબ્રહ્મ હોવાનું ગાન ક ર્યું અને ગોત્ર વગેરેની લૌકિક વાતોમાં ન ફસાવાની સલાહ આપી. ગોત્ર વગેરેના બંધનને છોડીને હિમાલયે કન્યાદાન કર્યું. શિવજીને અનેક ભેટ, વસ્તુઓ તથા ધનરાશિ આપીને સંતુષ્ટ કરીને વિદાય કર્યા.

બ્રહ્માજીએ નારદજીથી કહ્યું, કે જ્યારે લગ્ન થઈ રહ્યાં હતા તો મારું મન પાર્વતીનું મુખમંડળ જોવા માટે લાલાયિત થઈ રહ્યું હતું. જ્યારે કોઈ ઉપાય ન દેખાયો તો મેં યજ્ઞમાં ભીની સમિધાઓ નાખી દીધી અને પાર્વતી ધૂમાડાથી બચવા માટે પોતાના મુખને અનાવૃત કરવા માટે વિવશ થઈ. પાર્વતીનું અનુપમ સૌંદર્ય જોઈને હું (બ્રહ્મા) ખુદ કામ મોહિત થઈ ગયો.

સ્થિત ત્યાં સુધી બગડી કે હું અત્યાધિક ક્ષુબ્ધ થઈ ગયો અને ત્યાં જ સ્ખલિત થઈ ગયો. મારું આ કર્મ શિવજીથી પણ છુપાઈ ના શક્યું અને શિવજી મને મારવા દોડ્યાં. પણ દેવતાઓના સમજાવવા અને સ્તુતિ કરવા પર શિવજી શાંત થઈ ગયા.

પરંતુ હે નારદ! મારો અંશ ધરતી પર પડી ગયો અને સહસ્ત્ર કણોમાં વિભાજિત થઈ ગયો. એનાથી સહસ્ત્રો બાલખિલય ઋષિ ઉત્પન્ન થઈને તત્કાળ મને માતા-પિતા કહેવા લાગ્યા. પણ નારદ તું સારી સ્થિતિથી ખૂબ જ ક્રોધિત થયો અને કુપિત થઈને એ ઋષિઓને ગંધમાદન પર્વત પર તપસ્યા કરવા માટે મોકલી દીધા.

શિવજી મારાથી (બ્રહ્મા) હજુ પણ નારાજ હતા. આથી હું શિવની એકનિષ્ઠ ભક્તિ કરવા લાગ્યો તો શિવજી મારા પર પ્રસન્ન થયા અને પ્રસન્ન થઈને મને સૃષ્ટિની રચના કરવાનું વરદાન આપ્યું.

પછી મારા લગ્ન સાંસારિકથી સંપન્ન કરાવવામાં આવ્યા. એ સમયે રતિ પણ ત્યાં આવી ગઈ અને શિવજીથી પ્રાર્થના કરી કે પોતાની ભસ્મી-ભૂતથી એના પતિ કામદેવને જીવિત કરી દે. શિવજીએ પ્રસન્ન થઈને પોતાની ભસ્મી કામદેવ પર નાખી અને કામદેવ પુનઃપ્રગટ થઈ ગયા. આ જોઈને રતિ ખૂબ જ પ્રસન્ન થઈ. પરંતુ શિવજીએ રતિ અને કાદેવને વિષ્ણુલોકથી બહાર જ રહેવાનો આદેશ આપ્યો. જેણે એમને માની લીધો.

શિવજી અને પાર્વતીના લગ્નનું આખું કાર્ય સંપન્ન થયા પછી જાન કૈલાશ પર્વત પર આવી ગઈ અને બધા જાનૈયાઓ શિવજીની અનુમતિ લઈને પોત-પોતાના સ્થાન પર પાછા ફરી ગયા અને પાર્વતી પોતાના પરમેશ્વર શિવની સાથે આનંદથી દિવસો વિતાવવા લાગી.

યુદ્ધ ખંડ : નામ ખંડ

દેવતાઓના સમાજમાં, એક વખત દેવરાજ ઇન્દ્રના પ્રમાદથી મત્સર નામની અસુરનો જન્મ થયો. મત્સરે દૈત્ય ગુરુ શુક્રાચાર્યથી શિવ પંચાક્ષારી મંત્ર (ઓઉમ્ નમઃ શિવાય)ની દીક્ષા લીધી અને ભગવાન શિવની કૃપા અને આશીર્વાદ પ્રાપ્ત કરવા માટે ઘોર તપસ્યા કરી. આશુતોષ ભગવાન શંકરે માતા પાર્વતી સહિત પ્રગટ થઈને મત્સરને દર્શન આપ્યા.

પ્રસન્નચિત્ત કામારિએ એનાથી ઇચ્છિત વરદાન માંગી લેવાનું કહ્યું. મત્સરે પણ મનોનુકૂળ વરદાન પ્રાપ્ત કરી લીધા. પરંતુ પ્રસન્ન ગિરિજાપતિએ એને વધુ એક વરદાન આપી દીધું કે આજથી તને કોઈથી ભય નહી રહે.

પાર્વતી વલ્લભથી વરદાન પ્રાપ્ત કરીને મત્સર ખુશી-ખુશી પોતાના નિવાસ સ્થાન પર આવ્યા. ગુરુ શુક્રાચાર્યએ એને દૈત્યોના રાજાના રૂપમાં અભિષેક કરીને સન્માનિત કર્યા. દૈત્યોએ પોતાના અધિપતિ મત્સરથી નિસંકોચ કહ્યું- ''તમારા પર ભગવાન આશુતોષના વરદાનોની અનુપમ કૃપા છે તેથી તમે વિશ્વ વિજય કરો કેમ કે વરદાનના પ્રભાવના કારણે તમને જગતમાં કોઇ પણ ભયભીત નથી કરી શકતું.''

પોતાના અનુચરોની સલાહ માનીને મત્સરાસુરે પણ સંસારના બધા રાજા-મહારાજાઓને જીતવાનો નિશ્ચય કર્યો. એક વિશાળ સેના લઈને વિશ્વ-વિજય કરવાનો નિશ્ચય કરીને પૃથ્વીના નરેશો પર આક્રમણ કરી દીધું. પૃથ્વીવાસી નરેશોએ એ પરાક્રમી દૈત્યની વિશાળ તેમજ શક્તિશાળી સેનાનો સામનો કરવામાં પોતાને અસમર્થ જોયા. કેટલાક રાજા તો પોતાના પ્રાણ બચાવીને રણભૂમિથી ભાગી ગયા અને કેટલાક જેમણે એનાથી ટક્કર લેવાનો પ્રયત્ન કર્યો એમને હાર જ મળી. તેથી મત્સરાસુરનું તો પૃથ્વી પર એકાધિપત્ય સ્થાપિત થઇ ગયું અને તે સંપૂર્ણ ભૂમંડળનો સ્વામી થઇ ગયો.

મત્સરાસુરને પોતાના બળ અને શક્તિ પર વધારે પડતો અભિમાન થઈ ગયું, એના પછી ગર્વોન્મત્ત અસુરે પાતાળ લોક પર પણ ચઢાઈ કરી દીધી. પોતાની શક્તિના અભિમાનમાં ચૂર અસૂરે ત્યાં સર્વનાશ આરંભ કરી દીધો. પાતાળના સ્વામી શેષનાગને પણ એની આધીનતા સ્વીકાર કરી લીધી અને મત્સરાસુરને નિયમપૂર્વક કરી દેવા પણ સ્વીકાર કરી લીધો.

દૈત્ય મત્સને આટલું બધું પ્રાપ્ત કરવા પર પણ સંતોષ ના થયો, આથી પૃથ્વી અને પાતાળ લોક બંને પર અધિકાર કર્યા પછી એણે સ્વર્ગલોક પર પણ આધિપત્ય કરવાનો વિચાર બનાવ્યો અને સ્વર્ગલોક પર પણ આક્રમણ કરી દીધું. શિવજીના વરદાન અને આશીર્વાદને કારણે નિર્ભયી મત્સરાસુરે સ્વર્ગમાં પણ કોલાહલ મચાવી દીધો.

વરુણ, કુબેર, યમ વગેરે દેવતાઓને પણ રણક્ષેત્રમાં મત્સરાસુરે હરાવી દીધો. ઇન્દ્રરાજની નગરી અમરાવતીને પણ ચારે તરફથી ઘેરી લીધા. પરાક્રમી સુરેન્દ્ર પણ એની શકિતથી બાથ ભીડી ના શક્યા. આ પ્રકારે મત્સરાસુરે સ્વર્ગલોક પર પણ પોતાનો અધિકાર કરી લીધો.

દેવતાગણ જ્યારે અસુરોના અત્યાચાર આતંકથી ત્રસ્ત થઇ ગયા તો બધાએ મળીને કૈલાશ પર્વત પર ગિરિજાપતિ શંકરના ચરણોમાં જઇને ઉપસ્થિત થયા. તેઓ કહેવા લાગ્યા કે ભગવાન દૈત્યોએ તો દેવલોકમાં પણ ઘોર ઉપદ્રવ મચાવી રાખ્યો છે. એમણે પોતાની વિપદ કથા ભગવાન આશુતોષને સંભળાવી. શિવ શંકરે મત્સરાસુરના કુકૃત્યોની ખૂબ નિંદા કરી. દૈત્યરાજે જ્યારે સાંભળ્યું તો તે કૈલાશ પર્વત પર પણ જઇ ચઢ્યો. ત્યાં પણ ત્રિપુરારિ અર્થાત્ ભગવાન શંકરથી પણ દૈત્યએ યુદ્ધ કર્યું. પણ ત્રૈલોક્ય વિજયી અસુરે ત્રિપુરારી શિવને પણ હરાવી દીધા અને એમને પોતાના બંધનમાં બાંધી લીધા અને ભવાનીપતિ તેમજ કૈલાશને પણ પોતાના આધીન કરી લીધું.

ચારે તરફ પોતાનું આધિપત્ય ફેલાવીને અસુરે આખું સામ્રાજ્ય પોતાના પુત્રોને આપી દીધું અને ખુદ મત્સરાવાસમાં રહેવા લાગ્યો. એ નિર્દયી નિષ્ઠુર અને અત્યાચારી દૈત્યોના અત્યંત કઠોર શાસનમાં સતત અનિતિ અને અત્યાચારનું તાંડવ થવા લાગ્યું. દેવતાઓના દુખનું ઠેકાણું ન હતું. તેથી બધા દેવગણ એકત્રિત થઇને દૈત્યોથી બચવાના ઉપાય વિચારવા લાગ્યા, પણ એમને કોઇ માર્ગ દેખાઇ રહ્યો ન હતો, દેવતા ખૂબ જ ચિંતિત અને દુખી થયા.

પોતાની દૈવિક શકિત અને દેવયોગથી ભગવાન દત્તાત્રેય વિષ્ણુ એ દેવ સમુદાયની વચ્ચે ઉપસ્થિત થયા. દેવતાઓની દયનીય સ્થિતિને જોઇને એમણે સલાહ આપી કે તેઓ વક્રતુન્ડના એકાક્ષરી મંત્ર 'ગ'નો જાપ કરે અને એમનું અનુષ્ઠાન કરીને પોતાના દુખોથી છુટકારો મેળવી લે. નારાયણે દેવતાઓને પ્રેરણા આપીને જાગૃત્ત કર્યા.

સમસ્ત દેવતાગણ અને ભગવાન પશુપતિ પણ વક્રતુંડની સ્તુતિ અને એકાક્ષરી મંત્રનો જાપ કરવા લાગ્યા. દેવતાઓની ભકિત અને આરાધનાને જોઇને ભગવાન વક્રતુન્ડ એમના પર પ્રસન્ન થઇ ગયા. તરત જ ફળદાતા વક્રતુંડે કહ્યું - તમે લોકો ચિન્તા ના કરો, હું દૈત્યોના અત્યાચાર અને મત્સરાસુરના ગર્વને ચૂર-ચૂર કરી દઇશ.

ભગવાન વક્રતુન્ડ અર્થાત્ ગણેશના સ્મરણ માત્રથી એમના અસંખ્ય ગણ પોતાની સેના અને શસ્ત્રોથી સુસજ્જિત થઇને એકત્રિત થઇ ગયા. પોતાના ગણોને સાથે લઇને દેવ વક્રતુન્ડ મત્સરાસુરની નગરીમાં જઇ પહોંચ્યા. અસુરોએ પોતાની રાજધાનીમાં અસંખ્ય શત્રુઓની સેનાને જોયા તો ડરના માર્યા કાંપી ગયા અને ભયભીત થઇને પોતાના સ્વામી મત્સરાસુરની પાસે જઇ પહોંચ્યા. તેઓ વિનયપૂર્વક કહેવા લાગ્યા- સ્વામી પરાક્રમી શત્રુઓની સેના જોઇને અમારા હોંશ ઉડી ગયા. એમનાથી બાથ

ભીડવી મુશ્કેલ છે. ત્રૈલોક્ય વિજયી મત્સરાસુરે જ્યારે પોતાના અનુચરોની વાત સાંભળી તો તે અત્યાધિક ક્રોધિત થયો અને પોતાના સૈનિકોને પણ દુર્વચન કહ્યાં. અત્યંત કુપિત અવસ્થામાં તે ખુદ શત્રુથી મુકાબલો કરવા તેમજ એને મિટાવી દેવા માટે રણક્ષેત્રમાં જઈ પહોંચ્યો. ભગવાન વક્રતુન્ડ અને અસુરોમાં ધમાસાણ યુદ્ધ થવા લાગ્યું પણ વિજય કોઈ પક્ષનો ના થયો. મત્સરાસુરના પુત્રોએ શિવજીને સમરમાં મૂર્છિત કર્યા હતા. એનો ક્રોધ જ વક્રતુન્ડ અર્થાત્ ગણેશને હતો તેથી એમના બે ગણોએ અસુરના બે પુત્રોને મૃત્યુને ઘાટ ઉતારી દીધા. પોતાના પુત્રોના મૃત્યુથી રાક્ષસ હેરાન થઈ ગયા. એના દૈત્યોએ એને યુદ્ધ કરવા માટે વધારે ઉત્સાહિત કર્યો. મત્સરાસુર પોતાના અનુચરોની સલાહ પર રણભૂમિમાં વક્રતુન્ડની સામે ઉપસ્થિત થઈ ગયો.

ભગવાન વક્રતુન્ડે ફરી કહ્યું કે હે દુષ્ટ રાક્ષસ, જો તમને સહેજપણ પોતાના પ્રાણોનો મોહ છે તો તરત મારી શરણમાં આવી જા. નહીતર તારે પ્રાણોથી હાથ ધોવા પડશે. મત્સરાસુર વક્રતુન્ડના વિશાળ અને ભયાનક રૂપને જોઈને ડરી ગયો અને ચરણોમાં શીશ નમાવીને ભગવાન વક્રતુન્ડની સ્તુતિ કરવા લાગ્યો.

એક વખત મહર્ષિ ચ્યવને મદની સૃષ્ટિ કરી. મદે મહર્ષિને શીશ ઝુકાવીને પ્રણામ કર્યા. પિતાની આજ્ઞાથી પાતાળ લોક પહોંચ્યા. મદે દૈત્ય ગુરુના ચરણોમાં શીશ નમાવ્યું. દૈત્ય ગુરુએ એનાથી એનો પરિચય પૂછ્યો તો મદે કહ્યું "હું ચ્યવનનો પુત્ર છું, કેમ કે મારા સહોદર મહર્ષિનો પુત્ર છું તેથી તમારો પણ પુત્ર થયો. તમે મને તમારું શિષ્યત્વ પ્રદાન કરો. મારી અભિલાષા છે કે સમસ્ત બ્રહ્માંડનો એકછત્ર રાજા હું જ બનું.

ગુરુ શુક્રાચાર્યએ મદને શિષ્ય બનાવ્યો અને એકાક્ષરી શક્તિ મંત્રી 'હ્રીં'ની દીક્ષા આપી. મદે પોતાના ગુરુના ચરણોમાં પ્રણામ કર્યા અને વનમાં તપ કરવા ચાલ્યો ગયો. મદ નિરાહાર ધ્યાનમગ્ન થઈને તપ કરવા લાગ્યો. તપસ્યા કરતાં-કરતાં હજારો વર્ષ વીતી ગયા અને એના શરીરમાં હાડકાંઓ બાકી રહી ગયા. ચારે તરફ વનસ્પતિ ઉગી ગઈ.

અસુરના આ ઘોર તપથી પ્રસન્ન થઈને ભગવતી પ્રસન્ન થઈ. ભગવતીએ એને સાવધાન કર્યો તો તે જગત્ જનની માતાના ચરણોમાં પડી ગયો. ભગવતી એની સ્તુતિથી પ્રસન્ન થઈ અને વરદાન આપ્યું કે તું નિરોગી રહીશ. બ્રહ્માંડનું અચલ રાજ્ય તને મળશે તથા તારી પ્રત્યેક ઇચ્છા પૂર્ણ થશે.

માતા ભગવતી મદાસુરને વરદાન આપીને અંતર્ધાન થઈ ગઈ. અસુર પ્રસન્ન મુખ સાથે પોતાના નગર પાછો ફર્યો. મદાસુરે પોતાના માટે સુંદર ગૃહનું નિર્માણ કરાવ્યું અને પ્રમાદાસુરની કન્યા લાલસાથી લગ્ન કરીને રહેવા લાગ્યો. પરાક્રમી દૈત્ય એના નગરમાં વસવા લાગ્યા. દૈત્ય ગુરુ શુક્રાચાર્યને પણ મદાસુરના નગરમાં આદરપૂર્વક

લઈ આવ્યા અને એમને રાજ્યપદ પર બેસાડી દીધા અને બધા દૂર-દૂરના દૈત્ય પણ આ કાર્યથી પ્રસન્ન થયા.

દૈત્યરાજ મદાસુર પત્ની લાલસાની સાથે સુખપૂર્વક જીવન વિતાવવા લાગ્યો. એને ત્યાં ત્રણ પુત્ર ઉત્પન્ન થયા. વિલાસી, લોલુપ અને ધનપ્રિય. મદાસુરે ભૂમંડળ પર પોતાનું રાજ્ય સ્થાપિત કર્યું. શકિત અને મદમાં સંપન્ન દૈત્યએ સ્વર્ગ પર આક્રમણ કરીને સુરેન્દ્રને પણ પોતાના આધીન કરી લીધા. ત્રણ નેત્રો અને હાથમાં ત્રિશૂળ ધારણ કરવાવાળા ભગવાન શિવને પણ પરાજિત કરી દીધા. આ પ્રકારે ત્રણે લોક મદાસુરના આધીન થઈ ગયા. સમસ્ત બ્રહ્માંડમાં બર્બર તેમજ ક્રૂર દૈત્યોનું જ શાસન ચાલવા લાગ્યું. ધરતી પર સમસ્ત ધર્મ-કર્મ લુપ્ત થઈ ગયા. દેવતા તેમજ ઋષિ-મુનિઓના દુખની કોઈ સીમા ન રહી.

મદાસુરના અત્યાચારોથી ચિંતિત સનતકુમારની પાસે ગયા અને અસુરોના વિનાશની યુકિત પૂછવા લાગ્યા. સનતકુમારે કહ્યું, ”હે દેવો, તમે વિધિપૂર્વક ભગવાન એકદન્તની આરાધના કરો. તેઓ તમારી પ્રાર્થનાથી પ્રસન્ન થશે અને તમારી મનોકામના પૂર્ણ કરશે.” સનતકુમારે એકાક્ષરી મંત્ર અને એકદન્તનું રૂપ વર્ણિત કર્યું.

એમણે કહ્યું, ” ગણેશના જ એકદન્ત અને ચાર ભુજાઓ છે. એમનું મુખ હાથીની સમાન છે તેથી તેઓ લમ્બોદર છે. એમની સાથે એમની સહચરી સિદ્ધિ અને બુદ્ધિ પણ રહે છે. એમનું બેસવાનું સ્થાન મૂષક છે. એમની નાભિમાં શેષનાગ રહે છે. એમના હાથોમાં પાશ, પરશુ, કમળ અને અભય મુદ્રા છે. તેઓ ભક્તો પર હંમેશાં કૃપાળુ અને અભક્તોના વિનાશી છે. એના પછી સંત મહર્ષિ સનતકુમારે એકદન્ત શબ્દની વ્યાખ્યા પણ કરી. ‘એક’ શબ્દ માયાનો સૂચક છે. તે માયા દેહ સ્વરૂપા તેમજ વિલાસવતી છે. ‘દન્ત’ શબ્દ પરમાત્માનો વાચક છે. તેઓ ગણેશ માયાના ધારક છે અને ખુદ સત્તામાત્ર (પરમાત્મા)થી સ્થિતિમાં છે આથી એમને ‘એકદન્ત’ કહે છે.

મહર્ષિના ઉપદેશ અનુસાર દેવતા ભગવાન એકદન્તની આરાધના કરવા લાગ્યા. એમને તપસ્યા કરતાં ૧૦૦ વર્ષ વિતી ગયા. ત્યારે જ ભગવાન એકદન્ત પ્રગટ થયા. દેવતા તેમજ ઋષિ પ્રસન્ન થયા. એમની સ્તુતિથી પ્રસન્ન પાર્વતી નંદન ગણેશે કહ્યું, ”દેવો, શું કષ્ટ છે.” દેવતાઓએ કહ્યું, ”દૈત્યરાજ મદાસુરનો નાશ અને ધર્મ કર્મની સ્થાપના થાય અને તમારી અચલ ભકિત અમને પ્રાપ્ત થાય. ભગવાન એકદન્ત વરદાન આપીને અંતર્ધાન થઈ ગયા.”

નારદજી તરત મદાસુરની પાસે આવ્યા અને કહ્યું કે દેવતાઓ, બ્રાહ્મણો તથા ઋષિઓએ પોતાના તપથી ભગવાન એકદન્તને પ્રસન્ન કરી લીધા છે અને હવે તેઓ તમારા પ્રાણ હરણ કરશે. કુપિત રાક્ષસ સેના લઈને દેવગણથી યુદ્ધ કરવા માટે ચાલી

નિકળ્યો. રસ્તામાં જ અત્યંત ભયભીત કરી દેવાવાળા મૂષક પર વિરાજમાન મહાકાય નર-કુંજર સામે પ્રગટ થયા. જેમના ચાર હાથોમાં ભયાનક પરશુ, પાશ વગેરે અસ્ત્ર-શસ્ત્ર હતા.

દૈત્ય એકદન્તને જોઈને ડરી ગયો. મદાસુરે દૂત મોકલીને પૂછ્યું કે તે ભયાનક નર-નાગ કોણ છે? દૂતે એકદન્તની નજીક જઈને ચરણ સ્પર્શ કરીને વિનીત ભાવથી કહ્યું, હું ત્રણે લોકના રાજા મદાસુરનો દૂત છું. મારા સ્વામી તમારી વિચિત્ર મૂર્તિ તેમજ રૂપ જોઈને આશ્ચર્યચકિત થઈ ગયા છે. કૃપા કરીને તમે બતાવો કે તમે કોણ છો? તમારું અહીયા આવવાનું કારણ શું છે?

ભગવાન એકદન્તે હસતાં-હસતાં કહ્યું કે હું સ્વાનંદવાસી છું અને અહીયા તારા સ્વામી મદાસુરનો વધ કરવા આવ્યો છું. જો તે પોતાનું જીવન ઇચ્છે છે તો મારી શરણમાં આવો અને દેવતાઓથી વેર છોડી દે.

દૂતે જઈને આ જ સંદેશ પોતાના સ્વામી મદાસુરને આપ્યો. ત્યારે જ એને નારદની વાત યાદ આવી ગઈ. છતાં પણ ક્રૂર અને મદાન્ધ દૈત્ય એમનાથી યુદ્ધ કરવા માટે તત્પર થઈ ગયો. એકદન્તના દિવ્ય શસ્ત્રોને જોઈને પણ તે ના ગભરાયો અને જેવું જ ધનુષ પર બાણ ચઢાવ્યું કે એમનું પરશુ એના હાથ પર આવીને પડ્યું અને દૈત્ય મૂર્છિત થઈને પડી ગયો. ભાન આવવા પર એણે ફરીથી પોતાના દિવ્ય અસ્ત્રોનો પ્રયોગ કરવાનો પ્રયત્ન કર્યો તો એના અસ્ત્ર એકદન્તના હાથમાં ચાલ્યા ગયા.

મદાસુરને હવે ભગવાનના સર્વસમર્થ પરમાત્મા રૂપ હોવા પર સહેજ પણ સંદેહ ના રહ્યો. તે તરત એમના ચરણોમાં પડી ગયો અને પોતાના દોષોની ક્ષમા યાચના કરીને કહેવા લાગ્યો કે મને તમારી શરણમાં લઈ લો તથા પોતાની દૃઢ ભક્તિ પ્રદાન કરો. ભગવાન એકદન્તે કહ્યું - જ્યાં દેવી કર્મ તેમજ મારી પૂજા થાય, ત્યાં ક્યારેય ન જતો. આસુરી ભાવોના કર્મોનું ફળ તું ભક્ષણ કરતો રહેજે. ભગવાન એકદન્તથી વરદાન પ્રાપ્ત કરીને અસુર પાતાળ લોકમાં ચાલ્યો ગયો. ત્યારથી ભગવાન એકદન્તની સ્તુતિ દેવગણોમાં સર્વોત્તમ થઈ ગઈ.

મહોદર

પ્રાચીન સમયમાં તારક નામનો એક અસુર હતો. એણે બ્રહ્માની આરાધના કરીને ત્રૈલોક્યનું સ્વામિત્વ પ્રાપ્ત કર્યું. પોતાના શાસનકાળમાં તારક ઋષિ, મુનિ, દેવગણોને પણ સતાવવા લાગ્યો. દુખિત દેવગણ ભગવાન આશુતોષ અર્થાત્ તરત ફળ આપવાવાળા ભગવાન શંકરની શરણમાં આવ્યા. પણ શિવજી સમાધિમાં લીન હતા. તેથી તેઓ માતા શિવાની શરણમાં પહોંચ્યા. માતા પાર્વતીએ એમને મદદનું આશ્વાસન આપ્યું.

શિવા રૂપવાન ભીલણીનું રૂપ ધારણ કરીને સુગંધિત પુષ્પોને પસંદ કરીને પ્રલયંકારી ભગવાન શંકરની નજીક પહોંચી. ત્રિનયન શિવની સમાધિ ભંગ થઈ. એમણે આકૃષ્ટ કરવાવાળી રૂપમતી સ્ત્રીને જોઈ, તો તે અદૃશ્ય થઈ ગઈ. ત્યારે પ્રલયંકરે પોતાના ધ્યાન દ્વારા પાર્વતીની લીલાને સમજી. શિવ દ્વારા અત્યંત ઉગ્ર પુરુષ મોહ ઉત્પન્ન થયો. ક્રોધમાં આવીને શંકરે કામદેવને ભસ્મ કરી દીધો.

કામની પત્નીએ મહોદરની આરાધના કરી. મહોદરે પ્રસન્ન થઈને કહ્યું, શિવના અભિશાને હું અન્યથા નથી કરી શકતો. પણ હું તારા પતિને રહેવા માટે અન્ય દેહ પ્રદાન કરું છું. ભગવાન મહોદરે કામદેવની પત્નીથી કહ્યું કે હું કામને યૌવન, નારી અને પુષ્પ જેવા સુન્દર વાસનું સ્થાન આપું છું. ગાન, મકરંદ, પુષ્પ, પક્ષી, ઉદ્યાન, વસંત અને ચન્દ્રાદિ તારા સુંદર આવાસ છે.

નર-નારીના અંગોનું પ્રદર્શન, વિષય-વાસનાયુક્ત ક્રીડા, નવા વસ્ત્ર, આભૂષણ વગેરે કામદેવના નિવાસસ્થાન હશે. મોહક ગંધયુક્ત પવન અને વાતાવરણમાં કામદેવ તમે જ રહેશો. કામારિ અર્થાત્ કામના શત્રુ શિવ અને અન્ય દેવતાઓને પણ તું પોતાના વશમાં કરી શકીશ. દ્વાપરમાં ભગવાન કૃષ્ણનો એક પુત્ર થશે, જેનું નામ પ્રદ્યુમ્ન થશે. કામદેવ, તે તું જ હોઈશ અને પછી ગણેશજીએ કહ્યું, તારા મનોભૂઃ સ્મૃતિ, ભૂઃ વગેરે પ્રસિદ્ધ નામ થશે.

શિવ પુત્ર કાર્તિકેયે ભગવાન મહોદરની આરાધના કરી હતી. ગણેશજીએ સદ્યઃ ફળદાતાનું વરદાન આપ્યું. પછી તારકાસુરને મારીને કાર્તિકેયે દેવતાઓને પ્રસન્ન કર્યા.

અસુરોના ગુરુ શુક્રાચાર્યએ શંકરથી ઉત્પન્ન થયેલા મોહાસુરને પોતાનો શિષ્ય બનાવ્યો. મોહાસુરે પોતાની આરાધનાથી સૂર્યદેવને પ્રસન્ન કર્યા. એમની કઠોર તપસ્યાથી પ્રસન્ન થઈને ભગવાન આદિત્યએ અસુરરાજને રોગહીન અને સર્વત્ર વિજયી થવાનું વરદાન આપી દીધું. ખુશીમાં અસુર શુક્રાચાર્યની પાસે પહોંચ્યા તો ગુરુએ એને દૈત્યોના રાજા બનાવી દીધા. દૈત્યોના સમ્રાટ બનીને મોહાસુરે ત્રૈલોક્ય પર વિજય મેળવી લીધો. અસુરના ભયથી દેવતા તેમજ મુનિ વનોમાં જઈને છુપાઈ ગયા. મોહાસુર રૂપવતી પત્ની મદિરાની સાથે સુખથી જીવન વિતાવવા લાગ્યો પણ દુખી દેવતા ભગવાન ભાસ્કરની પાસે ગયા. જેમણે દેવતાઓને એકાક્ષર મંત્ર જાપ અને ભગવાન ગણપતિની સ્તુતિ કરવાનું કહ્યું. એમની સ્તુતિથી પ્રસન્ન થઈને મૂષક વાહન ભગવાન મહોદર (ગણેશ) પ્રગટ થયા અને વરદાન આપ્યું કે તેઓ અસુરોનો નાશ કરશે.

મહોદર મોહાસુરથી યુદ્ધ કરવા ચાલી નિકળ્યા. ત્યારે જ નારદજીએ અસુરને ગણેશના મહાન રૂપનું વર્ણન સંભળાવ્યું અને કહ્યું કે તૂં એમના પરાક્રમ અને સત્ય રૂપને સમજી તથા સર્વેશ્વર ભગવાન ગણપતિની શરણમાં જા. શુક્રાચાર્યએ પણ

ભગવાન મહોદરની શરણમાં જવા માટે કહ્યું. લક્ષ્મીપતિ વિષ્ણુ પણ મોહાસુરની પાસે આવ્યા અને કહ્યું કે દેવ, ઋષિ તેમજ મુનિઓ અને હવે બધાને સુખપૂર્વક જીવન વિતાવવા દો તથા ભગવાન ગણપતિની શરણમાં જાઓ. ત્યારે જ પરમ પ્રભુ તારા અપરાધ ક્ષમા કરી દેશે.

મોહાસુરને બધાની વાતોથી જ્ઞાન થયું. એણે કહ્યું કે હું અખંડ જ્ઞાનનંદ મહોદર ભગવાનની શરણ ગ્રહણ કરું છું. વિનીત ભાવથી મોહાસુરે કહ્યું- એ પરમ પ્રભુને સાદર મારા નગરમાં લાવીને મને કૃતાર્થ કરો. મને એમના અભિનંદન તેમજ સેવાનો સુઅવસર પ્રદાન કરો.

ભગવાન મહોદરે નગરમાં પ્રવેશ કર્યો. મોહાસુરે એમની ભક્તિ તેમજ સ્તુતિ કરી. ભગવાન મહોદર પ્રસન્ન થયા. મોહાસુરના બદલાયેલા સ્વભાવ તેમજ વ્યવહારથી દેવતા ઋષિ, બ્રાહ્મણ તથા ધર્મ-પરાયણ સ્ત્રી-પુરુષ બધા સુખી અને ખુશ થયા.

ગજાનન

શિવ પોતાની શિવાની સાથે કૈલાશ પર્વત પર નિવાસ કરી રહ્યાં હતા. રાજા કુબેર એમના દર્શનાર્થે કૈલાશ પર્વત પર ગયા. ત્યાં જઈને ધન કુબેરે ભગવાન શંકર અને ગૌરાના દર્શન કર્યા. પાર્વતીના અનુપમ સૌંદર્યને કુબેર મુગ્ધ થઈને જોતાં જ રહી ગયા. પણ ભગવતીને તે સારું ન લાગ્યું અને તે ક્રોધિત થઈ ગઈ. જગદ્ જનનીની કોપ-દૃષ્ટિથી કુબેરથી લોભાસુર નામનો દૈત્ય ઉત્પન્ન થયો. જે અત્યંત પરાક્રમી અને પ્રતાપી દૈત્ય હતો. લોભાસુરે પણ દૈત્ય ગુરુ શુક્રાચાર્યથી શિક્ષા લીધી.

શુક્રાચાર્યએ લોભાસુરને પંચાક્ષરી મંત્ર (નમઃશિવાય)નો ઉપદેશ આપ્યો. ગુરુના આદેશ પર લોભાસુર જંગલમાં જઈને એકચિત્ત થઈ પાર્વતી વલ્લભ અર્થાત્ ભગવાન શિવની તપસ્યામાં લાગી ગયો. અનેક વર્ષો સુધી એક જ મંત્રના જાપથી ત્રિનેત્રધારી શિવ પ્રસન્ન થયા અને લોભાસુરથી વરદાન માંગવા માટે કહ્યું. દૈત્ય દેવતાઓમાં શ્રેષ્ઠ દેવ શિવના ચરણોમાં પડીને એમની સ્તુતિ કરવા લાગ્યો. અત્યાધિક પ્રસન્નચિત્ત ચન્દ્રમૌલિ અર્થાત્ મસ્તક પર ચન્દ્રને ધારણ કરવાવાળા શિવે એને બધાથી નિર્ભય થવાનું વરદાન આપી દીધું.

નિર્ભય લોભાસુરે સમસ્ત દૈત્યોની સેના બનાવીને પૃથ્વી પર એકછત્ર રાજ્ય સ્થાપિત કરી લીધું. એના પછી એણે સ્વર્ગ પર આક્રમણ કરી દીધું. સુર અને અસુરોમાં ધમાસાણ યુદ્ધ થયું અને દેવતાઓને હાર મળી. પરાજિત ઇન્દ્ર (સુરેન્દ્ર) વિષ્ણુની પાસે ગયા અને પોતાની દુખદ કથા સંભળાવી.

ભગવાન વિષ્ણુ પણ સુરેન્દ્રની કથા સાંભળીને ક્રોધિત થયા અને ગુસ્સામાં લોભાસુરમાં પહોંચી ગયા. પણ તેઓ પણ પરાજિત થયા. વિજયના મદમાં ડૂબેલા અસુરે

પોતાના દૂતને કૈલાશપતિ ભગવાન પ્રલયંકરની પાસે મોકલ્યા. દૂતે જઈને ભગવાન શિવથી કહ્યું- તમે કૈલાશ પર્વત પર મારા સ્વામી લોભાસુરના અધીન કરી દો નહીતર મારી સાથે યુદ્ધ કરો. શિવને જ્ઞાત તો હતું જ કે મારા જ નિર્ભય વરદાનને કારણે અસુર આટલો દંભી અને અત્યાચારી થઈ રહ્યો છે તેથી તેઓ પણ કૈલાશ પર્વત છોડીને ચાલ્યા ગયા.

પ્રલયંકરના કૈલાશ છોડી જવાથી અસુર લોભાસુર અત્યંત હર્ષિત થયો. બધી સીમાઓમાં એનું રાજ્ય સ્થાપિત થઈ ગયું. એના રાજ્યમાં ધર્મ-કર્મ વગેરે બધાનો નાશ થઈ ગયો. પાપ-કર્મ અને અત્યાચારનું તાંડવ નૃત્ય થવા લાગ્યું. બ્રાહ્મણ, ઋષિ-મુનિ અને એ સમસ્ત નિવાસી યાતના સહન કરવા લાગ્યા.

ત્યારે જ દેવતાઓ અને બ્રાહ્મણોને ઋષિ રૈમ્યએ ગણેશની આરાધના કરવાની સલાહ આપી. દેવગણ ગણેશની આરાધના તેમજ સ્તુતિમાં લાગી ગયા. ભગવાન ગજમુખ (ગજાનન) પ્રસન્ન થઈને પ્રગટ થયા અને દેવતાઓથી કહ્યું, ''તમે નિશ્ચિંત થઈ જાઓ, હું લોભાસુરનું ગર્વ ચૂર-ચૂર કરી દઈશ.'' ગજાનન કામારિ (કામના શત્રુ શિવ)ની પાસે ગયા અને આખું વૃત્તાંત સંભળાવ્યું. શિવજી ગણપતિથી સંમત થઈને લોભાસુરની પાસે ગયા અને એનાથી કહ્યું, ''તું ગજાનનની શરણમાં જઈને શાંતિપૂર્વક જીવન વ્યતીત કરો અથવા પછી મારાથી યુદ્ધ કરવા માટે તૈયાર થઈ જાઓ.''

એની સાથે જ ભગવાન ત્રિલોકીએ ગજમુખનું માહાત્મ્ય લોભાસુરને સંભળાવ્યું. ગુરુ શુક્રાચાર્યએ પણ અસુરને ગજમુખની શરણમાં જવા માટે કહ્યું. લોભાસુરે ગજાનનના મૂળ મહત્ત્વને સમજી લીધું અને એમના ચરણોની વંદના કરવા લાગ્યો. ગજાનને લોભાસુરને સાંત્વના આપી. ભક્ત વત્સલ ગજમુખ એનાથી પ્રસન્ન થયા. દેવતા, બ્રાહ્મણ બધા સુખી થયા. દેવગણ ગજાનનના યશોગાન કરવા લાગ્યા.

લમ્બોધર

એક વખત કામારિ ભગવાન વિષ્ણુના મોહિની રૂપને જોઈને મુગ્ધ થઈ ઊઠ્યાં. ભગવાન વિષ્ણુએ પરિહાસમાં એક પુષ્પનું રૂપ ધારણ કરી લીધું. પ્રલયંકારી શિવ એનાથી ખિજાઈ ગયા અને એમનું રેતસ સ્ખલિત થઈને ભૂમિ પર પડી ગયું. જેનાથી એક મહાબળશાળી દૈત્ય ઉત્પન્ન થયો. જે અસુર આચાર્ય શુક્રાચાર્યની પાસે જઈને એમનો શિષ્ય બન્યો. શિવના ક્રોધથી તે ઉત્પન્ન થયો હતો તેથી ગુરુએ એનું નામ ક્રોધાસુર રાખ્યું.

ક્રોધાસુરની શિક્ષા પૂર્ણ થવાથી એના લગ્ન શમ્બરાસુરની રૂપવાન કન્યાથી થયા. ગુરુની કૃપાથી ક્રોધાસુર અત્યંત ખુશ થયા અને કહ્યું મને એવા મંત્રની દીક્ષા આપો, જેનાથી હું સર્વત્ર યશસ્વી બનું. અસુરોના હિતૈષી શુક્રાચાર્યએ એને સૌર મંત્રની

દીક્ષા આપી. ''ઓઉમ્ ઘૃણિ આદિત્ત'' મંત્રનો તે જાપ કરવા લાગ્યા. એક પગ પર ઊભો વર્ષા-શીત-તાપનું દુખ સહન કરીને કઠોર તપ કરવા લાગ્યો.

ભુવન ભાસ્કર ભગવાન આદિત્ય પ્રગટ થયા અને એને વરદાન માંગવાનું કહ્યું. ભગવાન ભાસ્કર અસુરની ભક્તિથી વધારે પ્રસન્ન હતા. તિમિરારિ અર્થાત્ તિમિરને નષ્ટ કરવાવાળા સૂર્ય નારાયણથી અસુર બોલ્યા, ''સર્વગુણ સંપન્ન ત્રિગુણાત્મક દેવ (ઉત્પત્તિ, સ્થિતિ અને સંહાર) હું આખા બ્રહ્માંડનો નાયક બની જાઉં. હું અમર બનું. નિરોગી તેમજ અદ્‌વિતીય પુરુષ સિદ્ધ થાઉં.'' ક્રોધાસુરના ભયભીત અને વિસ્મીત કરવાવાળા વરદાનોને સાંભળીને સૂર્યનારાયણે કહ્યું, ''તારી ઇચ્છા પૂરી થશે.''

ક્રોધાસુર પ્રસન્નચિત્તે પોતાના નગર આવ્યો. ગુરુને પ્રણામ કર્યા અને પોતાના મહેલમાં પહોંચ્યો. જ્યાં એની પત્નીએ બે પુત્રોને જન્મ આપ્યો હતો. જેમના નામ હર્ષ અને શોક રાખવામાં આવ્યા. ગુરુ શુક્રાચાર્યએ ક્રોધાસુરને દૈત્યરાજના પદ પર આસીન કર્યા. તે સમસ્ત સુખોને ભોગવતો-ભોગવતો પોતાની વિલાસપુરીમાં રહેવા લાગ્યો. એક વખત એણે પોતાના દરબારીઓથી સમસ્ત બ્રહ્માંડ પર વિજય પ્રાપ્ત કરવાની લાલસા પ્રગટ કરી. સમસ્ત અસુર દૈત્યરાજના વિચારોથી પ્રસન્ન થયા અને સહજમાં જ પૃથ્વીને પોતાને આધીન કરી લીધી.

ભૂમંડળની વિજય પછી ક્રોધાસુર સ્વર્ગમાં દેવતાઓ પર વિજય પ્રાપ્ત કરવા ગયો. એના ડરથી બધા દેવગણ ભાગીને ક્યાંક છુપાઈ ગયા. ક્રોધાસુરે વૈકુન્ઠ અને કૈલાશ પર્વત પર પોતાનું રાજ્ય સ્થાપિત કરી લીધું. અંતમાં ભગવાન ભાસ્કરને પણ પોતાના આધીન કરવા માટે એમની પાસે દૂત મોકલ્યો. ભુવન ભાસ્કરજી ડરીને સૂર્ય લોક છોડી ગયા.

અંતમાં દુખી દેવતાઓ અને ઋષિઓએ ગણેશ અર્થાત્ લમ્બોધરની ઉપાસના કરી. લમ્બોધરે પ્રસન્ન થઈને દેવતાઓના દર્શન કર્યા. ગણેશે કહ્યું , તમે ચિન્તા ન કરો, હું ક્રોધાસુરનું ઘમંડ નષ્ટ કરીને એને નષ્ટ કરી દઈશ. આકાશવાણીથી આ સંદેશ અસુરે પણ સાંભળ્યો અને મૂર્છિત થઈ પૃથ્વી પર આવી પડ્યો.

ચેતન થવા પર એની સેનાએ કહ્યું-સ્વામી તમે ચિંતિત કેમ થાઓ છો. સમસ્ત બ્રહ્માંડ આપણા આધીન છે. આપણે પ્રત્યેક શત્રુનો સમૂળગો નાશ કરવામાં સમર્થ છીએ. ક્રોધાસુર પોતાના વીર સૈનિકોની ઉત્સાહજનક વાણી સાંભળીને પ્રેરિત થયો અને પોતાની અજેય સેનાને લઈને યુદ્ધભૂમિમાં જઈ પહોંચ્યો. રણક્ષેત્રમાં મૂષક પર આરુઢ ગજમુખને જોયા. ત્રિનેત્રધારી, લમ્બોધર ગજાનની નાભિમાં શેષનાગ લપેટાયેલા હતા. ગણેશના આવા વિચિત્ર રૂપને જોઈને અસુરના ક્રોધની સીમા ના રહી. પછી શું હતું, ગણપતિની સાથે ભયંકર સંગ્રામ થવા લાગ્યો.

લમ્બોધર પોતાના ગણોની સેનાની સાથે અસુરોનો સંહાર કરવા લાગ્યા. આ બધું જોઈને દેવતા પણ અસુરોને મારવા માટે ગણેશની પાસે આવી ગયા. ગજમુખની અસીમ શક્તિ અને પ્રભાવથી ક્રોધાસુર ઘાયલ થઈને ભૂમિ પર પડવા લાગ્યા. વીર સૈનિક મૃતતુલ્ય થઈ ગયા. આવી અવસ્થા જોઈ ક્રોધાસુરના દુખ અને ક્ષોભનો પારાવાર ન રહ્યો તથા માનસિક ઉદ્વેગથી એણે લમ્બોધરથી કહ્યું, "હે મૂરખ લમ્બોધર! બ્રહ્માંડ વિજયી શૂરવીરની સાથે તૂ યુદ્ધ કરવા ઇચ્છે છે. શું તારી બુદ્ધિ બેડ મારી ગઈ છે. જો તૂ પોતાનું જીવન ઇચ્છે તો તરત મારી શરણમાં આવી જા નહીતર હું તારું લાંબુ ઉદર અત્યારે તીરથી વેધ કરીને રાખી દઈશ. અને પલક ઝબકતાં જ તારો નાશ થઈ જશે."

ભગવાન ગજાનને તરત જ કહ્યું, 'હે મૂરખ અસુર, તૂ વ્યર્થમાં પોતાની પ્રશંસા કરીને કેમ બરાડા પાડી રહ્યો છે. તેં આદિત્ય ભગવાન ભાસ્કરની આરાધના કરીને જે વરદાન પ્રાપ્ત કર્યા હતા, બધા તારા પાપ કર્મોથી સમાપ્ત થઈ ગયા છે. તારા સમસ્ત પુણ્ય નષ્ટ થઈ ચુક્યા છે. હવે હું તારા અધર્મ કર્મોનો નાશ કરીને ધરતી પર પુણ્ય તેમજ ધર્મ-કર્મની સ્થાપના કરીશ. ક્રોધાસુર, તૂ મારા સ્વરૂપ તેમજ સત્તાને નથી જાણતો. હું આનંદસ્વરૂપ બધા ભૂતોમાં વાસ કરવાવાળો છું. હું જન અને વાણીથી પરે છું. પછી તૂ મને કેવી રીતે પરાજિત કરી શકે છે."

અસુર આટલું સાંભળવા પર પણ સંતુષ્ટ ના થયો અને તરત બોલ્યો, " જો તૂ બ્રહ્મ-સ્વરૂપ છે અને મન તેમજ વાણીથી પરે છે, તો બ્રહ્મ ન જન્મે છે, ના મરે છે, પછી તૂ અદૃશ્ય રૂપથી મને કેમ દૃષ્ટિગોચર થઈ રહ્યો છે?"

બુદ્ધિ તેમજ સિદ્ધિ સ્વરૂપ લમ્બોધરે કહ્યું, " હે મૂર્ખ! મારા વામાંગમાં જે સિદ્ધિ છે, તે ફક્ત ભ્રાંતિ સ્વરૂપા છે. બધા જન સિદ્ધિ પ્રાપ્તિ માટે લાલાયિત રહે છે અને ભ્રમમાં પડેલા રહે છે અને જે મારા દક્ષિણાંગ છે, એમાં બુદ્ધિ વિરાજમાન છે જે ભ્રાંતિને ધારણ કરે છે. બુદ્ધિ ખુદ ચિત્તસ્વરૂપા છે. સિદ્ધિ પંચ ભ્રાંતિયુક્ત છે. બુદ્ધિ તેમજ સિદ્ધિ બંને જ લોકોને છળે છે. હું (ગણેશ) સિદ્ધિ અને બુદ્ધિનો પતિ છું.

"તું નથી જાણતો ક્રોધાસુર, નાના પ્રકારના વિશ્વ અને બ્રહ્મ મારા આ ઉદરમાં સ્થિત છે. આથી જગત મને લમ્બોધરના નામથી ઓળખે છે. આખો સંસાર મારા આ ઉદરથી જ ઉત્પન્ન થયો છે અને મારા જ દ્વારા એનું પાલન-પોષણ થાય છે અને હું જ બધાને અંતમાં ઉદરસ્થ કરીને ક્રીડા કરતો રહું છું. હે અસુર! મારા બ્રહ્મ રૂપને સમજ."

"હે અસુર! જો પોતાના પ્રાણોની રક્ષા ઇચ્છતો હોય તો મારી શરણમાં આવી જા. અસુરોના ગુરુ શુક્રાચાર્ય મને પૂર્ણતઃજાણે છે. તમે હજુ સુધી મારા સ્વરૂપને નથી સમજી શક્યા. ના તો હું દેવતાઓનું અનિષ્ટ અને વધ જોઈ શકું છું, ના તો અસુરોનો

સંહાર મને અભીષ્ટ છે. ધર્મમાં લાગેલા લોકોનું હું ભલું કરું છું, એમાં કોઈ શંકા નથી. ધર્માવલમ્બિઓનું હું હંમેશાં પાલન કરું છું.”

ભગવાન લમ્બોધરના વચનોને સાંભળીને ક્રોધાસુરમાં વિવેક જાગૃત્ત થયો અને તે ગજાનના ચરણોમાં વિનીત ભાવથી પડી ગયો. પ્રભુ લમ્બોધર અતિ પ્રસન્ન થયા. અસુર પ્રસન્નચિત્ત ગદ્ગદ ભાવથી એમની સ્તુતિ કરવા લાગ્યો. ભગવાન લમ્બોધરની આજ્ઞાથી તે પાતાળ લોક ચાલ્યો ગયો. જતા-જતા તે પુનઃગણેશઝીના ચરણોમાં પ્રણામ કરીને આશીર્વાદ લઈને પાતાળ લોક ચાલી ગયો.

વિકટ

શેષનાગની શૈયા પર બિરાજમાન ભગવાન વિષ્ણુ જ્યારે પોતાની પત્ની લક્ષ્મી (વૃન્દા)ની પાસે આવ્યા તો એમના શુક્રથી એક અત્યાધિક તેજવાન કામાસુર ઉત્પન્ન થયો. કામાસુર અસુરોના ગુરુ શુક્રાચાર્યની પાસે ગયા અને એમનાથી પંચાક્ષરી મંત્રની દીક્ષા પ્રાપ્ત કરી.

જંગલમાં જઈને ભગવાન સંકરને પ્રસન્ન કરવા માટે અન્ન, જળ ફળ વગેરેનો ત્યાગ કરીને કામાસુર મંત્રનો જાપ અને તપ કર વા લાગ્યો. અનેક વર્ષો પછી ભગવાન શંકર એના પર પ્રસન્ન થયા અને કામારિ અર્થાત્ કામના શત્રુ પ્રગટ થયા અને કામાસુરથી વરદાન માંગવા માટે કહ્યું.

કામાસુર ભગવાન શંકરના દર્શન મેળવીને અત્યંત ખુશ થયો અને મહાદેવન કર્પૂર ગૌરથી યાચના કરી કે -પ્રભુ! મને પોતાની ભકિત પ્રદાન કરો. હું આખા બ્રહ્માંડનો રાજા બનું અને બળવાન, નિર્ભય અને મૃત્યુંજયી થાઉં. સ્વર્ગ અને અપવર્ગના બંનેના બંને પ્રલયંકારી શંકરે કહ્યું તેમ છતાં તેં અત્યંત દુર્લભ વરદાનની યાચના કરી છે છતાં પણ હું તારા પ્રેમથી પ્રસન્ન છું અને તને મનોનુકૂળ વરદાન આપું છું.

એવું કહીને ત્રિશૂળ-પાણી અંતર્ધાન થઈ ગયા. પ્રસન્ન કામાસુર પોતાના ગુરુ શુક્રાચાર્યના ચરણોમાં પ્રણામ કરવા આવ્યો અને પોતાના વરદાનનું વૃત્તાંત સંભળાવ્યું. મહાન દૈત્ય ગુરુએ કામાસુરના લગ્ન મહિષાસુરની પુત્રી તૃષ્ણા સાથે કરાવી દીધા. બધા દૈત્યગણ લગ્નમાં સમ્મિલિત થવા આવ્યા અને કામાસુરના આધીન થઈ ગયા. શુક્રાચાર્યએ કામાસુરને દૈત્યરાજ ઘોષિત કરી દીધા.

કામાસુરે રતિદ નામના સુન્દર નગરને પોતાની રાજધાની બનાવી. એના રાજ્યમાં રાવણ, શમ્બર, મહિષ, બલિ અને દુર્મદ-પાંચ શૂર પ્રધાન હતા. એમના સહયોગથી કામાસુરેય ભૂપતિઓ પર પોતાનો અધિકાર કરવાની યોજના બનાવી અને પોતાના તીક્ષ્ણ બાણોથી સમસ્ત ભૂપતિઓને પોતાને અધીન કરી લીધા. પછી એના મનમાં સ્વર્ગ પર પણ આધિપત્ય કરવાનો વિચાર આવ્યો અને એણે સ્વર્ગ પર પણ ચઢાઈ કરી

દીધી. વ્રજાયુધ ઇન્દ્ર પણ એનો સામનો ના કરી શક્યા અને કામાસુર ત્રૈલોક્યનો રાજા બની ગયો.

ત્રૈલોક્યના રાજા કામાસુરના શાસનમાં ચારે તરફ ધર્મ-કર્મનો વિનાશ, છળ-કપટનું સામ્રાજ્ય ફેલાઈ ગયું. ન્યાય, સત્ય અને વર્ણાશ્રમ સુધી લુપ્ત થઈ ગયા. દેવતા, ઋષિ-મુનિ અને ધાર્મિક જન પર અત્યાચાર થવા લાગ્યા. સ્વાહા, સ્વધા અને ષટકાર વગેરે લુપ્ત થઈ ગયા. આવી વિપત્તિમાં દેવતા પરેશાન થઈને મહર્ષિ મુદ્ગલની પાસે પહોંચ્યા.

દેવતાઓમાં શ્રેષ્ઠ ભગવાન શિવે મહર્ષિ મુદ્ગલથી પૂછ્યું, "ઋષિવર, અમને કામાસુરના ત્રાણ અને અત્યાચારથી બચવાનો ઉપાય બતાવો." મુનિવરે કહ્યું, "તમે મયૂરેશ ક્ષેત્રમાં જઈને તપ કરો. ત્યાં ગણેશ તમારાથી પ્રસન્ન થઈને પ્રગટ થશે અને તમારા કષ્ટોનું નિવારણ કરશે."

શિવ સહિત દેવ સમુદાય મયૂરેશ ક્ષેત્રમાં ગણેશની પૂજા અને એકાક્ષરી મંત્રનો જાપ કરવા લાગ્યા. અશ્રુપરિત નેત્રોથી સ્તુતિ કરતાં રહ્યાં. ભક્ત-પ્રેમી ગણેશે પ્રગટ થઈને કહ્યું, "દેવતાઓ, હું તમારાથી પ્રસન્ન છું, તમારે શું કષ્ટ છે? તમે ઇચ્છાનુકૂળ વરદાન માંગી શકો છો."

દેવતાઓએ કહ્યું, " હે પ્રભુ! કામાસુરના કારણે બધા દેવતા તેમજ ઋષિગણ ચિંતિત છે." ગણેશે કહ્યું, હું કામાસુરનો વધ કરીને દેવતા અને મુનિઓને નિરાપદ કરી દઈશ. તમે સહેજપણ ભયભીત ન થાઓ અને હવે ખુદને સુરક્ષિત સમજો.

આકાશ માર્ગથી આ ઘોષણા કામાસુરે પણ સાંભળી અને પોતાના અનુચર દૈત્યોની સાથે વિચાર વિમર્શ કરીને દેવતા તેમજ મુનિઓ પર આક્રમણ કરી દીધું. ભયભીત દેવ અને ઋષિ મયૂરેશને પોકારવા લાગ્યા. ત્યારે જ વિશાળ રૂપમાં મયૂરેશ-ગજાનન પ્રગટ થયા અને કામાસુરને નષ્ટ કરવાની ઘોષણા કરી.

કામાસુર પોતાના શક્તિશાળી સૈનિકોની સાથે ગજાનની સન્મુખ પહોંચ્યો અને બંનેમાં ધમાસાણ યુદ્ધ થવા લાગ્યું. દૈત્ય ડરથી ભાગવા લાગ્યા. આ ભીષણ યુદ્ધમાં કામાસુરના બે પ્રિય પુત્ર શોષણ અને દુષ્પુર માર્યા ગયા અને કામાસુર અત્યાધિક ક્રોધિત થઈ ગયો. ગણેશથી બોલ્યા, "હે મૂર્ખ, ત્રિલોક્યનો રાજા હું છું. જો તું પોતાની પ્રાણ રક્ષા ઇચ્છે છે તો અહીયાથી ભાગી જા."

પણ હસતા-હસતા મયૂર વાહન વિકટે ઉત્તર આપ્યો, "અરે અસુર, શિવના વરદાનનો તેં ખૂબ જ દુરુપયોગ કર્યો છે. તૂં અધર્મી છે. હું સંસારમાં સ્થિત, સંહારકર્તા તેમજ જન્મ-મૃત્યુ રહિત છું."

" તૂં મને કેવી રીતે મારી શકે છે. પોતાના ગુરુ શુક્રાચાર્યના ઉપદેશનું સ્મરણ કર. મારા બ્રહ્મ સ્વરૂપને સમજ અને મારી શરણમાં આવી જા. નહીતર હું તારું અભિમાન

ચૂર-ચૂર કરીને નિશ્ચય જ તને મારી નાંખીશ.''

મયૂર વાહનના શબ્દોને સાંભળીને કામાસુર અત્યાધિક ક્રોધિત થયો અને પોતાની ગદા ગણેશના ઉપર ફેંકી દીધી પરંતુ તે પ્રભુને સ્પર્શ ન કરીને પૃથ્વી પર પડી. આ જોઈને દૈત્યરાજ કામાસુર મૂર્ચ્છિત થઈને પૃથ્વી પર પડી ગયા. જ્યારે ચેતન થયા તો પોતાનાને દુર્બળ તેમજ અશક્ત જોયા. તે વિચારવા લાગ્યો, જે દેવે શસ્ત્ર વગર મારી આવી દશા કરી દીધી તે તો યુદ્ધમાં મને નિશ્ચિત જ હરાવી દેશે અને મને મારી નાંખશે.

વિચારોમાં ડૂબેલો દૈત્ય સ મજી ગયો કે મયૂર વાહનની અદ્‌ભુત શક્તિ છે. એણે મયૂર વાહન વિકટથી કેટલાય પ્રશ્ન પૂછ્યાં અને સમાધાન મેળવ્યા. પૂર્ણતઃસ્વસ્થ ચિત્ત થવા પર તે ભગવાન ગણેશની શરણમાં આવી ગયો. મૂષક ધ્વજે એને પોતાની ભક્તિ પ્રદાન કરી. કામાસુર શાંત જીવન વિતાવવા લાગ્યો અને દેવતા તેમજ મુનિ પ્રસન્ન થયા. પુનઃ સર્વત્ર ધર્મની સ્થાપના થઈ.

વિઘ્નરાજ

શિવ અને શિવાના લગ્ન પછી એક દિવસ પાર્વતી પોતાની સહેલીઓની સાથે બેસીને વાર્તાલાપ કરી રહી હતી. વાત કરતાં-કરતાં તે હસી પડી અને એમના એ પરિહાસથી એક મનોરમ વિશાળ, મહાન પુરુષ ઉત્પન્ન થઈ ગયો. એને જોઈને હિમગિરિનન્દિની ચકિત થઈ ગઈ. શિવપ્રિયાએ પૂછ્યું, ''હે પુરુષોત્તમ તમે કોણ છો, ક્યાંથી આવ્યા છો અને ક્યાં જશો?''

એ પર્વતાકાર પુરુષે શિવપ્રિયાથી કહ્યું, ''હે માતા, હું તમારા હાસ્યથી હમણાં-હમણાં ઉત્પન્ન થયો છું. આ પ્રકારે હું તમારો પુત્ર થયો. હવે તમે મને આજ્ઞા આપો કે હું તમારી શું સેવા કરું.'' પાર્વતીએ કહ્યું, ''હું શિવજીથી માન કરીને બેઠી છું અને આવી સ્થિતિમાં તેં જન્મ લીધો છો. તેથી માન પરાયણ તારું નામ મમ (મમતા) હશે.''

માતા ગૌરાએ કહ્યું, ''પુત્ર તું ગણેશનું સ્મરણ કર.'' તથા એને ષડાક્ષર મંત્રની દીક્ષા આપી. તે માતાના ચરણ સ્પર્શ કરીને વનમાં તપસ્યા કરવા ચાલ્યો ગયો. વનમાં મમતાની મુલાકાત શમ્બરાસુરથી થઈ. પાર્વતીના પુત્ર મમે એમનાથી પૂછ્યું, ''તમે કોણ છો? અને અહીયા કયા હેતુથી પધાર્યા છો.''

શમ્બરાસુરે કહ્યું, ''શિવાપુત્ર, હું તમને વિદ્યાદાન આપવા આવ્યો છું. શમ્બરે મમને બધી આસુરી શક્તિઓ તેમજ વિદ્યાઓ શીખવાડી દીધી. એ શક્તિઓ તેમજ વિદ્યાને શીખીને મમ ખૂબ જ પ્રસન્ન થયો. મમતાએ શમ્બરાસુરથી કહ્યું, ''હે ગુરુવર, તમે મને આજ્ઞા આપો-હું તમારા માટે શું કરું.'' શમ્બરે કહ્યું, મમ હવે તમે ભગવાન વિઘ્નરાજ (ગણેશ)ની ઉપાસના કરો. એનાથી અપૂર્વ શક્તિશાળી બનવા, સમસ્ત બ્રહ્માંડનું રાજ્ય અને અમરતાનું વરદાન માંગો. ત્યારપછી મારી શરણમાં આવો.''

મમને સમજાવીને શમ્બરાસુર પ્રસન્નતાપૂર્વક પોતાના ઘેર ચાલ્યો ગયો. 'મમ' એ જ સ્થાન પર રહીને ગજાનની સ્તુતિ અને તપસ્યા કરવા લાગ્યો. મમને તપ કરતાં-કરતાં સહસ્ત્રો વર્ષ વીતી ગયા. પ્રસન્ન થઈને ભગવાન ગણનાથ પ્રગટ થયા. એમણે આશીવાદ આપીને કહ્યું, "ભક્ત, હું તારા તપથી ખુશ છું. તું ઇચ્છાનુસાર વરદાન માંગી શકે છે."

મમે ગજાનની વાણી સાંભળીને પોતાના નેત્ર ખોલ્યા અને ગણપતિના દર્શન કરીને આનંદથી વિભોર થઈ ગયો. પછી એમના ચરણ સ્પર્શ કરીને એમની પૂજા-અર્ચના કરી. ભગવાન વિઘ્નરાજે કહ્યું, "મમ, હું તારા પર અત્યાધિક ખુશ છું." મમતાએ કહ્યું, "વરદાતા પ્રભુ! જો તમે મારા પર પ્રસન્ન છો તો મને બ્રહ્માંડનું રાજ્ય, રણના વિઘ્ન-બાધાઓની સમાપ્તિ, અમરણ રૂપ અને શિવાદી દેવતાઓ માટે પણ અજેય રહું-એવું વરદાન આપો. તમે મને અમોઘ શસ્ત્ર પ્રદાન કરો."

ભગવાન વિઘ્નરાજ બોલ્યા, "હે દૈત્યેન્દ્ર નાયક (દૈત્યોના પણ ઇન્દ્ર). તેં દુસ્સાધ્ય વરદાનની યાચના કરી છે પણ હું હવે એને આપવા પર વિવશ છું. આથી તારી ઇચ્છા પૂર્તિનું વરદાન આપું છું." એમ કહીને ભગવાન વિઘ્નરાજ અંતર્ધાન થઈ ગયા. પછી મમ પ્રસન્ન મુદ્રામાં શમ્બાસુરના ઘરે પહોંચ્યા અને ચરણોમાં વંદના કરી. શમ્બાસુર ખૂબ જ ખુશ થયો. મમતાએ ગજાનનથી પ્રાપ્ત વરદાનોની શુભ સૂચના એને આપી. શમ્બાસુરે પોતાની પુત્રી મોહિનીના લગ્ન મમતાસુરની સાથે કરી દીધા.

એક દિવસ શમ્બાસુર ગુરુ શુક્રાચાર્યની પાસે પહોંચ્યો અને મમને પ્રાપ્ત વરદાનોની કથા સંભળાવી. અસુરોના ગુરુ શુક્રાચાર્ય અતિ ખુશ થયા અને શમ્બાસુરની સાથે સમસ્ત અસુર સમુદાયે મમના યશની કથા કહીને મમતાસુરના ભવનમાં પહોંચ્યા. મમતાએ ગુરુજનોના ચરણોમાં પ્રણામ કરીને ભક્તિપૂર્વક પૂજા કરી. ગુરુ શુક્રાચાર્યએ એને દૈત્યાધીશ ઘોષિત કરી દીધા.

મમે પોતાને ત્યાં પધારેલા બધા દાનવ તેમજ દૈત્યોને સારી રીતે સંતુષ્ટ કર્યા. શુક્રાચાર્યએ મહાબળવાન, પ્રેતકાલ, કલાપ, કાલિજિત અને ધર્મહા નામના પાંચ પ્રધાન પણ મયાસુરના નિયુક્ત કરી દીધા. મયાસુરની સેવાથી સમસ્ત અસુર ખુશ થઈને પોત-પોતાની નગરીએ ચાલ્યા ગયા. મમતા પણ પોતાની નિર્મમપુરીમાં સુખપૂર્વક નિવાસ કરવા લાગ્યા. થોડા સમય પછી એની પત્નીએ બે પુત્રોને જન્મ આપ્યો. જેનું નામ ધર્મ અને અધર્મ હતું.

સુખપૂર્વક જીવન વ્યતીત કરીને મમતાસુરને ખૂબ સમય વીતી ગયો તો એક દિવસ મમાસુર ગુરુ શુક્રાચાર્યની પાસે ગયા અને બ્રહ્માંડ વિજય કરવાની ઇચ્છા પ્રગટ કરી. દૈત્ય ગુરુએ કહ્યું પોતાની ઇચ્છા પૂર્ણ કરો પણ વિઘ્નરાજનો વિરોધ ન કરતાં. આ વાતને હંમેશાં યાદ રાખજો કે વિઘ્નરાજની કૃપાથી જ તમને વરદાન પ્રાપ્ત થયા

છે. મમતાસુરે પોતાના વીર સૈનિકો, પુત્રો અને યોદ્ધાઓને લઈને યુદ્ધ કર્યું અને પૃથ્વી તેમજ પાતાળ પર વિજય પ્રાપ્ત કરી લીધો.

આ વિજય પછી મમતાસુરે સ્વર્ગ પર આક્રમણ કરી દીધું. એટલું ભયંકર યુદ્ધ થયું કે લોહીની નદીઓ વહી ગઈ. ત્યાં સુધી કે અસુરની સન્મુખ દેવગણ પણ ના રોકઈ શક્યા. સ્વર્ગ મમતાસુરને અધીન થઈ ગયા. શિવ અને વિષ્ણુ તેમજ સમસ્ત દેવતાઓને બંદી બનાવી લીધા. સ્વર્ગમાં પણ મમતાસુરનું અનૈતિક અને અનાચારનું નિરંકુશ શાસન સ્થાપિત થઈ ગયું.

કારાગારમાં બંધ દેવતા મમતાસુરના અત્યાચારથી બચવાના ઉપાય વિચારવા લાગ્યા. દેવતાઓએ નિર્ણય લીધો કે ભગવાન વિઘ્નરાજ અર્થાત્ ગણેશના એકાક્ષરી મંત્રના જાપથી જ આપણી સુરક્ષા થઈ શકે છે. તેથી સ્નાન વગેરેથી નિવૃત્ત થઈને તેઓ માનસિક રૂપથી ભગવાન વિઘ્નરાજની સ્તુતિ કરવા લાગ્યા. ભાદ્રપદની ચતુર્થીને શેષવાહન વિઘ્નરાજ પ્રગટ થયા. દેવતાઓએ કહ્યું, ''હે પ્રભુ! ધર્મનો નાશ કરવાવાળા મમતાસુરની કારાગારમાં અમે અત્યંત કષ્ટ ભોગવી રહ્યાં છીએ. સર્વત્ર પાપ-સંતાપ અને અનાચર વધી રહ્યો છે. અમે બધા એના કર્મોથી પીડિત છીએ, હવે તમે જ અમારી એનાથી રક્ષા કરી શકો છો.''

ભગવાન ગણનાથે દેવતાઓને સંતુષ્ટ કરતાં કહ્યું, ''હે દેવગણ, તમે પોતાના અભીષ્ટ વરદાનને પ્રાપ્ત કરો.'' અને એવું કહીને વિઘ્નરાજ અંતર્ધાન થઈ ગયા. મમતાસુરે જ્યારે સાંભળ્યું કે ભગવાન ગણનાથ દેવતાઓને અભીષ્ટ વરદાન આપીને ગયા છે તો તે અત્યાધિક ક્રોધિત થયો. મમતાસુર ચિન્તાયુક્ત બેઠો હતો કે મહર્ષિ નારદ એની સન્મુખ પહોંચ્યા. મમતાસુરે અનેક ઉપચારોથી એમની પૂજા અને સ્વાગત કર્યું. નારદજી બોલ્યા, ''મને શેષવાહન વિઘ્નરાજે અહીંયા મોકલ્યા છે. ભગવાન ગણનાથ અધર્મના શત્રુ છે. તેઓ સર્વાત્મા, સર્વસમર્થ, સર્વપાલક અને સર્વવ્યાપી છે. એમના જ કારણે તું શક્તિશાળી બન્યો છે અને બધા તારા પાપકર્મોથી બધા દેવતા કારાગારમાં યાતના ભોગવી રહ્યાં છે. ધર્મનો નાશ થઈ રહ્યો છે. જ્યારે વિઘ્નેશ્વરની આજ્ઞા છે કે તું તરત અધર્મ અને અનાચારને સમાપ્ત કરીને મારી શરણમાં આવી જાઓ નહી તો હું તારો સર્વનાશ કરી દઈશ.

દૈત્યોના ગુરુ શુક્રાચાર્યએ પણ મમતાસુરને આ જ સલાહ આપી કે તારે ઋષિવર નારદની વાત માની લેવી જોઈએ. પણ મમતાસુરે દર્પના કારણે પોતાના ગુરુની વાત પણ ના માની અને વિઘ્નેશ્વર અર્થાત્ ગણપતિથી યુદ્ધ કરવા માટે તત્પર થઈ ગયો. દેવરાજ વિઘ્નરાજે કહ્યું કે મમતાસુર, હું તારું ઘમંડ ચકનાચૂર કરી દઈશ.

મમતાસુર પોતાના પુત્રો અને પરાક્રમી સેનાને લઈને યુદ્ધ મેદાનમાં પહોંચ્યો. અભિમાનમાં અંધ અસુરની દુષ્ટતાને જોઈને વિઘ્નરાજ અત્યંત ક્રોધિત થયા અને

એમણે પોતાનું કમળ અસુર સેનાની વચ્ચે છોડી દીધું. જેનાથી બધા અસુર મૂર્છિત થઈને પડી ગયા. જ્યારે મમાસુર ચેતન થયો તો એણે પોતાની નજીક કમળ અને વિઘ્નરાજને જોયા. વિઘ્નરાજના દર્શન કરતાં જ મમાસુર એમના ચરણોમાં પડીને ક્ષમા માંગવા લાગ્યો.

કરુણામય, દયાવાન ભગવાન ગજાનન એની ભક્તિથી પ્રસન્ન થયા. એમણે કહ્યું, ''તમે પોતાના નિવાસમાં રહીને મારી આરાધના કરો. ધર્મનું પાલન અને શ્રેષ્ઠ કર્મોનું ફળ ભોગવો. જે મારા ભક્ત ન હોય, એમને પ્રેમ, મમતા અને સ્નેહ ભાવથી દાસ બનાવીને મારી ભક્તિમાં લગાવો.''

મમતા અર્થાત્ મમતાસુરે વિઘ્નરાજની આજ્ઞા માનીને એમને પ્રણામ કર્યા અને સમસ્ત દેવગણ તેમજ ગણરાજના ગુણગાન કરતાં-કરતાં પોતાના નગરે ચાલ્યા ગયા.

ધૂમ્રવર્ણ

એક વખત બ્રહ્માજીએ તિમિરારિને કર્મરાજ્યનો અધિપતિ બનાવી દીધો. રાજ્ય નાયકનું પદ મેળવીને સૂર્યદેવના અંતરમાં અહંકાર ઉછરવા લાગ્યો. ભગવાન ભાસ્કર વિચારવા લાગ્યા કે કર્મના પ્રભાવથી બ્રહ્માજી સૃષ્ટિની રચના કરે છે અને લોક પિતામહ કહેવાય છે. કર્મથી વિષ્ણુ જગતનું પાલન, શિવ સંહાર અને અમ્બા પાલન-પોષણ કરે છે. તેથી બધા કર્મના આધીન છે અને એ જ કર્મનો સંચાલક છું તેથી બધાને મારા આધીન થવું જોઈએ.

ધ્યાનમગ્ન તિમિરારિને છીંક આવી ગઈ. એની છીંકથી એક મહાબળશાળી અસુર ઉત્પન્ન થયો. તે પુરુષ અસુર ગુરુ શુક્રાચાર્યની પાસે આવીને બોલ્યો, ''પ્રભુ! મારા સંસ્કાર કરો.'' શુક્રાચાર્યએ ધ્યાન લગાવીને એનું નામ અહમ્ રાખી દીધું. અહમ્ને એમણે ગણેશના સોળ અક્ષરોના મંત્રની દીક્ષા આપી. દીક્ષા લઈને ગુરુની આજ્ઞાથી અહમ વનમાં ચાલ્યો ગયો અને ભગવાન ગણરાજની આરાધના કરવા લાગ્યો.

અહમ્ નિરાહાર રહીને અરણ્યમાં ભગવાન ધૂમ્રવર્ણના લાંબા સમય સુધી મંત્ર જાપ કર્યા. એક દિવસે ધૂમ્રવર્ણ એની ભક્તિથિ પ્રસન્ન થને પ્રગટ થયા અને અહમ્થી વરદાન માંગવા માટે કહ્યું. અહમ્ પ્રભુના ચરણોમાં પ્રણામ કરીને બ્રહ્માંડનું રાજ્ય માંગ્યું. ભગવાન ધૂમ્રવર્ણ તથાસ્તુ કહીને અંતર્ધાન થઈ ગયા.

મૂષક વાહન પ્રભુથી મનોનુકૂળ વરદાન મેળવીને અહમ્ પોતાના ગુરુની પાસે આવ્યો અને આખું વૃત્તાંત ગુરુ શુક્રાચાર્યને જઈ સંભળાવ્યું. અસુર ગુરુ અત્યંત પ્રસન્ન થયા. શુક્રાચાર્યએ અસુર સમુદાયને બોલાવીને એના યશ અને કીર્તિ તેમજ વરદાનનું વર્ણન કર્યું તથા બધા અસુરોએ પ્રપાતી અહમની અધીનતા સ્વીકાર કરી લીધી.

અહંતાસુર માટે એક સુન્દર નગર બનાવવામાં આવ્યું, જેનું નામ વિષયપ્રિય રાખવામાં આવ્યું. અસુર રાજા પ્રમાદાસુરે અહમ્ની યોગ્યતાઓથી ખુશ થઈને પોતાની રૂપવાન કન્યા મમતાથી અહમ્ના પાણિગ્રહણ સંસ્કાર કરી દીધા. થોડા વર્ષ પછી એને ત્યાં સર્વ અને શ્રેષ્ઠ નામના બે પુત્રોનો જન્મ થયો. એક દિવસ રાજા પ્રમાદસુરે અહમ્ને પરામર્શ આપ્યો કે તમે તો ધૂમ્રવર્ણથી બ્રહ્માંડ વિજયનું વરદાન પ્રાપ્ત કરી રાખ્યું છે, તેથી ત્રૈલોક્ય પર વિજય પ્રાપ્ત કરીને સુખ ઉઠાવો.

પોતાના શ્વસુરની વાત સાંભળીને તે પોતાના ગુરુ શુક્રાચાર્યનો આશીર્વાદ લેવા પહોંચ્યો અને આશીર્વાદ પ્રાપ્ત કરીને બ્રહ્માંડ વિજય માટે નિકળી પડ્યો. સર્વત્ર અહંકારી-અહંતાસુરનું સામ્રાજ્ય થઈ ગયું. દેવતા, ઋષિ અને ધર્માત્મા વનો તેમજ કન્દરાઓમાં છુપાઈ ગયા. મદિરા તેમજ માંસનો પ્રેમી અહમ્ નાગાઓ, દેવતાઓ અને મનુષ્યોની કન્યાનું હરણ કરીને એમનું શીલ પણ ભંગ કરવા લાગ્યો. આવા દુષ્કર્મોમાં તે પોતાના આરાધ્ય દેવતાને ભૂલી ગયો.

અહમ્ના રાજ્યમાં એક દિવસે અધર્મ ધારક નામનો અસુર આવ્યો. તે બોલ્યો, 'રાજન! તમે બ્રહ્માંડને જીત્યું છે પણ હજુ અમરગણ ગુફાઓ અને વનોમાં છુપાઈને યજ્ઞાદિ કર્મ કરીને આપણા નાશનો ઉપચાર કરી રહ્યાં છે, કેમ નહી એમના શ્રેષ્ઠ કર્મને નષ્ટ કરીને એમનાથી પણ મુક્ત થઈ જઈએ.' ધારકની આ સલાહ પર અહમ્ એને ધન્યવાદ આપ્યા.

અધર્મ ધારકની વાતો સાંભળીને અસુર રાજા ખુશ થયા અને એને આજ્ઞા આપી કે કોઈ મંદિરોમાં યજ્ઞાદિ ન કરે અને ના તો મંદિરોમાં પ્રતિમા સ્થાપિત કરવામાં આવે. દેવતાઓએ સાંભળ્યું તો તેઓ અત્યંત દુખી થયા. એક-બીજા સાથે વિચાર-વિમર્શ કરવા પર એ નિશ્ચય કર્યો કે ભગવાન ધૂમ્રવર્ણની શરણમાં જવામાં આવે. ભગવાનની કૃપાથી જ એને વરદાન અને વિજય પ્રાપ્ત થયા છે, તેથી એમનું જ સ્મરણ તેમજ તપ કરવામાં આવે.

દેવતાઓની સ્તુતિ અને કીર્તનથી ભગવાન મૂષકધ્વજ પ્રસન્ન થયા. એમણે દેવતાઓને દર્શન આપીને એમની વિપદા સાંભળી. તેઓ બોલ્યા હે દેવગણ! તમે સહેજ પણ ચિંતિત ન થાઓ-હું અહંતાસુરના ઘમંડને ચૂર કરીને એનો વધ કરી દઈશ."

મૂષકધ્વજ ભગવાને સ્વપ્નમાં દૈત્યરાજને દર્શન આપ્યા. દેવાધિદેવની વિકરાળ મૂર્તિને જોઈને અહમ્ ભયભીત તેમજ ચિન્તિત થયો અને સ્વપ્નને પુત્રો તેમજ રાજ્યમાં સંભળાવ્યું. સર્વ તેમજ શ્રેષ્ઠે પિતાથી કહ્યું કે તમે અમારા રહેતા સહેજપણ પરેશાન ના થાઓ અને દેવગણથી ટક્કર લેવા માટે તૈયાર થઈ જાઓ.

અહમ્ની વિચારધારાનું અનુમાન કરીને અને સ્વપ્નનું ફળ થતાં ના જોઈને ગજાનને એને શિક્ષા ન આપવા માટે દેવર્ષિ નારદને એની પાસે મોકલ્યા. દેવર્ષિના લાખ

સમજાવવા પર પણ દૈત્યરાજને સદ્‌બુદ્‌ધિ ન આવી તો અંતમાં ગજમુખે પોતાના 'પાશ' એની પાસે છોડી દીધું. જ્યાં પણ 'પાશ' અસુરોને જોતા, એમને બાંધીને સમાપ્ત કરી દેતા. અસંખ્ય અસુર સૈનિકો અને યોદ્ધાઓના મરી જવા પર ગભરાઈને અહમ્ ગુરુ શુક્રાચાર્યની શરણમાં પહોંચ્યો. શુક્રાચાર્યએ અહંતાસુરને સમજાવીને કહ્યું કે આ તો ગણેશ અર્થાત્ ભગવાન ધૂમ્રવર્ણના પ્રકોપને કારણે થઈ રહ્યું છે. તેથી તું એમની શરણમાં જા, જેનાથી વરદાન પ્રાપ્ત કર્યું હતું.

અસુર ગુરુ શુક્રાચાર્યની સલાહથી અહમ્ ભગવાન ગજમુખ, લમ્બોધર, ગણેશની શરણમાં ગયો. દેવતાઓએ ખુશ થઈને દેવોના દેવ ગણેશની જય-જયકાર કરી. એમની સ્તુતિ અને કીર્તન કર્યું અને સ્વધર્મ પાલન માટે પોત-પોતાના સ્થાન પર ચાલ્યા ગયા. ફરીથી સર્વત્ર ધર્મ અને સદાચારનું રાજ્ય સ્થાપિત થઈ ગયું.

મહાદેવ પુણ્ય કથા ખંડ

એક વખત ભગવાન સૂતજી પોતાના આસન પર વિરાજમાન હતા કે ઋષિ એમની પાસે આવ્યા. એમણે નિવેદન કર્યું કે તમે ભગવાન ગણેશ, પાર્વતીના પુણ્ય ચરિત્ર સંભળાવ્યા. હવે કૃપા કરીને અમને યુગોનો પરિચય આપો. આ સાંભળીને સૂતજીએ કહેવાનું પ્રારંભ કર્યું - હે મુનિઓ-

સ્વયંભુવ મનુએ સપ્તર્ષિઓ દ્વારા સત્ય યુગમાં રચેલા મંત્રોને ચાર વેદો- ઋગ્, યજુ, સામ તથા અથર્વમાં સંગ્રહીત કર્યા. આ યુગમાં વેદ ધર્મના સેતુરુપ માનવામાં આવે છે. આ યુગમાં જ વેદાંગ અસ્તિત્વમાં આવે છે. ત્રેતા યુગમાં જ બ્રહ્માજી બધા મનુષ્યોને ચાર વર્ગોમાં વિભાજિત કરે છે. આ જ યુગમાં જ આશ્રમ વ્યવસ્થાની સંસ્થાનો પણ ઉદય થાય છે. આ જ યુગમાં યજ્ઞોનું પ્રવર્તન થાય છે.

ધર્મના ચાર - સત્ય, જપ, તપ અને દાન -ચરણ હોય છે. જ્યારે ધર્મના ચારેય ચરણ સ્થિર રહે છે ત્યારે સત્ય યુગ, ત્રણ ચરણોની સ્વસ્થતામાં ત્રેતા, બે ચરણોની સ્થિરતામાં દ્વાપર અને ફક્ત એક ચરણના સુરક્ષિત રહી જવા પર કળિયુગ આવે છે. ધર્મની વૃદ્ધિની દશામાં બ્રહ્માવાદી યાજ્ઞિક બ્રાહ્મણ, ધનુર્ધર, શૂરવીર, યુદ્ધ નિપુણ ક્ષત્રિય, ધન-ધાન્ય સંપન્ન વેપાર-અનુરાગી વૈશ્ય તથા સેવાપરાયણ સંતુષ્ટ વૃત્તિ શૂદ્ર ઉત્પન્ન થાય છે.

બધા મન્વતરોમાં આવવાવાળા ત્રેતા યુગમાં ક્ષત્રિય રાજા ભગવાન વિષ્ણુના અંશથી જ ઉત્પન્ન થાય છે. એમના કર્તવ્ય-કર્મ થાય છે- અર્થ, ધર્મ, કામ, યશ, વિજય, બળ અને સુખની પ્રાપ્તિ. આમાં ધર્મનું આચરણ સૌથી પ્રમુખ છે.

ત્રેતા યુગના લોકો યજ્ઞ, દાન, સત્ય અને તપનું પણ અનુષ્ઠાન કરે છે. આ યુગમાં દંડનીતિ ફક્ત મર્યાદા-સ્થાપના માટે જ પ્રયોગમાં લાવવામાં આવી છે. આ યુગના પ્રજાજન હૃષ્ટ-પુષ્ટ, નિરોગી, સ્વસ્થચિત્ત તથા સહસ્ત્ર વર્ષોની આયુવાળા હોય છે.

ત્રેતા યુગમાં યજ્ઞોની પ્રધાનતા હોય છે. આ યજ્ઞોમાં દેવો, વગેરેની પ્રસન્નતાના નિમિત્ત અશ્વાદિ ચતુષ્પાદ પશુઓની બલિ આપવામાં આવે છે. યજ્ઞમાં બલિના રૂપમાં કરવામાં આવવાવાળી હિંસા હિંસા નથી હોતી- ''વેદિ કી હિંસા ન ભવતિ'' - આ શાસ્ત્ર વચન છે. કોટિ-કોટિ દૃષ્ટ ઋષિઓએ આ સ્પષ્ટ ઉદ્ઘોષ કર્યો છે કે યજ્ઞમાં થવાવાળી હિંસાને કોઈ પણ રૂપમાં હિંસા માનવી સર્વથા અનુચિત છે. તેથી ત્રેતાયુગના પ્રાણી નિસંકોચ અને નિશંક ભાવથી યજ્ઞ-પરાયણ રહે છે.

ત્રેતા યુગના સમાપ્ત થવા પર દ્વાપર યુગ આવે છે. આ યુગના લોકોને ત્રેતા યુગના લોકોવાળી સિદ્ધિ સુલભ નથી રહેતી. દ્વાપરના લોકોમાં લોભ, વેપાર વૃત્તિ, તત્ત્વોની અનિશ્ચિતતા, વર્ણોની વિધ્વંશતા, કર્મોની વિપરીતતા, વધ, દંડ માન, દપ, અક્ષમા અને દુર્બળતા વગેરે દુર્ગુણ ઘર કરી જાય છે. ત્રેતા યુગમાં ત્રણ ચરણોમાં સુસ્થિર ધર્મ અહીયા પોતાનું એક ચરણ વધારે ગુમાવી બેસે છે.

આ યુગના પ્રજાજન પ્રત્યેક કાર્યમાં બે માન્યતાઓ, બે વિચાર અને બે ધારણાઓ રાખે છે તથા કોઈ એક નિશ્ચાયાત્મક પર નથી પહોંચતા. અનિશ્ચયને કારણે ધર્મનું તત્ત્વ અવિજ્ઞાત રહે છે અને એનું દુષ્પરિણામ ''મુન્ડે મુન્ડે મતિર્ભિન્ના'' અર્થાત્ બધા પોતાની મનમાની કરે છે.

આ યુગમાં પ્રજાજનોની આયુ ક્ષીણ થવા લાગે છે તથા વાણી, મન અને કર્મથી થવાવાળા દુખોને કારણે એમને સંસારથી જ વિરક્તિ થવા લાગે છે. વૈરાગ્ય ઉત્પન્ન થવા પર તેઓ દુખોથી મુક્તિના ઉપાય પર વિચાર કરવા લાગે છે અને તેઓ ધીમે-ધીમે સાંસારિક પદાર્થોમાં દોષ-દર્શન કરવા લાગે છે. આના ફળસ્વરૂપ એમના હૃદયમાં જ્ઞાનોત્પત્તિ થઈ જાય છે અને જ્ઞાનોત્પત્તિના થતાં જ જીવનો ઉદ્ભાર તેમજ કલ્યાણ થઈ જાય છે.

દ્વાપર યુગના લોકોનો સમય કષ્ટપૂર્વક વીતે છે. એમની પૂર્ણ આયુ બે સહસ્ત્ર વર્ષ સુધી હોય છે તથા લોભ-દ્વેષાદિને કારણે એમને તુચ્છ પ્રકારના દુખ, શોક તેમજ કષ્ટ વગેરે ભોગવવાવ પડે છે.

દ્વાપરની સમાપ્તિ પર કળિયુગનું આગમન થાય છે. આ યુગમાં ધર્મનું ફક્ત એક ચરણ રહી જાય છે અને રોગ, ક્ષુધા, ભય, અનાવૃષ્ટિ, પારસ્પરિક કલહ અને દ્વેષ વગેરેનું સાતત્ય રહે છે. આ યુગના પ્રાણીઓની આયુ સ્વલ્પ હોય છે. ત્યાં સુધી કે ગર્ભમાં જ મૃત્યુ થઈ જાય છે. યૌવનમાં મરી જવું કોઈ મોટી વાત નથી રહેતી. આ યુગના પ્રાણી અલ્પ બળવાળા, પાપી, ક્રોધી, અસત્યભાષી, અધાર્મિક, લોભી, હિંસક, ઈર્ષ્યાળુ, અક્ષમાશીલ, અધીર તથા અભિમાની હોય છે. આ યુગના બ્રાહ્મણ પણ વેદાધ્યયન નથી કરતાં. ક્ષત્રિય યુદ્ધાદિ નિયત ધર્મ છોડીને વેપારી બની જાય છે. શૂદ્ર બ્રાહ્મણોની સાથે મુકાબલો કરે છે અને વૈશ્ય નિકૃષ્ટાચરણવાળા થઈ જાય છે. આ યુગના મનુષ્ય ધર્માધર્મનો વિચાર છોડીને સ્વાર્થ-પરાયણ અને દુરાચારી તથા ભોગ વિલાસને જ જીવનનું સર્વસ્વ માનવાવાળા હોય છે.

આ યુગના લોકોની આયુ, રૂપ અને બળમાં સતત તથા ઉત્તરોત્તર હ્રાસ થતો જાય છે. યજ્ઞ કર્મના ઉચ્છિન્ન થઈ જવાથી અવૃષ્ટિ તથા અતિવૃષ્ટિ વગેરે થવા લાગે છે. જેનાથી અન્નાભાવ થાય છે અને પ્રજા ભૂખ, અભાવ તથા દુખથી પીડિત થઈ જાય છે. ભૂખ-અભાવ અને દરિદ્રતાના ફળસ્વરૂપ ભક્ષ્યાભક્ષ્યનો વિચાર નથી રહેતો. લોકો

મૃગો, વરાહો, વૃષભો અને વનચારિઓ મત્સ્યાદિ જળચરો તથા ચેટક, કપોતાદિ નભચરોને પણ મારી-મારીને ખાવા લાગે છે.

કળિયુગના લોકોની આયુ એક સો વર્ષ હોય છે પરંતુ ખૂબ જ થોડા લોકો જ પોતાની પૂર્ણાયુ જીવી શકે છે. સતત વધતા દુખો-ક્લેશો અને બાધાઓથી કંટાળીને આ યુગના લોકો વિરક્તિની તરફ પ્રવૃત્ત તો થાય છે પરંતુ સ્થિર નથી રહી શકતા. વિરાગ-અનુરાગનું આ ચક્ર ચાલતું રહે છે અને લોકો દુખની ચક્કીમાં પિસતા રહે છે. આ યુગના લોકો આડમ્બર અને પ્રદર્શનમાં પણ વધારે વિશ્વાસ રાખે છે તથા એમની ભક્તિ પણ છળ માત્ર રહે છે. આ જ કારણે આ યુગમાં જીવોનો ઉદ્ધાર નથી થતો.

ઋષિ બોલ્યા - ભગવાન! તમે પૃથ્વી, સૂર્ય, ચન્દ્ર વગેરેની સાથે-સાથે ચતુર્યુગોનો પરિચય આપીને અમારા જ્ઞાનના ક્ષેત્રને પર્યાપ્ત વિસ્તૃત કર્યો છે. અમે તમારા પ્રત્યે કૃતજ્ઞ અને નતમસ્તક છીએ. હવે અમારી ઇચ્છા ભગવાન શંકરની પુણ્ય કથા સાંભળવાની છે. અમારે તમારાથી શ્રદ્ધા અને આદર સહિત શંકરની પુણ્ય કથા સાંભળવાની છે. અમે તમારાથી શ્રદ્ધા અને આદર સહિત પૂછી રહ્યા છીએ. તમે અમને એ વાત બતાવવાની કૃપા કરો કે ભગવાન શંકરને 'પુરારિ' અથવા 'ત્રિપુરારિ' કેમ કહેવામાં આવે છે? કયા અલૌકિક કાર્યને કારણે આ પદવી પ્રસિદ્ધ થઈ?

પહેલાં તમે સંક્ષેપમાં મયની ચર્ચા કરી હવે વિસ્તારપૂર્વક બતાવો.

સૂતજી બોલ્યા - મુનિઓ! પ્રાચીનકાળમાં જનક તથા પ્રબળ પરાક્રમી મહામાયાવી મય નામે એક દાનવ હતો. એક વખત સંગ્રામમાં પરાજિત થઈ જવા પર એણે કઠોર તપનો આશ્રય લીધો. એના સાથી વિદ્યુન્માલી અને તારક નામવાળા દૈત્ય પણ મયની નજીક સ્થિર થઈને તપસ્યા કરવા લાગ્યા. તેઓ ત્રણ ગ્રીષ્મમાં અગ્નિ, સૂર્ય, શીત સહેવા, વર્ષામાં પલળતા-પલળતા અને શરદ કાળમાં જળમાં સ્થિત થઈને શરીરને દુખ આપવા અને ઘોર કષ્ટ સહન કરવા લાગ્યા.

વિપ્રે! આ ત્રણેય જ તપોરત દાનવોએ માંસાહારને ત્યાગ કરીને માત્ર જીવન ધારણ માટે પ્રારંભમાં ફળ-મૂળ અને જળને જ અપનાવ્યો પરંતુ કાલાન્તરમાં નિરાહાર રહીને અને પછી જળનો પણ ત્યાગ કરીને નિર્જળ જ તપ કરવા લાગ્યા. એમના ઘોર-કઠોર તપથી જ્યારે ત્રણેય લોક સન્તપ્ત થવા લાગ્યા તો લોક રક્ષા તથા કર્મફળ પ્રદાનની ઇચ્છાથી બ્રહ્માજી આવીને એમની સમક્ષ જોઈને ત્રણેય જ દૈત્યોએ એમને પ્રણામ કર્યા અને ત્યારે મયદાનવે કહ્યું-"પ્રભુ! તમે જાણો જ છે કે દેવોએ યુદ્ધમાં દાનવોની પિટાઈ કરીને એમને પરાજિત કર્યા છે. દાનવ આ સમયે દેવોથી ભયફીત થઈને અહીં-તહીં માર્યા-માર્યા ફરે છે. જો તમે મારા તપથી પ્રસન્ન છો, તો મને વરદાન આપો કે હું જે દુર્ગનું નિર્માણ કરું, તે દેવો દ્વારા અલંઘ્ય થાય." બ્રહ્માજી બોલ્યા, "વત્સ! તેં તપ દ્વારા સિદ્ધિ તો અવશ્ય પ્રાપ્ત કરી લીધી છે, તેથી હું તને વરદાન આપવા માટે જ

